अप्पु
चनादाल
खमण एवं नमकीन के लिए स्पेश्यल
98242 00970
चाहिए वायरमेन (इलेक्ट्रीशियन) हेल्पर, क्लार्क, दलाल, एजन्ट, सेल्समेन, डीलर आवकार्य
राजकोट

Dhanraj Group

દેશ-પરદેશની
# આજકાલ

રાજકોટ, જામનગર, ભાવનગર, પોરબંદર અને અમદાવાદથી એક સાથે પ્રગટ થતું એક માત્ર દૈનિક

શહેર આવૃત્તિ
પાના-૧૪
મંગળવાર-રાજકોટ
Dt. 02.12.2025

હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઇલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

▸ અંક : ૨૫ ▸ વર્ષ - ૩૦ ▸ માગશર સુદ-૧૨ ▸ સં. : ૨૦૮૨ ▸ કિંમત રૂા. ૪.૦૦ ▸ ફોન : ૦૨૮૧-૨૪૮૧૫૫૭-૫૮ ▸ RNI No. 66361/97 ▸ Postal Reg. No. 541/2019-2021 POST AT RMS RAJKOT www.aajkaaldaily.com dgaajkaal@gmail.com

# જાસુસીનો હોબાળો થતાં કેન્દ્રનો યુટર્ન, એપ ડિલીટ થઈ શકશે

## ડિલીટ કે ડિસેબલ ન થઈ શકે તેવા સંચાર એપ માટે નિર્દેશો આપતા દેશભરમાં ભારે વિરોધ થતાં કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ સ્પષ્ટતા કરવી પડી

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

સરકારે ડીલીટ કે ડિસેબલ ન થઈ શકે એવી સંચાર સાથી નામની સરકારી એપ નવા તમામ મોબાઈલમાં પ્રીઈન્સ્ટોલ કરીને જ આપવાનું હેન્ડસેટ ઉત્પાદક કંપનીઓને આદેશ કરતાં હોબાળો મચી ગયા પછી સરકારે ફેરવી તોળ્યું છે અને જાહેરાત કરી છે કે હવે આ એપને ડીલીટ અને ડિસેબલ કરી શકાશે. સોફ્ટવેર અપડેટની સાથે જ આપોઆપ ફોનમાં ઈન્સ્ટોલ થઈ જતું આ એપ હવે યુઝર પોતાના ફોનમાં ન રાખવા માંગતા હોત તો તેને અનઈન્સ્ટોલ કરી શકશે. આ એપ યુઝર્સની પ્રાઈવસી અને મૌલિક અધિકારોના હનન કરનાર હોવાનો દેશભરમાં ભારે હોબાળો મચી ગયા પછી સરકારે યુટર્ન લેવો પડ્યો છે.

સંચાર સાથી એપને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે, કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ સ્પષ્ટતા જારી કરી છે કેજો તમે એપનો ઉપયોગ કરવા માંગતા હો, તો તેને સક્રિય કરો. જો તમે ન કરો, તો તેને સક્રિય કરવાની કોઈ જરૂર નથી. તે ફરજિયાત નથી. જો તમે ઈચ્છો તો તમે તેને તમારા ફોનમાંથી ડિલીટ કરી શકો છો. તેમણે ઉમેર્યું કે સરકારની જવાબદારી છે કે તે ખાતરી કરે કે આ એપ લોકો માટે સુલભ છે, કારણ કે તેનો હેતુ નાગરિકોને છેતરપિંડી, ઓનલાઈન છેતરપિંડી અને સાયબર ક્રાઈમથી બચાવવાનો છે.

આજે સવારથી જ વિપક્ષ આ મુદ્દે સરકારને ઘેરી રહ્યો હતો અને સોશિયલ મીડિયા પર પણ સરકારની મંછા બાબતે પણ શંકાઓ ઉઠી રહી હતી.આ એપથી યુઝરની પ્રાઈવસી ખતમ થઈ જશે અને તેની તમામ માહિતી સરકારને મળતી રહેશે એમ કહીને વિપક્ષે આ પગલા સામે વિરોધનો અવાજ ઉઠાવ્યો છે. આમ તો સરકાર સાઈબર ફ્રોડ અટકાવવાના એપ તરીકે સંચાર સાથી એપની દરેક મોબાઈલમાં ફરજીયાત બનાવી રહી હતી પણ તેનાથી મોબાઈલ ધારકોની જાસુસી કરવામાં આવશે એવી આશંકા હતી.

ભારતમાં મોબાઈલ સુરક્ષાને મજબૂત બનાવવા અને ઓનલાઈન છેતરપિંડી અટકાવવા માટે, ટેલિકોમ્યુનિકેશન વિભાગ (ડોટ) એ એક નવો નિર્દેશ જારી કર્યો હતો. આ નિર્દેશ હેઠળ, ભારતમાં ઉત્પાદિત અથવા વિદેશથી આયાત કરાયેલા દરેક નવા સ્માર્ટફોનમાં હવે સંચાર સાથી એપ પહેલાથી ઈન્સ્ટોલ કરેલી રહેશે. બધા મોબાઈલ ઉત્પાદકો અને આયાતકારોને આ આદેશનો તાત્કાલિક અમલ કરવા કહેવામાં આવ્યું હતું. આ એપને યુઝર કોઈ રીતે ડીલીટ કે ડિસેબલ કરી શકશે નહીં તેવી વ્યવસ્થા હતી. વિપક્ષે આ એપને પેગાસસ જેવી ગણાવીને સરકાર પર હુમલા કર્યા હતા.

સંચાર સાથી એપ મોબાઈલ વપરાશકર્તાઓને સુરક્ષા પૂરી પાડે છે. જો કોઈ ફોન ખોવાઈ જાય કે ચોરાઈ જાય, તો તેની જાણ મિનિટોમાં કરશે અને તેને બ્લોક કરશે. વધુમાં, આ એપ્લિકેશન નકલી લિંક્સ, સ્પામ કોલ્સ, શંકાસ્પદ સંદેશાઓ અને મોબાઈલ ફોન પર ચાલુ કનેક્શન્સ પર નજર રાખવામાં પણ મદદ કરશે. આ એપ્લિકેશનની ખાસ વિશેષતા એ છે કે વપરાશકર્તાઓને હવે આઈએમઈઆઈ નંબર યાદ રાખવાની ઝંઝટનો સામનો કરવો પડશે નહીં.

કે.સી. રાજસ્થાનના રાજ્યસભા સાંસદ વેણુગોપાલે ટ્વિટર પર લખ્યું કે બિગ બ્રધર નાગરિકો પર નજર રાખવા માંગે છે. ટેલિકોમ્યુનિકેશન વિભાગનો

(અનુ. ૧૧મા પાને)

## સમુદ્રથી ૧,૦૦૦ ફૂટ ઉપર દેશનો સૌથી લાંબો કાચનો સ્કાયવોક



વિશાખાપટ્ટનમમાં કૈલાસગીરી હિલટોપ પર દેશનો સૌથી લાંબો ગ્લાસ સ્કાયવોક બ્રીજ બનાવવામાં આવ્યો છે. આ સ્કાયવોક સમુદ્ર સપાટીથી ૧,૦૦૦ ફૂટ ઉપર છે. રૂા.૭ કરોડના ખર્ચે બનેલ, આ સ્કાયવોકમાં સલામતી માટે ખાસ કાચનો ઉપયોગ કરવામાં આવ્યો છે, અને ફક્ત મર્યાદિત સંખ્યામાં મુલાકાતીઓને જ પ્રવેશ આપવામાં આવશે. સમુદ્રથી લગભગ ૧,૦૦૦ ફૂટ ઉપર ચાલવાનો અને ઊંડાણમાં જોવાનો અનુભવ કેવો હશે? તે રોમાંચ હવે વિશાખાપટ્ટનમના નવા ગ્લાસ સ્કાયવોક પર ઉપલબ્ધ છે. કૈલાસગીરી હિલટોપ પર બનેલ આ સ્કાયવોક આજે સત્તાવાર રીતે ખુલ્યો હતો અને તેને દેશનો સૌથી લાંબો કેન્ટીલીવર ગ્લાસ સ્કાયવોક માનવામાં આવે છે. સુંદર સ્થાન અને અનોખા ડિઝાઇનને કારણે, આ સ્થળ વિઝાગમાં એક મુખ્ય પ્રવાસી આકર્ષણ બની ગયું છે. આશરે રૂ. ૭ કરોડના ખર્ચે બનેલ, આ સ્કાયવોક ડિસેમ્બરની રજાઓ દરમિયાન એક મુખ્ય પ્રવાસી આકર્ષણ બનવા માટે તૈયાર છે.

# એસઆઈઆર મુદ્દે વિપક્ષ ચર્ચાની માગ પર અડગ જોરદાર હોબાળો થયા બાદ કાર્યવાહી સ્થગિત

## એસઆઈઆર પર ચર્ચાની માગ સાથે વિપક્ષે જોરદાર હોબાળો યથાવત રાખતા લોકસભાની અને રાજ્યસભાની કાર્યવાહી આગળ વધી શકી નહીંઃ ત્રણ-ત્રણ વખત કાર્યવાહી સ્થગિત કરવી પડી

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**




સંસદમાં આજે બીજા દિવસે પણ હોબાળાની સ્થિતિ જોવા મળી હતી. એસઆઈઆર મુદ્દે વિપક્ષ ચર્ચાની માગ પર અડગ રહ્યું હતું. વિપક્ષના સાંસદોએ રાજ્યસભા અને લોકસભા બંનેમાં નારેબાજી કરવાનું ચાલુ રાખ્યું હતું. એસઆઈઆર પર ચર્ચાની માગ સાથે વિપક્ષે જોરદાર હોબાળો યથાવત્ રાખતા લોકસભાની અને રાજ્યસભાની કાર્યવાહી આગળ વધી શકી ન હતી. જેના પગલે સભાપતિએ પહેલા ૧૨ વાગ્યે પછી બે વાગ્યે અને અંતે કાલ સુધી એમ ત્રણ-ત્રણ વખત ગૃહને સ્થગિત કર્યાની જાહેરાત કરી હતી. પ્રિયંકા ગાંધીએ સંચાર સાથી એપને ભારતીય નાગરિકોની જાસૂસી કરવા માટેનું હથિયાર ગણાવ્યું હતું.

આજે બીજા દિવસની કાર્યવાહી શરુ થાય તે પહેલા જ સંસદ બહાર વિપક્ષના સાંસદોએ એસઆઈઆર મુદ્દે દેખાવો કરીને ઈરાદા સ્પષ્ટ કરી દીધા હતા. જોકે સંસદમાં કાર્યવાહી શરુ થતાં જ ફરી એકવાર હોબાળો શરુ થઈ ગયો છે. એસઆઈઆર મુદ્દે ચર્ચાની માગ વચ્ચે

(અનુ. ૧૧મા પાને)

### સરકાર દરેક મુદ્દે ચર્ચા કરવા તૈયાર : કિરેન રિજિજુ

લોકસભામાં ગતિરોધ વચ્ચે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે અમે વિપક્ષ સાથે ચર્ચા કરી રહ્યા છીએ. સૌની વાત સાંભળીશું. ચૂંટણી સુધારા હોય કે કોઈપણ મુદ્દો હોય, પીછેહઠ નહીં કરવામાં આવે. સંસદમાં હોબાળો અને નારેબાજી ઠીક નથી.

### વોટ ચોર- ગાદી છોડના નારા લાગ્યા

લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષી સાંસદોએ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા. કેટલાક સાંસદો વેલમાં પહોંચી ગયા. આ દરમિયાન વિપક્ષી સાંસદોએ 'વોટ ચોર ગાદી છોડ' જેવા નારા લગાવ્યા. વિપક્ષી સાંસદોના સૂત્રોચ્ચાર વચ્ચે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ગૃહ સ્થગિત કરી દીધું. આ દરમિયાન ઉપલા ગૃહમાં એસઆઈઆર અંગે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા અને સંચાર સાથી એપનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો.

# માનવ બોમ્બની ધમકીને લીધે ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

## ઈન્ડિગોની ફ્લાઈટ કુવૈતથી હૈદરાબાદ જતી હતીઃ જો કે કશું શંકાસ્પદ હાથ ન લાગ્યું

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

દિલ્હી એરપોર્ટ પર ઈમેઈલથી કુવૈતથી હૈદરાબાદ જતી ઈન્ડિગો ફ્લાઈટમાં માનવ બોમ્બ હોવાની ધમકી મળતા પ્લેનને તાબડતોબ પાછું વાળવામાં આવ્યું હતું અને મુંબઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ફ્લાઈટમાં 'માનવ બોમ્બ' હોવાની ધમકી મળ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. દિલ્હી એરપોર્ટ પર ઈમેઈલ દ્વારા આ ધમકી આપવામાં આવી હતી. અધિકારીઓએ આ ધમકીને ખૂબ જ ગંભીર ગણાવી હતી. ફ્લાઈટ મુંબઈ એરપોર્ટ પર સુખરૂપ ઉતરી ગઈ હતી.

ફ્લાઈટનું મુંબઈ એરપોર્ટ પર ઉતરાણ કરવામાં આવ્યું છે. વિમાન ઉતરતા પહેલા એરપોર્ટ પર તમામ સાવચેતીનાં પગલાં લેવામાં આવ્યા હતા. જો કે, તપાસમાં કશું વાંધાજનક મળ્યું નહોતું અને માનવ બોમ્બની ધમકી પોકળ હોવાનું સાબિત થયું હતું. વિમાનમાં સવાર મુસાફરોની સંખ્યા વિશે તાત્કાલિક કોઈ માહિતી નથી. ઈન્ડિગો એરલાઈન્સ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. તમામ મુસાફરો સુરક્ષિત હોવાનું જણાવ્યું છે. વધુ તપાસ ચાલી રહી છે.

# તમિલનાડુમાં સાયક્લોનની અસરઃ ભારે વરસાદના પગલે શાળાઓ-કોલેજો બંધ

## ચક્રવાત દિત્વાહને ધ્યાનમાં લઈ ત્રણ જિલ્લામાં વહીવટીતંત્ર હાઈ એલર્ટ

**આજકાલ પ્રતિનિધિ**
**ચેન્નાઈ**

શ્રીલંકામાં વિનાશ વેર્યા પછી, ચક્રવાત દિત્વાહ ભારત તરફ આગળ ધપ્યું છે અને નબળું પડી જવાની શક્યતા અને આગાહી છતાં વહીવટી તંત્ર એલર્ટ મોડ પર છે. અતિ ભારે વરસાદ અને પુરની સંભાવનાને પગલે તમિલનાડુના ત્રણ જિલ્લાઓમાં શાળાઓ અને કોલેજો બંધ કરવામાં આવી છે. શ્રીલંકામાં વિનાશ વેર્યા પછી, ચક્રવાત ભારત તરફ આગળ વધી રહ્યું છે, જેના

(અનુ. ૧૧મા પાને)



### કોલંબોના અમુક વિસ્તારો હજુ પૂરગ્રસ્ત

કોલંબોના કેટલાક ભાગો હજુ પણ પૂરનો સામનો કરી રહ્યા છે. ભારતે ઓપરેશન સાગર બંધુ હેઠળ શ્રીલંકામાં ૫૩ ટન રાહત સામગ્રી મોકલી છે. શ્રીલંકન વાયુસેના સાથે સંકલનમાં, ચેતક હેલિકોપ્ટર અને ભારતીય વાયુસેનાના એમઆઈ-૧૭ હેલિકોપ્ટરે મોટા પાયે બચાવ કામગીરી હાથ ધરી, ગર્ભવતી મહિલાઓ, બાળકો અને ગંભીર રીતે ઘાયલ લોકો સહિત ફસાયેલા લોકોને એરલિફ્ટ કર્યા.

દેશ-પરદેશની
આજકાલ
આજકાલ WhatsApp ચેનલમાં જોડાઈને રહો હંમેશા અપડેટ
આજકાલ સંગ રહો હંમેશા અપડેટ
અમારી WhatsApp ચેનલમાં જોડવા માટે અહીં સ્કેન કરો
મેળવો દિવસભરના સમાચાર લાઈવ અપડેટ સાથે, ફોલો કરો આજકાલની WhatsApp ચેનલ
• દેશ-વિદેશના સમાચાર
• વાયરલ વિડીયો
• ઈન્સ્ટાગ્રામ અપડેટ
• યુટ્યુબ વિડીયો
Follow us : aajkaaldaily

# ચાંચ જેવા દાંત, રબ્બર જેવાં હાડકાં આવો હશે ભવિષ્યનો માણસ

## સંશોધનના આશ્ચર્યકારક તારણોઃ માનવીઓ ઉંચા અને મજબૂત બનશે, સુપરકોમ્પ્યુટર જેવું પાવરફૂલ મગજ હશે

**આજકાલ પ્રતિનિધિ**
**ન્યુયોર્ક**

જો તમારા હાડકાં તૂટવાને બદલે રબરની જેમ વાંકાવા લાગે અને તમારા દાંત મજબૂત ચાંચમાં રૂપાંતરિત થઈ જાય તો શું? આ વિજ્ઞાન સાહિત્ય જેવું લાગે છે, પરંતુ તાજેતરના વૈજ્ઞાનિક સંશોધન મુજબ, ૧૦૦ વર્ષ પછી, આગામી સદીના માનવીઓ આજના લોકો કરતા તદ્દન અલગ હોઈ શકે છે. જેમ જેમ આબોહવા પરિવર્તન ઝડપી બને છે, ટેકનોલોજી આગળ વધે છે અને ઉત્ક્રાંતિ ચાલુ રહે છે, માનવ શરીરમાં નોંધપાત્ર ફેરફારો થશે.



વૈજ્ઞાનિકોને કેટલાક સંકેતો મળ્યા છે કે ભવિષ્યના માનવીઓના હાડકાં શાર્કમાં જોવા મળતા લવચીક છતાં મજબૂત કોમલાસ્થિ જેવા હોઈ શકે છે. ન્યુરોસાયન્ટિસ્ટ ડીન બર્નેટના મતે, હાડકાં વધુ આઘાત-શોષક બનશે, જેનાથી ફ્રેક્ચર અને ઈજાઓ ઓછી થશે. વિજ્ઞાનમાં, ૨૦૨૩ માં ૩૧,૦૦૦ હાડપિંજરના એક્સ-રેના -આધારિત વિશ્લેષણમાં હાડકાંને લવચીક બનાવતા જનીનો ઓળખાયા. ૨૦૨૫ ના આનુવંશિક અહેવાલમાં એ પણ બહાર આવ્યું છે કે વિવિધતાઓ ખભાની પહોળાઈ અને પગની લંબાઈને કેવી રીતે બદલી શકે છે.

શેફિલ્ડ યુનિવર્સિટીના ડો. ગેરેથ ફ્રેઝરના મતે, માનવ દાંતમાં પણ નોંધપાત્ર ફેરફારો થઈ રહ્યા છે. પફરફિશથી પ્રેરાઈને, ભવિષ્યના માનવીઓ મજબૂત, ચાંચ જેવા દાંતના બંધારણનો વિકાસ કરી શકે છે. ૨૦૨૩ માં પ્રકાશિત સસ્તન પ્રાણીઓના દાંતની વિવિધતા અને પુનર્જીવિત દંત ચિકિત્સા પરના સંશોધન સૂચવે છે કે માનવીઓ સંપૂર્ણપણે નવી રીતે દાંતને પુનર્જીવિત કરી શકે છે અથવા ફરીથી આકાર આપી શકે છે. પાછલી સદીમાં વિશ્વભરમાં ઊંચાઈ પહેલાથી જ વધી ગઈ છે, અને આ વલણ ઝડપી થવાની ધારણા છે. આનુવંશિક સંશોધન મુજબ, માનવીઓ આગામી ૧૦૦ વર્ષમાં નોંધપાત્ર રીતે ઊંચા થઈ શકે છે.

માનવ મગજ પહેલાથી જ શરીરના અન્ય ઘણા ભાગો કરતાં ઝડપથી વિકસિત થઈ રહ્યું છે. ૨૦૨૩ ના અભ્યાસ મુજબ, ઉત્ક્રાંતિએ આપણા મગજને સુપરકોમ્પ્યુટરની જેમ કાર્ય કરવા માટે વાયર્ડ કર્યું છે, અને ઈયાન પીયર્સન જેવા ભવિષ્યવાદીઓ આગાહી કરે છે કે ૨૦૫૦ સુધીમાં, મગજ-કોમ્પ્યુટર ઈન્ટરફેસ મશીનો સાથે ચેતા પ્રવૃત્તિને એકીકૃત કરશે. આનાથી વધુ સારી યાદશક્તિ, ઝડપી શિક્ષણ અને સમસ્યાનું નિરાકરણ કરવાની ક્ષમતામાં સુધારો થશે. વધુમાં, એમઆઈટી અને બ્રાઉન યુનિવર્સિટીમાં થયેલા ગ્રાઉન્ડબ્રેકિંગ કાર્ય પહેલાથી જ ઉંદરોમાં મેમરી ટ્રાન્સફર અને બિન-ચેપી કોષોમાં મેમરી સંગ્રહની શક્યતા દર્શાવી ચૂક્યા છે. ૨૦૨૪ અને ૨૦૨૫ માં થયેલા અભ્યાસો સૂચવે છે કે ભવિષ્યના માનવીઓ ફક્ત કાર્યકારી યાદશક્તિને જ તીક્ષ્ણ બનાવી શકશે નહીં પરંતુ તેને બાહ્ય રીતે સંગ્રહિત પણ કરી શકશે. જ્યારે માનવીઓ તણાવ, શરમ અથવા ઉત્સાહ અનુભવે છે, ત્યારે તેમની ત્વચાનો રંગ બદલાશે.

૨૦૨૫ માટે અદ્યતન સામગ્રીમાં એક મોટી સફળતા દર્શાવે છે કે કેવી રીતે માળખાકીય રંગ તકનીક કૃત્રિમ ઉન્નતીકરણ દ્વારા જૈવિક ઉત્ક્રાંતિમાં ફાળો આપી શકે છે. ભવિષ્યમાં, માનવ ત્વચા આબોહવા પ્રતિરોધક બની શકે છે.

December 2, 2025 @ 3:55 p

# ગોંડલ, જેતપુર અને શાપર વેરાવળમાં જુગારના દરોડાઃ ૧૦ મહિલાઓ સહિત ૧૭ ખેલી ઝડપાયા

### વેરાવળની દર્શન સોસાયટીમાં જુગાર રમતા છ મહિલા સહિત સાત ઝડપાયાઃ ભોજરાજપરામાં ચાર મહિલા સહિત ૭ પકડાયા

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

શાપર વેરાવળ, ગોંડલ અને જેતપુરમાં જુગારના દરોડામાં પોલીસે ૧૦ મહિલાઓ સહિત ૧૭ પત્તાપ્રેમીઓને ઝડપી લીધા હતાં. ગોંડલ ભોજરાજપરા કુંભારવાડા મામાદેવના મંદિર પાસે આવેલ મહિલાના મકાનમાં એલસીબીએ દરોડો પાડી જુગાર રમતા ચાર મહિલા સહિત સાત શખસોને ઝડપી લઈ રોકડ,મોબાઈલ સહિત કુલ રૂ.૧,૯૭,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.તેમજ શાપર વેરાવળ પોલીસે કોટડા સાંગાણીના વેરાવળ ગામ અને જેતપુર પોલીસે નવાગઢમાં ભાદર નદીના નવા ઓવરબ્રિજ નીચે જાહેરમાં જુગાર રમતા છ મહિલા સહિત ૧૦ શખશોને પકડી પાડી કુલ રૂ.૨૪૦૫૦ નો મુદ્દામાલ કબજે કરી તમામ સામે કાર્યવાહી કરી હતી.

રાજકોટ ગ્રામ્ય એલસીબી પીઆઇ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એચ. સી. ગોહિલ, આર.વી.ભીમાણી તથા ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન બાતમી મળી હતી કે ગોંડલના ભોજરાજપરાના કુંભારવાડા મામાદેવના મંદિર પાસે મહિલાના રહેણાંક મકાનમાં અમુક શખસો જુગાર રમી રહ્યા છે.પોલીસે બાતમીના આધારે દરોડો પાડતા મકાન માલિક ઈન્દુબેન જેન્તીભાઈ માલકિયા (રહે.ગોંડલ ભોજરાજપરા કુંભારવાડા મામાદેવના મંદિર પાછળ) સહીત અશોક ગોવિંદભાઈ સાસાણી (રહે ગોંડલ વોરાકોટડા આવાસ યોજના કવા. નંબર. ૪૪૯), સલીમ હાસમભાઈ બુકેરા (રહે. ગારિયાધાર નવાગામ રોડ),રવજી ઉર્ફે ભગત મેરાભાઈ ઢીલા(રહે. મુ.પરવાળા,ઉમરાળા), દક્ષાબેન ઉર્ફે દ્રષ્ટિ હિરેનભાઈ કિલજી (રહે.ગોંડલ કૈલાસબાગ શેરી ૧૦/૧૧), ભાવનાબેન મગનભાઈ વોરા (રહે.રાજકોટ એટિકા ફાટક પાસે શ્યામ હોલની બાજુમાં શ્રદ્ધા સોસાયટી),વિલાસબેન ભીખાભાઈ ભટ્ટી (રહે. ગોંડલ આશાપુરા ફાટક પાસે રૈયારાજ નગર)ને પકડી પાડી પટમાંથી રોકડ, મોબાઈલ સહિત રૂ.રૂ.૧,૯૭,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી જુગારધારા કલમ હેઠળ તમામ સામે કાર્યવાહી કરી હતી.

શાપર વેરાવળ પોલીસ મથકના પીઆઇ આર.બી.રાણાની રાહબરી હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી.

દરમિયાન મળેલ બાતમીના આધારે કોટડા સાંગાણીના વેરાવળ ગામ સી.એન.જી. પેટ્રોલપંપની પાછળ, દર્શન પાર્ક સોસાયટીમાં જાહેરમા જુગાર રમતા મયુરસીંહ રામદેવસીંહ ચુડાસમા(રહે.વેકરીગામ મોટી બજાર પાસે તા.ગોંડલ),સરોજબેન સુરેશભાઈ રાવલ,રૂપાબેન કાનાભાઈ આજકીયા,રેખાબેન લલીનભાઈ કુંડારીયા(ત્રણેય રહે.શાપર ભકતીધામ સોસાયટી શેરી નં.૩ કોટડાસાંગાણી),શ્રધ્ધાબેન અમીતભાઈ જોષી(રહે.રાજકોટ કોઠારીયા મેઈન રોડ મણીનગર-૪),જયાબેન પરસોતમભાઈ ફળદુ(રહે.વેરાવળ દર્શન પાર્ક સોસાયટી શેરી નં.-૪ કોટડાસાંગાણી),નયનાબેન રમેશભાઈ ગોહેલ(રહે.રાજકોટ જાનકી એપાર્ટમેન્ટની પાછળ ગુરૂદેવ પાર્ક-૧) ને પકડી પાડી રૂ. ૨૨,૪૫૦ કબજે કરી કાર્યવાહી કરી હતી.

જેતપુર ઉદ્યોગનગર પોલીસે નવાગઢમાં ભાદર નદીના નવા ઓવરબ્રિજ નીચે જાહેરમાં જુગાર રમતા બચુ ચુનીભાઈ વડેચા (રહે.જેતપુર નવાગઢ સરધારપુર દબવાજા પાસે જેતપુર),પ્રવિણ મોહનભાઈ પાદરીયા (રહે.જેતપુર નવાગઢ કૈલાસ પાનની બાજુમા),વાલજી દાનાભાઈ પરમાર (રહે.જેતપુર નવાગઢ મોણપર વાસ)ને પકડી રૂ.૧૬૦૦ની રોકડ કબજે કરી જુગારધારા કલમ હેઠળ તમામ સામે કાર્યવાહી કરી હતી.

# ૭૪૧.૯૦ કરોડની ફાળવણીમાંથી જિલ્લા પંચાયતોને મળશે માત્ર ૧૦% રકમ

### ૭૦% ગ્રામ પંચાયતોને અને ૨૦ ટકા તાલુકા પંચાયતોને નાણા પંચની ગ્રાન્ટ મળશે

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે અને ગામડામાં પોતાને શું સુવિધા જોઈએ છે તે ગ્રામજનો જ નક્કી કરી શકે તે માટે સરકારે નાણાપંચની રચના કરી છે. અત્યારે ૧૫માં નાણાપંચ ની કામગીરી ચાલી રહી છે અને તે અંતર્ગત સરકારે બીજો રૂપિયા ૭૪૧. ૯૦ કરોડનો હપ્તો રિલીઝ કર્યો છે. જોકે આ રકમમાં જિલ્લા પંચાયતોના ભાગે તો માત્ર ૧૦% નાણા જ આવશે.

ગામડાના વિકાસ માટે રાજ્ય સરકારે નાણાપંચની ગ્રાન્ટની ફાળવણી માટે જે ધોરણો નક્કી કર્યા છે તે મુજબ કુલ ગ્રાન્ટના ૭૦% નાણા ગ્રામ્ય પંચાયતોને ૨૦% નાણા તાલુકા પંચાયતોને અને ૧૦% નાણા જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ પેટે આપવામાં આવે છે. આ મુજબ ૭૪૧.૯૦ કરોડ માંથી જિલ્લા પંચાયતોને ૭૪.૧૯ કરોડ રૂપિયા, ગ્રામ પંચાયતોને ૭૦% મુજબ ૫૧૯.૩૩ કરોડ અને તાલુકા પંચાયતોને ૨૦ ટકા મુજબ ૧૪૮.૩૮ કરોડની ગ્રાન્ટ મળશે.

આ અગાઉ ૧૫ માં નાણાપંચ અંતર્ગત પ્રથમ હપ્તો રિલીઝ કરી દેવામાં આવ્યો છે. ૨૬૧૯ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ટાઈડ ગ્રાન્ટના પ્રથમ હપ્તા પેટે રૂ.૮૨૯.૫૦ કરોડ અને બીજા હપ્તા પેટે ૭૪૧.૯૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આવી જ રીતે અનટાઈડ ગ્રાન્ટના પ્રથમ હપ્તા પેટે રૂપિયા ૫૩ કરોડ અને બીજા હપ્તા પેટે ૪૯૪.૬૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. નાણાપંચની ગ્રાન્ટ મળ્યા પછી ગ્રામ્ય વિસ્તારોમાં ૪૫,૦૦૦ થી વધુ વિકાસ કામો હાથ ધરવામાં આવશે જેમાં પીવાના પાણી અને સ્વચ્છતાના કામોનો સમાવેશ કરવામાં આવશે. 'સર'ની કામગીરી પૂરી થયા પછી અને મતદાર યાદીની અંતિમ પ્રસિદ્ધિ કરાયા પછી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેનું કામ આગળ વધે તેવી શક્યતા છે. જોકે ચૂંટણી વિલંબમાં મુકાય તેવી પણ વાતો છે. પરંતુ નાણાપંચની ગ્રાન્ટ રિલીઝ કરાયા પછી હવે ગ્રામ્ય વિસ્તારમાં વિકાસ કામોની શરૂઆત મોટા પ્રમાણમાં થશે અને પંચાયતોમાં ચૂંટાયેલી વર્તમાન બોડી આ માટે ખર્ચ કરી શકશે.

# માંગરોળના લોએજ ગામે જુગારમાં ૬૦ લાખ પડાવ્યા બાદ વધુ ૧.૦૩ કરોડની પઠાણી ઉઘરાણી

### યુવકને સમાધાન માટે હોટલે બોલાવી ચેક અને સોનાના ચેનની લૂંટ કરી માર માર્યા અંગે લોએજના હોટલ સંચાલક સહિત બે સામે ફરિયાદ

**આજકાલ પ્રતિનિધિ**
**જૂનાગઢ**

માંગરોળના લોએજ ગામે રહેતા યુવકને ગામના જ બે યુવકો અવારનવાર જુગાર રમવા લઈ જતા હતા. યુવક સાથે છળકપટ કરી બંને શખ્સોએ રૂ.૬૦ લાખ મેળવી લીધા હતા. તેમ છતાં પણ વધુ રૂ.૧.૦૩ કરોડ ની પઠાણી ઉઘરાણી કરી સમાધાનના બહાને યુવકને હોટલે બોલાવી બળજબરીથી બેંકના બે ચેક લખાવી, સોનાના ચેનની લૂંટ કરી યુવકને ગોંધી રાખી ખોટી એટ્રોસિટીની ફરિયાદ અંગે ધમકી આપી માર મારી ઈજાગ્રસ્ત કર્યા અંગે હોટલ સંચાલક સહિત બે સામે માંગરોળ મરીન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ માંગરોળના લોએજ ગામે રહેતા હરદાસભાઈ રામભાઈ ચાંડેરા ને ગામમાં જ રહેતા લાલો હોટલના સંચાલક રામભાઈ ઉર્ફે લાલા ગોવિંદભાઈ ઉર્ફે ગોવા નંદાણીયા તથા હિતેનભાઈ ઉર્ફેકારો ઉર્ફે કાળુ રમેશભાઈ વાઢેર બંને શખ્સો હરદાસભાઈ ને અવારનવાર જુગાર રમવા લઈ જતા હતા. યુવક પાસેથી છળ કપટ કરી બંને શખ્સોએ રૂ.૬૦ લાખ કટકે કટકે મેળવી લીધા હતા. તેમ છતાં પણ બંને યુવકોએ હરદાસભાઈના પરિવારને મારી નાખવાની ધમકી આપી વધુ રૂ.૧.૦૩ કરોડની પઠાણી ઉઘરાણી કરી હતી. ત્યારબાદ બંને શખ્સોએ હરદાસભાઈને રામભાઈ ઉર્ફે લાલાની લાલા હોટલે સમાધાન માટે બોલાવ્યા હતા. અને ત્યાં બંને એ રૂપિયા આપવા છે કે કેમ તેમ જણાવી એચડીએફસી બેન્કના બે ચેક લખાવી લીધા હતા અને રામ ઉર્ફે લાલાએ હરદાસભાઈ પાસેથી ચેક અને ગળામાં ૫ પહેરેલ ૧.૫૦ લાખ ઝુટવી લીધો હતો. અને હિતેન ઉર્ફેકારોએ ચેન સંતાડી દીધો હતો અને હરદાસભાઈને એટ્રોસિટી ની ધમકી આપી હોટલમાં ગોંધી રાખી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જુગારીઓ એ કરેલ. છળકપટ અને પઠાણી ઉઘરાણી કરી માર મારવાની ઘટના અંગે હરદાસભાઈ એ બંને શખ્સો સામે માંગરોળ મરીન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ વધુ તપાસ ઈન્ચાર્જ પીઆઈ રાઠોડે હાથ ધરી છે.

# હળવદમાં શેરમાં રોકાણના નામે ડોકટર સાથે અર્ધલાખનો ફ્રોડ કરનારા ચાર ઝડપાયા

**આજકાલ પ્રતિનિધિ**
**હળવદ**

હળવદ નાં સરા રોડ પર આવેલ ઉમા સોસાયટી માં રહેતા ડો. ચેતનકુમાર લાભુભાઈ જાકાસણીયા (૩૯) એ મોરબી જિલ્લા । સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં સાત મોબાઈલ ધારકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જેના આધારે મોરબી સાયબર ક્રાઈમ ટીમે ચાર શખ્સોઓને ઝડપી લીધા હતા.


(તસવીર : મયુર રાવલ-હળવદ)

હળવદમાં ડોકટર સાથે સ્ટોક એકસચેન્જમાં રોકાણ નામે ૪૮.૧૩ લાખની છેતરપિંડી નો બનાવ બન્યો હતો.હળવદ ના ધન્શયામપુર રોડ પર આવેલ ઉમીયા પાર્ક સોસાયટીમાં રહેતા ડો.ચેતનકુમાર લાભુભાઈ જાકાસણીયાએ આરોપી દીપક મલ્હોત્રા, રોહીત સહિત સાત શખ્સો વિરુદ્ધ સાયબર ક્રાઈમ મોરબી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ફરીયાદી ચેતનને ફેસબુક મેસેન્જર Irina Fedorova આઈ.ડી ઉપરથી સ્ટોક એકસચેન્જમાં રોકાણ કરવા અંગેની જાણકારી આપી રોકાણ કરવામા રસ જાગતા ચેતનને વિશ્વાસમાં લઈ આરોપીઓએ Y96 SIG Customer service વ્હોટસએપ ગૃપ બનાવી તેમા એડ કરી આરોપીઓ પૈકી આરોપી દીપક મલ્હોત્રાએ જુદી જુદી લોભામણી લલચામણી સ્કીમો સમજાવી રોહીતસિંઘ ગૃપ એડમીનને અલગ-અલગ બેંક એકાઉન્ટ નંબર મોકલી તેમાં ૪૩,૫૫,૦૦૦નું રોકાણ કરાવી ફરીયાદી ચેતનકુમારે પોતાની રકમ વિથડ્રો કરવા જણાવતા સર્વિસ ટેક્ષના રૂ. ૪,૫૯,૦૦૦ અલગ એકાઉન્ટમાં ઉપરોક્ત આરોપીઓએ ટ્રાન્જેકશન કરાવી કુલ ૪૮,૧૪, લાખ ની રકમની ઠગાઈ કરી હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે ફરીયાદના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

છેલ્લા ઘણા લાંબા સમયથી સાયબર ક્રાઈમ ગઠીયાઓ શેરમાર્કેટમાં રોકાણ કરાવવા માટે સોશ્યલ મીડીયાના જુદા જુદા પ્લેટફોર્મ પર સ્ટોક એકસચેન્જમાં રોકાણ કરવા અંગે લલચામણી સ્કીમો આપી રોકાણ કરવવાના બહાને ફરીયાદીશ્રીનો સંપર્ક સાધી વ્હોટસએપ ગૃપ Y96 SIG Customer serviceમા એડ કરી તેમા ફરીયાદીને શેર માર્કેટમા રોકાણ કરવાની લલચામણી, લોભામણી લાલચ આપી ફરીયાદી પાસેથી કુલ રૂ.૪૮,૧૪,૦૦૦/- નુ સાયબર ફ્રોડ આચરેલ. જે અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૦૦૮/૨૦૨૫ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ ૩૧૬(૨), ૩૧૮(૪), ૩૧૯ (૨), ૩(૫), ૬૧(૨) તથા આઇ.ટી એકટ કલમ ૬૬(સી) તથા ૬૬(ડી) મુજબનો ગુન્હો નોંધાયેલ હતો.બનાવની તપાસમાં મોરબી સાયબર ક્રાઈમની ટીમ દ્વારા ફ્રોડ આચરનારાઓ અંગે ટેકનીકલી માહીતી મેળવી જુદી જુદી ટીમો બનાવી સાયબર ફ્રોડ આચરનાર ગેંગના કુલ ૦૪(ચાર) આરોપીઓ રાહુલ હર્ષદભાઈ ચૌધરી, ખુશ નવીનભાઈ ભાલોડીયા, જયદિપ રામભાઈ લગારીયા, શ્યામ કિશોરભાઈ રૂપાપરા સમગ્ર કામગીરીમાં પોલીસ ઈન્સ્પેકટર તથા સાયબર ક્રાઈમ પો.સ્ટે ના સ્ટાફ જોડાયો હતો.

# બાંટવાનો ભીમનાથ દોઢ વર્ષથી બંધ છતાં ડાયવર્ઝનના બોર્ડ નહીં મુકાતા લોકોને હાલાકી

### માત્ર ૭૦૦ મીટરનું કામ કેમેય પુરુ થતું નથીઃ દર્દી સહિતના વાહનોએ અર્ધે પહોંચ્યા પછી પાછું વળવું પડે છે

**આજકાલ પ્રતિનિધિ**
**બાંટવા**

બાંટવામાં ભીમનાથ રોડ ઉપર ૭૦૦ મીટર જેટલા ભાગની પહોળાઈ સિમેન્ટ કોન્ક્રીટથી વધારવાના દોઢ વર્ષથી રસ્તો બંધ હોવાનું સૂચના બોર્ડ નહીં મુકાતા ઘેડ પંથકના દર્દીઓ, વિદ્યાર્થીઓ સહિતના લોકો હેરાન-પરેશાન થાય છે જેમાં ઘેડ બગસરા થી એક દર્દીને લઈને આવતા કાનાભાઈ ભીમનાથ રોડમાં છેક આઝાદ ચોક સુધી પહોંચી ગયા ત્યાં રસ્તો બંધ હોવાથી પરેશાની માં મુકાયા અને દર્દીને સહિત ફોરવીલ પાછી વાળવા મુસીબતમાં મુકાયા હતા. ભીમનાથ રોડમાં છેલ્લા । દોઢ એક વર્ષથી પરિસ્થિતિ ભયંકર છે તંત્રની ઘોર બેદરકારીને કારણે લોકોને રાહદારીઓ વિદ્યાર્થીઓને દર્દીઓ હાલાકીમાં મુકાઈ રહ્યા છે ઘેડ પંથકનો મુખ્ય રસ્તો હોય કોઈ જ ડ્રાઈવરજન કે વૈકલ્પિક રસ્તા વગર વારંવાર


(તસવીર : અર્જૂન કરમટા-બાંટવા)

કામ ચાલુ કરી દે છે લોકોને મુસીબતમાં મૂકી દે છે. હાલ ભીમનાથ રોડ ઉપર જે ગટર બનાવ્યા પછી ઉપર સીસી રોડનો કામ ચાલુ હોય કામ તો ફક્ત અંદાજિત ૭૦૦ મીટરની લંબાઈ ત્રણથી પાંચ ફૂટ પહોળાઈમાં સીસી રોડ બનાવવાનો હોય છતાં પણ છેલ્લા । છ સાત દિવસથી ગોકળગાયની ગતિએ આ કામ કરી રહ્યા છે અને કોઈ જ ઢગ ધડા વગરનું આ કામકાજ બે જવાબદારીપૂર્વક ચાલી રહ્યું છે એક છેડે નગરપાલિકાના કન્ટેરર મૂકી રસ્તો બંધ કરી દેવામાં આવ્યો સામે છેડેથી લોકો આ છેડે પહોંચે ત્યારે તેઓને ખબર પડે કે રસ્તો બંધ છે કોઈ જ નીતિ નિયમનું પાલન થતું નથી જવાબદારોની ભૂંડી ભૂમિકા વર્તાઈ રહી છે.

### નગરપાલિકાના અધિકારી અને શાસકો એજન્સીનું નામ આપતા નથી

બાંટવાના ચીફ ઓફિસર બોરખતરીયાને પૂછતા તેઓએ જણાવ્યું કે આ કામ લગભગ અર્બનને આપવામાં આવેલ છે હું માણાવદર ચાર્જમાં છું છતાં કરણભાઈને પૂછો તેવો જવાબ આપીશ પોતાની જવાબદારીમાંથી છટકી રહ્યા હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. નગરપાલિકાના એન્જિનિયર કરણભાઈને કઈ એજન્સીનું પૂછતા તેઓએ ફોન કાપી નાખી પછી જવાબ દેવાનું ટાળ્યું હતું. નગરપાલિકાની ઓફિસે જઈ તેઓને પૂછ્યું તો તેઓએ પહેલા તો મોબાઈલ જતી લેવાની કોશિશ કરી પછી બાદમાં તેઓએ જણાવ્યું કે મારે સાહેબનો ફોન આવ્યો તેથી મેં ફોન કાપી નાખ્યો શું તમે મને વારે ઘડીએ હેરાન કરો છો કયા કામની વાત કરો છો તમે મને શા માટે હેરાન કરો છો તમારે જવાબ જોતો હોય કે બાઈટ જોતી હોય તો લેખિતમાં આપો ત્યારબાદ પાલિકા પ્રમુખ સુનિલ જેઠવાણીને પૂછતા તેઓએ પણ ગોળ ગોળ જવાબ આપી રહ્યા હોય અને કહ્યું કે આ કામ જેડી કન્ટ્રકશન કે અર્બન ડેવલોપમેન્ટ ને આપેલું છે મારે જોવું પડશે હાલ તો રોડના કોઈ ટેન્ડર અપાણા નથી ફક્ત ભૂગર્ભ ગટરની ખોદકામ થયું તે ગાળામાં જ સીસી રોડ કરવાનું છે

# જયાનંદ ધામ જિનાલયે ગુરૂવારે પૂનમ નિમિત્તે મહાઆરતીનું આયોજન

**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**

આચાર્ય દેવ જયશેખર સૂરીશ્વર મ. સા. આદી ઠાણાની પ્રેરણાથી જયધર્મ કલ્યાણ નિધિ ટ્રસ્ટ સંચાલિત જયાનંદ ધામ નવગ્રહ જિનાલય ખાતે તા.૪ ડિસેમ્બર માગસર સુદ પૂનમ, ગુરુવારનાં સવારે ૮:૧૫ કલાકે મહાઆરતી તથા મંગળ દીવો નું આયોજન કરવામાં આવેલ છે ત્યારબાદ ભાતુ આપવામાં આવશે જેના લાભાર્થિ તરુણભાઈ જે મહેતા પરિવાર ભારતી મહેતા તરફથી આપવામાં આવશે. તો સર્વે દર્શન પૂજા તથા ભાતાનો લાભ લેવા વિનંતી સાથે શ્રીસંઘ લાભાર્થી પરિવારની ભૂરી ભૂરી અનુમોદના કરે છે. જયાનંદ ધામ જૈન સંઘ રાજકોટના મહેશભાઈ મણીયાર, વિપુલભાઈ દોશી, દિલેશભાઈ શાહ , કેતનભાઈ રાવલીયા, કપિલભાઈ જસાણી, નિર્મળભાઈ શાહ, વિશાલભાઈ શાહ, નીરવભાઈ શાહ, મિલનભાઈ શાહ, કેતનભાઈ દોશી, દિપકભાઈ શેઠની યાદી જણાવે છે.

## આવતીકાલનું રાશી ભવિષ્ય

**મેષ (અ.લ.ઈ.)**
સામાજીક સ્તરે તમો છવાયેલા રહેશો. ગ્રહોનું ભ્રમણ ન ધારેલી સફળતા અપાવે. પ્રવાસ થાય.

**વૃષભ (બ.વ.ઉ.)**
વ્યવસાયિક પરત્વે કોઈ ન ધારેલી વ્યક્તિની મદદ મળે. નોકરીમાં પ્રમોશન-બદલીનો ચાન્સ.

**મિથુન (ક.છ.ઘ.)**
મહત્વકાંક્ષાઓ ફળવાની છે, છતાં મહત્વના નિર્ણયો બાબત ઉતાવળ ન કરવી. યાત્રા-પ્રવાસમાં અનુકુળતા રહે.

**કર્ક (ડ.હ.)**
ભાગીદારો સાથે મોટી યોજના બાબત મીટીંગનું આયોજન થાય. વિદેશ જવાની તક માટે સારો દિવસ.

**સિંહ (મ.ટ.)**
સકારાત્મક વિચારો દ્વારા સફળતા મેળવશો. મનગમતી વ્યક્તિની મુલાકાત થાય. શેર સટ્ટામાં લાભ

**કન્યા (પ.ઠ.ણ.)**
અધિકારી વર્ગનો સહકાર સારો રહેવાનો. નોકરીમાં નવી ઓફર. ભાઈ-બહેનોનો સહકાર રહે.

**તુલા (ર.ત.)**
પરિવારના સભ્યોની જરુરીયાતો વધવાની. નોકરીમાં કાર્યભાર રહેવાનો. માનસિક ટેન્શન રહેવાનું છે.

**વૃશ્ચિક (ન.ય.)**
પ્રતિષ્ઠ । જાળવવા મહેનત જરુરી રહેશે. આવકનું પ્રમાણ જળવાઈ રહેવાનું છે. કાનૂની પ્રશ્નો ટાળવા.

**ધન (ભ.ધ.ઢ.ફ.)**
સંસ્થામાં કોઈ સારો હોદ્દો મળવાનો. બેન્કના કાર્યોમાં સફળતા મળવાની છે. ગુસ્સાને કાબુમાં રાખો.

**મકર (ખ.જ.)**
હિતેચ્છુની સલાહ ઉપયોગી રહેવાની છે. લગ્ન ઈચ્છુકોને માટે સારો સમય કહી શકાય. પ્રવાસ થાય.

**કુંભ (ગ.સ.શ.ષ.)**
નવી યોજના લાભદાયક રહેવાની છે. નોકરીમાં પ્રમોશનના ચાન્સ ઉભા થાય. કર્જમાં રાહત રહે.

**મીન (દ.ચ.ઝ.થ.)**
નિકટના સાથીઓનો સાથ સહકાર મેળવવા તમારે પણ સાથીઓને સમજવાની કોશિષ કરવી.

### ગોચરના ગ્રહો

| | | | |
|---|---|---|---|
| સૂર્ય-વૃશ્ચિક | મંગળ-વૃશ્ચિક | રાહુ-કુંભ | કેતુ-સિંહ |
| બુધ-તુલા | ગુરૂ-કર્ક | હર્ષેલ-વૃષભ | પ્લુટો-મકર |
| શુક્ર-વૃશ્ચિક | શનિ-મીન | નેપચ્યુન-મીન | ચંદ્ર-મેષ |

### તારીખીયું

તા.૦૩-૧૨-૨૦૨૫ વાર ★ બુધવાર
તિથિ માગસર સુદ-૧૩, સૂર્યોદય ૬-૧૨
સૂર્યાસ્ત ૬-૦૦, જૈન નવકારશી ૮-૦૦

**બાળકોની રાશિઃ મેષ**

# પ્રભાસપાટણની સોરઠ મહેલ-સહયોગ સાગર રેસ્ટોરન્ટનાં માલિકો સામે ગુનો

### પરપ્રાંતના શ્રમિકોને કામે રાખી પોલીસમાં જાણ ન કરતા એસઓજીની કાર્યવાહી

**આજકાલ પ્રતિનિધિ**
**પ્રભાસપાટણ**

ગીરસોમનાથ જીલ્લામાં પરપ્રાંતના કર્મચારી મજુરોને કામે રાખનાર સંચાલક, મજૂર ઠેકેદારો, કોન્ટ્રાકટર, સપ્લાયર્સ તથા અન્ય કોઈ કર્મચારી,મજુરોને કામે રાખનારાઓએ આવા કર્મચારી,મજુરોને કામે રાખે ત્યારે નિયત નમુના મુજબની માહિતી સબંધિત પોલીસ સ્ટેશન ખાતે પુરી પાડવા અંગે જીલ્લા મેજી.ગીરસોમનાથ તરફથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ હોય તેની કડક અમલવારી કરાવવા માટે ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદિપસિંહ જાડેજા ના માર્ગદર્શન અનુસાર તા.૩૦/૧૧ના એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર




ડી.એમ.કાગડાની રાહબરી હેઠળ એસઓજી શાખાના દેવદાનભાઈ કુંભરવાડીયા, મેરામણભાઈ શામળા એએસઆઈ વિપુલભાઈ ટીટીયા, ગોપાલભાઈ મકવાણા પો.હેડ કોન્સ. મહાવિરસિંહ જાડેજા તથા કૈલાશસિંહ બારડ પો.કોન્સ.એ પો.સ્ટાફ જમ્મુ કશ્મીરના રાજયના લેફટ ગર્વનરનો ગીરસોમનાથ જીલ્લાના પ્રવાસ કાર્યક્રમ સબબ પ્રભાસ પાટણ વિસ્તારમાં પરપ્રાંતના કર્મચારી મજુરોને કામે રાખનાર હોટલ,રેસ્ટોરન્ટ ચેકીંગની કામગીરીમાં હતા દરમ્યાન રેસ્ટોરન્ટ સંચાલકોએ પોતાની સોરઠ મહેલના સંચાલક ફારૂક સુલેમાનભાઈ કાલવાત, મોહંમદ આરીફ સુલેમાનભાઈ ભાદરકા સહયોગ સાગર નામના રેસ્ટોરન્ટમાં પરપ્રાંતીય મજુરોને કામે રાખી સબંધીત પોલીસ સ્ટેશન જાણ નહી કરતા બંને રેસ્ટોરન્ટ માલીક વિરૂધ્ધ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં જાહેરનામાં ભંગ અંગેનો ગુન્હો નોંધી કાર્યવાહી કરી હતી.

# મોરબીમાં મહિલા પર જીવલેણ હુમલાના કેસમાં બે આરોપીને ૧૦ વર્ષની કેદ

### બંને આરોપીને ૧૦ વર્ષની કેદ અને રૂા.૩૧-૩૧ હજારનો દંડ ફટકારતી કોર્ટ

**આજકાલ પ્રતિનિધિ**
**મોરબી**

મોરબીમાં મહિલા પર તલવાર વડે જીવલેણ હુમલો કરનાર બે આરોપીને કોર્ટે ૧૦ વર્ષની સખ્ત કેદ અને બંને આરોપીને રૂ ૩૧-૩૧ હજારનો દંડ ફટકાર્યો છે અને ભોગ બનનાર મહિલાને રૂા.૫૦,૦૦૦ વળતર ચુકવવા આદેશ કર્યો છે

જે કેસની પ્રાપ્ત વિગતો મુજબ વર્ષ ૨૦૧૭ માં મોરબી ઉમા વિલેજ સોસાયટીમાં રહેતી રેશ્માબેન ગીરીશભાઈ વિડજા નામની મહિલાએ આરોપીઓ ભીખા રૂપા પરમાર અને અશોક રૂપા પરમાર વિરુદ્ધ સીટી બી



ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે આરોપી ભીખાભાઈના પત્ની કાંતાબેનને પતિ સાથે અણબનાવ બનતા રેશ્માબેન સાથે રહેવા આવી ગઈ હતી જે વાતનું મનદુઃખ રાખી રેશ્માબેન એકટીવા પર જતા હતા ત્યારે તલવાર વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી પોલીસે ફરિયાદ નોંધી આરોપીઓને ઝડપી લીધા હતા

જે કેસ મોરબી કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ વી સી જાનીએ કોર્ટમાં રજુ કરેલા પુરાવાઓ અને દલીલોને ધ્યાને લઈને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ પી વી શ્રીવાસ્તવ સાહેબની કોર્ટે બંને આરોપીઓને કસુરવાન ઠેરવ્યા હતા આરોપી દેવજીભાઈ ઉર્ફે ભીખાભાઈ રૂપાભાઈ પરમાર અને અશોકબાહી રૂપાભાઈ પરમારને ૧૦ વર્ષની કેદની સજા અને બંને આરોપીને રૂ ૩૧-૩૧ હજારનો દંડ ફટકાર્યો છે જે દંડની રકમમાંથી ભોગ બનનાર મહિલાને રૂ ૫૦,૦૦૦ વળતર ચુકવવા કોર્ટે આદેશ કર્યો છે

Printer and Publisher : Chandresh Dhanraj Jethani, Owner : Dhanraj News & Media Pvt. Ltd., Printed at Aajkaal Printing Press, 1 - Rajput Para, Near Gaisford Talkies, Rajkot.
and Published from Aajkaal Karyalaya, 9th Floor, Dhanrajni Bldg., Dr. Yagnik Road, Rajkot, Gujarat. *Editor Kana Bantva, Responsible for Selection and Publication of News under PRB Act.

# ગોંડલના દંપતીની બગદાદના વેપારી સાથે રૂપિયા ૧.૬૩ કરોડની છેતરપિંડી

## મગફળી અને તલનો માલ સપ્યાલ કરવા માટે ૧,૮૭, ૯૨૦ અમેરિકન ડોલર મેળવી લીધા બાદ માલ ન મોકલ્યો: ગોંડલમાં કર્તવ્ય ઈનકોર્પોરિશન પેઢીના સંચાલક દપંતી સામે ફરિયાદ

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

ગોંડલના દંપતીએ ઈરાકના બગદાદમાં રહેતા વેપારી સાથે રૂપિયા ૧.૬૩ કરોડની છેતરપિંડી કર્યા અંગે ગોંડલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ગોંડલમાં રહેતા આ દંપતિએ પોતે ઈમ્પોર્ટ- એક્સપોર્ટનો વ્યવસાય કરતા હોવાનું કહી મગફળી અને તલનો માલ એક્સપોર્ટ કરવા માટે બગદાદના વેપારી પાસેથી અમેરિકન ડોલરમાં રકમ ટ્રાન્સફર કરાવી લીધા બાદ આ માલ ન મોકલી છેતરપિંડી આચરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, તમિલનાડુના મદુરાઈમાં રહેતા રામકુમાર નાગનાથ (ઉ.વ. ૪૯) દ્વારા ગોંડલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગોંડલના ગાયત્રીનગરમાં રહેતા અને કર્તવ્ય ઈનકોર્પોરિશન પેઢીના સંચાલક સોનલ પટેલ તથા તેના પતિ પૂર્વીશ પટેલના નામ આપ્યા છે. રામકુમાર નાગનાથે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ લીગલ કન્સલ્ટન્ટ તરીકેનું કામ કરે છે ઈરાકના બગદાદમાં વાદી અલશાહદ કંપની ફોર જનરલ ટ્રેડિંગ કંપની લિમિટેડના માલિક અબ્દુલ્લા રજાક રાધીની કંપનીનું ભારતમાં તે તથા મહંમદ યુસુફ અંસારી(રહે. રાજલક્ષ્મીનગર પુનાગ્રામ) છેલ્લા પાંચ વર્ષથી લીગલ કામકાજ સંભાળે છે. અબ્દુલ્લા રાધીએ ફરિયાદી તથા મોહમ્મદ અંસારીને ફરિયાદ કરવા માટે પાવર ઓફ એટર્ની કરી આપી છે.

ઈરાકના વેપારી અબ્દુલ્લા રાધીએ ફરિયાદીને જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૫ ના પહેલા મહિનામાં તેઓને ભારતીય મોબાઈલ નંબર પરથી વોટસએપ મેસેજ અને કોલ આવ્યો હતો અને કોલ કરનાર મહિલાએ પોતે સોનલ પટેલ ગુજરાતના હોવાનું જણાવ્યું હતું અને પોતે તલ તેમજ મગફળીના મોટા વેપારી હોવાનું જણાવ્યું મોટા મોટા દેશમાં વેપાર ધંધો અને એક્સપોર્ટ કરતા હોવાનું કહ્યું હતું અને કંપનીના જીએસટી સર્ટી તથા એક્સપોર્ટના સર્ટી. વોટસએપ પર મોકલ્યા હતા. તેણે વાત કરી હતી કે, તે તથા તેના પતિ ઉર્વીશ પટેલ સાથે મળી કર્તવ્ય ઈનકોર્પોરેશન નામની પેઢી જે ગાયત્રીનગર પાંચ ગોંડલમાં આવેલી હોય તેમાં તલ, મગફળીનો મોટો વેપાર કરે છે તેમની વાત પર વિશ્વાસ આવી જતા બગદાદના વેપારી અબ્દુલ્લાએ મગફળી અને તલ ખરીદવાનું નક્કી કર્યું હતું. તા. ૧૨/૨/૨૦૨૫ ના તે માટેનો કોન્ટ્રાક્ટ કર્યો હતો. બગદાદના અબ્દુલ્લા રજાક રાધીએ ૧૦૮ મેટ્રિક ટન મગફળી માટે ૧,૦૩,૬૮૦ ડોલર અને ૫૪ મેટ્રિક ટન તલ માટે ૮૪,૨૪૦ મળી કુલ ૧,૮૭, ૯૨૦ અમેરિકન ડોલર સોનલ પટેલના એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં માલ મોકલવા માટે કહેતા તે બહાનાબાજી કરવા લાગ્યા હતા. જેથી તેમને કા પૈસા પરત આપો અથવા માલ મોકલો તેમ કહેતા હું માલ મોકલી આપું છું તેમ જણાવ્યું હતું. પરંતુ પૈસા કે માલ ન આપતા અંતે બગદાદના આ વેપારીએ તેનું લીગલ કામકાજ સંભાળતા ફરિયાદી રામકુમાર તથા યુસુફ અંસારીને વાત કરી હતી આ બાબતે તેઓને રામકુમારે તેમને ફરિયાદ કરવાનું કહેતા કહ્યું હતું કે, હું વેપાર ધંધો મૂકી ત્યાં આવી ન શકું તે માટે તેમણે ફરિયાદ નોંધાવા ફરિયાદી અને યુસુફભાઈને પાવર ઓફ અટર્ની કરી આપી હતી. જેથી આ બાબતે મહંમદ યુસુફભાઈ અન્સારીએ ગોંડલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સોનલ અને તેના પતિ પૂર્વીશ વિરુદ્ધ અરજી કરતા સોનલે તારીખ ૫/૮/૨૦૨૫ ના મોહમ્મદ યુસુફ અન્સારીની પેઢી એ એમબી ફર્સ્મ એન્ડ ફૂડ્સ ઈન્ટરનેશનલમાં રૂ. ૩ લાખ જમા કરાવ્યા હતા અને બાકીની રકમ ચૂકવી આપવાની ખાતરી આપી હતી. જેથી અરજી ફાઈલ કરાવી હતી. પરંતુ ત્યારબાદ બાકીની રકમ આજદિન સુધી ન ચૂકવતા અંતે ગોંડલમાં પેઢી ધરાવનાર સોનલ પટેલ અને તેના પતિ ઉર્વીશ પટેલ સામે મગફળી અને તલના માલ માટે ૧,૮૭, ૯૨૦ અમેરિકન ડોલર જેની ભારતીય ચલણ મુજબ કિંમત રૂપિયા ૧,૬૩,૭૯,૬૨૧ થતી હોય તે મેળવી માલ ન મોકલી છેતરપિંડી- વિશ્વાસઘાત કર્યા અંગે ગોંડલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# જેતપુરમાં દારૂના ખુલ્લેઆમ વેચાણ સામે મહિલાઓ જનતા રેડ કરી પોલીસને બોલાવી

**આજકાલ પ્રતિનિધિ**
**જેતપુર**


(તસવીર : હિતેશ સાવલીયા-જેતપુર)

જેતપુરના ચામુંડાનગર વિસ્તારમાં ઘણા વર્ષોથી ખુલ્લે આમ દેશી દારૂ વેચાઈ રહ્યો હોવાની સ્થાનિકોની અનેક રજૂઆત છતાં પણ દેશી દારૂનું વેચાણ ચાલુ જ રહેતા ગઈકાલે સ્થાનિક મહિલાઓએ દેશી દારૂના અડ્ડા પર જનતા રેડ કરી દેશી દારૂના જથ્થો પકડી પોલીસને બોલાવી દારૂ વેચતી મહિલાને પકડાવી હતી.દેશી દારૂ અને ડ્રગ્સ ખુલ્લે આમ વેચાઇ રહ્યાના જીગ્નેશ મેવાણીએ આક્ષેપ કરી રાજ્યભરમાં સરકાર સામે હલ્લા બોલ કર્યો છે. ત્યારે સરકાર બચાવમાં લાગી છે અને દારૂ, ડ્રગ્સ વેંચતા બુલેગરો પર તૂટી પડવા પોલીસને આદેશ કરેલ છે. તેમ છતાં હજુ ગામેગામ દારૂ ડ્રગ્સ વેચાઈ જ રહ્યો છે તે દારૂ અને ડ્રગ્સ જનતા રેડમાં પકડાય રહ્યું છે તેના પરથી કહી શકાય. જેતપુર શહેરમાં પણ અનેક વિસ્તારોમાં દારૂ વેચાઈ રહ્યો છે અને જ્યાં માંગો ત્યાં બુટલેગર સપ્લાય કરી આપે છે. પરંતુ દારૂના નશાથી યુવાધન બરબાદ થઈ રહ્યું હોય અને અનેક પરીવારોએ દારૂને કારણે દીકરો, પતિ, ભાઈ ખોયો હોય આવા પરીવારો નોંધારા બની ગયા છે. અને હજુ દારૂનું વેચાણ ચાલુ જ રહેતા શહેરના ચામુંડા નગર વિસ્તારમાં રહેતી સ્થાનીક મહિલાઓએ ગઈકાલે એકઠી થઈ ત્યાં વર્ષોથી દારૂના વેચાણવાળા અડ્ડા પર જનતા રેડ કરી હતી. દારૂ સાથે બુટલેગર મહિલાને ઝડપી પોલીસને બોલાવેલ આ દરમિયાન બુટલેગર મહિલા અને સ્થાનિક મહિલાઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. અને બુટલેગર મહિલાનો સગીર પુત્ર જનતા રેડ કરનારી મહિલાઓને ગાળો કાઢતો હતો. મહિલાઓના ફોનકોલથી પોલીસ આવી દારૂના જથ્થા સાથે બુટલેગર મહિલાને જીપમાં બેસાડી પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી.

# સોમનાથ સાંનિધ્યે કાર્તિકી પૂર્ણિમા મેળો સંપન્ન: ૧૨ લાખ લોકોએ મેળો માણ્યો

**આજકાલ પ્રતિનિધિ**
**પ્રભાસપાટણ**


(તસવીર : દેવાભાઈ રાઠોડ-પ્રભાસપાટણ)

સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિ અને આસ્થાના પ્રતીક સમાન પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર ટ્રસ્ટ આયોજિત કાર્તિકી પૂર્ણિમા મેળો ૨૦૨૫ ભવ્યતા અને દિવ્યતા સાથે સંપન્ન થયો છે. અગાઉ ભારે વરસાદના વિઘ્ન બાદ તારીખ ૨૭/૧૧/૨૦૨૫ થી ૦૧/૧૨/૨૦૨૫ દરમિયાન યોજાયેલા આ મેળામાં સમગ્ર ગુજરાત અને દેશભરમાંથી આશરે ૧૧ લાખ જેટલા શ્રદ્ધાળુઓ અને સહેલાણીઓ ઉમટી પડ્યા હતા.

મેળાના પાંચેય દિવસ દરમિયાન યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમો સેહલાણીઓ માટે મોટું આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. અંતિમ ચરણનો પ્રારંભ કરાવેલ હતો. મેળાના અંતિમ દિને પ્રખ્યાત લોકસાહિત્યકાર માયાભાઈ આહીર અને લોકગાયક કિર્તીદાન ગઢવીએ ભજન, ભકિત અને લોકસાહિત્યની રમઝટ બોલાવી હતી. કલાકારોએ ભારતીય સનાતન સંસ્કૃતિના સંસ્કારો અને જીવનમૂલ્યોને વણી લેતા ઉદબોધનો અને સંગીતમય ભજનો દ્વારા શ્રોતાઓને મધ્યરાત્રિ સુધી ડોલાવ્યા હતા.

આ ઉપરાંત, અગાઉના દિવસોમાં અપેક્ષાબેન પંડ્યા, હેમંત જોશી, હિતેશ અંટાળા, રાજલ બારોટ, સાંત્વની ત્રિવેદી અને બહાદુર ગઢવી જેવા ટોચના કલાકારોએ પોતાની કલાથી મેળાની શોભામાં અભિવૃધ્ધિ કરી હતી. લાખોની મેદની છતાં મેળામાં એકદમ શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહ્યો, જેનું શ્રેય શ્રી સોમનાથ ટ્રસ્ટના ચોકસાઈભર્યા પમાઈક્રો મેનેજમેન્ટથને જાય છે. જૂનાગઢ રેન્જ આઈ.જી. શ્રી નિલેશ જાજડીયાના હસ્તે ખુલ્લા મુકાયેલા આ મેળામાં યાત્રિકોની સુરક્ષા માટે ટ્રસ્ટ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર મેળાને વિવિધ ઝોનમાં વહેંચીને ભીડ નિયંત્રણ કરવામાં આવ્યું હતું. પોલીસ, ફાયર અને આરોગ્ય વિભાગના સંકલન સાથેનો સેન્ટ્રલ કંટ્રોલ રૂમ બનાવાયો હતો. ફાયર ટેન્ડર અને સેન્ટ્રલ એનાઉન્સમેન્ટ સિસ્ટમ યાત્રીઓ માટે મદદરૂપ સાબિત થયેલ.

# પીજી મેડિકલમાં પ્રથમ રાઉન્ડના અંતે ૨૫૪ બેઠક ખાલી: નવી ૨૩૨ બેઠક મંજૂર

## નવી મંજૂર થયેલી બેઠકો બીજા રાઉન્ડમાં સમાવાશે

**આજકાલ પ્રતિનિધિ**
**ગાંધીનગર**

રાજ્યમાં લાંબા સમય બાદ શરૂ થયેલી પી.જી મેડિકલની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત પહેલા રાઉન્ડમાં ૨૧૧૯ વિદ્યાર્થીને જુદી જુદી કોલેજમાં પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. પહેલા રાઉન્ડમાં હાલમાં ૨૫૪ બેઠક ખાલી રહી છે. આ સાથે જ રાજ્યમાં નવી ૨૩૨ પીજીની બેઠકને મંજૂરી આપવામાં આવી છે. આ બેઠકો બીજા રાઉન્ડમાં ભરવામાં આવશે. પ્રવેશ કન્ફર્મ કરવા માટે ૫મી ડિસેમ્બર સુધીની મુદ્દત આપવામાં આવી છે. પીજી મેડિકલમાં ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો માટેનો બાદ આખરે સ્ટેટ ક્વોટાની કુલ ૨૩૭૩ બેઠકો માટે પહેલો રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે.

પહેલા રાઉન્ડમાં પ્રવેશ માટે કુલ ૪૮૨૯ વિદ્યાર્થીઓનો મેરિટ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જે પૈકી ૪૫૭૨ વિદ્યાર્થીઓએ પહેલા રાઉન્ડમાં ચોઈસ ભરી હતી. વિદ્યાર્થીઓએ આપેલી ચોઈસના આધારે કુલ ૨૫૪ બેઠકો સિવાયની બાકીની તમામ બેઠક પર પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા. હાલની સ્થિતિમાં એમડી, એમ.એસ અને ડિપ્લોમાની ૯૪ બેઠકો સરકારી ક્વોટાની, ૧૪૩ એન.આર.આઈ. ક્વોટા અને ૧૭ બેઠકો ઈન સર્વિસ ક્વોટાની ખાલી રહી છે. હાલમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે તેઓને આગામી ૫મી ડિસેમ્બર સુધીમાં ઓનલાઈન ફી ભરવા અને ૬ ડિસેમ્બર સુધીમાં પ્રવેશ રિપોર્ટિંગ કરવાની સૂચના આપવામાં આવી છે.

બીજી બાજુ પહેલો રાઉન્ડ શરૂ થયા બાદ હાલમાં ૮ કોલેજોમાં અંદાજે ૨૩૨ નવી બેઠકોને મંજૂરી આપવામાં આવી છે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે કે, જે કોલેજોમાં પીજીની બેઠકોને મંજૂરી આપવામાં આવી છે કે તેમાં સ્વામિનારાયણ કોલેજમાં ૫૩, અનન્ય કોલેજમાં ૨૪, કિરણ મડિકલ કોલેજમાં ૪૮, સી.યુ.શાહ કોલેજમાં ૩૭, એમ.કે. મેડિકલ કોલેજમાં ૨૨, પારુલ મેડિકલ કોલેજમાં ૧૧ અને નૂતન મેડિકલ કોલેજમાં ૨૭ અને ડીડીઆઈટી નડિયાદ મેડિકલ કોલેજમાં ૧૮ મળીને અંદાજે ૨૩૨ નવી પીજી મેડિકલ બેઠકોને મંજૂરી આપવામાં આવી છે. આ બેઠકોને મંજૂરી મળી ત્યાં સુધીમાં પહેલા રાઉન્ડ માટે વિદ્યાર્થીઓની ચોઈસ ફિલીંગની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હોવાથી નવી મંજૂર થયેલી બેઠકો બીજા રાઉન્ડમાં સામેલ કરવામાં આવશે.

# જસદણ નગરપાલિકામાં માથાભારે તત્વોનો ભારે આતંક: મુખ્ય પ્રવેશદ્વારને તોડી પાડયું

**આજકાલ પ્રતિનિધિ**
**જસદણ**


(તસવીર : બિજલ ભેંસજાળીયા-જસદણ)

જસદણ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઊભા કરતી એક ચકચારી ઘટના સામે આવી હતી. અંધારામાં માથાભારે તત્વો દ્વારા જસદણ નગરપાલિકા કચેરીના મુખ્ય પ્રવેશદ્વારને તોડી પાડીને મોટું નુકસાન કરવામાં આવ્યું હતું. આ ઘટનાને પગલે સરકારી મિલકતની સુરક્ષા અને શહેરમાં વધતા જતા અસામાજિક તત્વોના આતંક પર ગંભીર ચિંતા વ્યક્ત થઈ રહી છે.

નગરપાલિકા જેવી મુખ્ય સરકારી કચેરી પર થયેલા આ હુમલાને કારણે પોલીસની કામગીરી અને જસદણમાં પોલીસનું અસ્તિત્વ જ ન હોય તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. જાણે કે આવારતત્વોને કોઈનો ડર ન હોય તેમ તેઓ બેફામ બનીને આવા કૃત્યો આચરી રહ્યા છે. સરકારી કચેરીને નિશાન બનાવવાની આ હિંમત પાછળનો હેતુ શું છે, તે એક ગહન તપાસનો વિષય બની ગયો છે.

### સીસીટીવી કેમેરાનો અભાવ આવારાતત્વોને મળતું મોકળું મેદાન

**સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે જસદણ નગરપાલિકા જેવી મોટી સરકારી કચેરીમાં અત્યાર સુધી કેમેરા લગાવવામાં આવ્યા નથી. સુરક્ષાની આ ગંભીર બેદરકારીને કારણે ગુનો આચરનારા અજાણ્યા તત્વોને જાણે કે મોકળું મેદાન મળી ગયું હોય તેવું લાગી રહ્યું છે. જો કચેરીમાં સીસીટીવી કેમેરા હોત તો આ તત્વોને ઓળખવા અને ઝડપી પાડવા સરળ બનત. હવે સવાલ એ છે કે આટલા સમયથી આ આવશ્યક સુરક્ષા વ્યવસ્થા કેમ ઊભી કરાઈ નહોતી?**

### પોલીસને બોલાવી જરૂરી કાર્યવાહી કરીશું: મેહુલ જોધપુરા-ચીફ ઓફિસર

**આ બાબત મારા ધ્યાને આવતા પોલીસને બોલાવી તેની તપાસ કરાવીશું. આમાં જે કોઈ જવાબદાર હશે તેની સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.**

# મોબાઈલ ડીટેલ યુઝર આઈડી મેળવવા તજવીજ
# સિંહ સદનની ખોટી વેબસાઈટ બનાવનાર રાજસ્થાની યુવકના પાંચ દી'ના રિમાન્ડ મંજૂર

## છેતરપિંડીમાં અન્ય કોઈ સંડોવાયેલા છે કે કેમ, કેટલા રૂપિયાની છેતરપિંડી આચરી? સહિતના મુદ્દે મેંદરડા પોલીસની પૂછપરછ

**આજકાલ પ્રતિનિધિ**
**જૂનાગઢ**

સાસણગીર સિંહ સદન ગેસ્ટ હાઉસ સહિત વિવિધ રાજ્યના અનેક આશ્રમો અને હોટલોની ખોટી વેબસાઈટ બનાવી પ્રવાસીઓને છેતરનાર રાજસ્થાની યુવકને ગઈકાલે. રિમાન્ડની માંગણી અર્થે મેંદરડા કોર્ટમાં રજૂ કરાયો હતો.યુવકના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર થતા પોલીસે વધુ પૂછપરછ હાથ ધરી છે. સાસણગીર સિંહ સદન ગેસ્ટ હાઉસની ખોટી વેબસાઈટ બનાવી પ્રવાસીઓ સાથે સંપર્ક કેળવી રૂમ બુકિંગના નામે રકમ પડાવનાર રાશિદખાનને મેંદરડા પોલીસે રાજસ્થાનના મેવાડ તાલુકામાથી ઝડપી લીધો હતો.તેની પાસેથી છેતરપિંડીમા ઉપયોગમાં લીધેલ બે મોબાઈલ પણ કબજે લીધા હતા. રાશીદ ખાન સામે કેન્દ્રની એનસીઆરટી પોર્ટલમાં ૨૦ જેટલી ફરિયાદ થઈ હોવાનું પણ માલૂમ પડ્યું હતું.પ્રાથમિક પૂછપરછમાં યુવકે ઓરિસ્સા જગન્નાથજી પૂરી, ઉપરાંત દિલ્હી રામ આશ્રમ સહિત વિવિધ આશ્રમો અને હોટલોની ખોટી વેબસાઈટ બનાવી હોવાનું પણ કબુલાત કરી હતી. મેંદરડા પીઆઈ સરવૈયા સહિતની ટીમે રાસીદ ખાન અયુબ ખાનની રિમાન્ડની માંગણી અર્થે મેંદરડા કોર્ટમાં રજૂ કરાયો હતો.કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. રાજસ્થાની યુવકે વડોદરા, યુપી, તેલંગાણા, બિહાર, મહારાષ્ટ્ર સહિતના લોકોને છેતર્યા હોવાનુ જણાવ્યું હતું.પોલીસ દ્વારા યુવકે આચરેલા ગુના અંગે વધુ માહિતી મેળવવા તથા છેતરપિંડીમાં અન્ય કોઈ સંડોવાયેલા છે કે કેમ, કેટલા રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે? સહિતના વિવિધ મુદ્દે પૂછપરછ હાથ ધરી છે. યુવક પાસેથી બે મોબાઈલ પણ મળી આવ્યા હતા. જેથી પોલીસ દ્વારા મોબાઈલ કોલ ડીટેલ તથા યુઝર આઈડી સહિતના ઉપયોગ અંગે પણ પૂછપરછ હાથ ધરાશે.


દેશ-પરદેશની
**આજકાલ**
Dhanraj Group

**નોટીસ છપાવો ફેંસલો લાવો આજકાલ માં**

- જાહેર નોટીસ
- કોર્ટ નોટીસ
- જાહેર ચેતવણી
- દાવાનાં સમન્સ

**રાજકોટ એડીશન**
જાહેરખબરના ભાવ
ફકત રૂા.
**110**
પ્રતિ કોલમ સે.મી. અંદર પાને

**ઓલ એડીશન** ફકત રૂા. **400** પ્રતિ કોલમ સે.મી. અંદર પાને
(રાજકોટ • જામનગર • ભાવનગર • પોરબંદર • અમદાવાદ)

સંપર્ક **Mo. 9998470400**


**:: સીવીલ કોર્ટ નોટીસ ::**

રાજકોટના મહે. ૧૪માં અધીક સીનીયર સીવીલ જજ **શ્રી આર. ટી. રબારી સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૨૫૫૮/૨૦૨૫ ના કામના અરજદાર શ્રી પરેશભાઈ દિનકરરાય કોઠારી**એ ગુજ. દિનકરરાય પ્રાણજીવન કોઠારીની સ્થાવર મિલ્કત કે જે ગુજરાત રાજ્યના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૩૦૧ ના બીનખેતી પ્લોટ નં. ૩૧ પૈકી પુર્વ. તફરના દક્ષિણના રસ્તાવાળા તથા પુર્વના ખાનગી ચાલના રસ્તાવાળા જે વિભાગ નં. ૭ ની જમીન ચો.વા.આ. ૫૪-૭-૦ બરાબર ચો.મી.આ. ૪૪-૦૦ ઉપરના ઉભા ઈમલાના બાંધકામવાળા મકાન (સીટી સર્વે વોર્ડ નં. ૧૦/૨) સબ-રજી. કચેરીએ નોંધાયેલ દસ્તાવેજ અનુક્રમ નં. ૪૩૫, તા. ૨૫-૦૨-૨૦૦૫ ના રોજ ગુલાબબેન દિનકરરાય કોઠારી તથા દિનકરરાય પ્રાણજીવન કોઠારીએ હિતેષ અમૃતલાલ પીત્રોડા તથા વિજય અમૃતલાલ પીત્રોડા તથા વિજય અમૃતલાલ પીત્રોડા પાસેથી ખરીદ થયેલ છે. સદરહું આ મકાનમાં ગુજ. દિનકરરાય પ્રાણજીવન કોઠારીનો ૫૦% અવિભાજ્ય હિસ્સો સમાયેલ છે. તે ૫૦% અવિભાજ્ય હિસ્સાનું વારસાઇ સર્ટી./હેરશીપ સર્ટીફીકેટ મેળવવા માટેની અરજી તેમના **એડવોકેટ શ્રી એન. પી. રૂપારેલીયા તથા મીનાક્ષી એચ. દવે મારફતે** અરજી કરેલ છે તે બાબતે જે કોઇને હકક, હીત, હિસ્સો હોઈ, વાંધો તકરાર હોય તેમને **મુદત તા. ૧૫-૦૧-૨૦૨૬** ના રોજ પોતે જાતે અથવા તેમના વકીલ મારફતે હાજર રહી વાંધા રજુ કરવા, જો કોઇ વાંધા આવશે નહીં તો આગળ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.
આજ **તા. ૦૧ માહે ડિસેમ્બર સને ૨૦૨૫** ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | કોર્ટનો સિકકો | હુકમથી |
|---|---|---|
| જે. આર. ગઢિયા<br>સિની. કલાર્ક | | એન. આર. વ્યાસ<br>રજીસ્ટ્રાર |

**:: સીવીલ કોર્ટ નોટીસ ::**

રાજકોટના મહે. ૧૪ માં અધીક સીનીયર સીવીલ જજ **શ્રી આર. ટી. રબારી સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૨૫૫૭/૨૦૨૫ ના કામના અરજદાર શ્રી મયુર દિનકરરાય કોઠારી**એ ગુજ. દિનકરરાય પ્રાણજીવન કોઠારીની સ્થાવર મિલ્કત કે જે ગુજરાત રાજ્યના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૩૦૧ પૈકીના બીનખેતી અને ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નં. ૨૯ પૈકીની દક્ષિણ તરફના એર રસ્તાવાળી જમીન માંહેની જમીન ચો.વા.આ. ૪૬-૦૦ બરાબર ચો.મી.આ. ૩૮-૫૦ ઉપરના ઉભા ઈમલાના બાંકામવાળા મકાન (સીટી સર્વે વોર્ડ નં. ૧૦/૨) સબ-રજી. કચેરીએ નોંધાયેલ દસ્તાવેજ અનુક્રમ નં. ૨૬૦૨, તા. ૨૬-૦૩-૧૯૯૩ ના રોજ દિનકરરાય પ્રાણજીવન કોઠારી તથા ગુલાબબેન દિનકરરાય કોઠારીએ તુલસીભાઈ બચુભાઈ સાપરીયા પાસેથી ખરીદ કરેલ છે. સદરહું આ મકાનમાં ગુજ. દિનકરરાય પ્રાણજીવન કોઠારીનો ૫૦% અવિભાજ્ય હિસ્સો સમાયેલ છે, તે ૫૦% અવિભાજ્ય હિસ્સાનું વારસાઇ સર્ટી./હેરશીપ સર્ટીફીકેટ મેળવવા માટેની અરજી તેમના **એડવોકેટ શ્રી એન. પી. રૂપારેલીયા તથા મીનાક્ષી એચ. દવે મારફતે** અરજી કરેલ છે તે બાબતે જે કોઇને હકક, હીત, હિસ્સો હોઈ, વાંધો તકરાર હોય તેમને **મુદત તા. ૧૫-૦૧-૨૦૨૬** ના રોજ પોતે જાતે અથવા તેમના વકીલ મારફતે હાજર રહી વાંધા રજુ કરવા, જો કોઇ વાંધા આવશે નહી તો આગળ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.
આજ **તા. ૧ માહે ડિસેમ્બર સને ૨૦૨૫** ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

| તૈયાર કરનાર | કોર્ટનો સિકકો | હુકમથી |
|---|---|---|
| જે. આર. ગઢિયા<br>સિની. કલાર્ક | | એન. આર. વ્યાસ<br>રજીસ્ટ્રાર |

**-:: જસદણ નગરપાલિકા ::-**

જાહેર નિવિદા

આથી રસ ધરાવતા આસામીઓને જાણ કરવામાં આવે છે કે, આ નગરપાલિકા નીચેની વિગતે કામગીરી કરાવવા માટે ભાવો મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| ૧ | જે.સી.બી. મશીન નં.૮૭૫૨નું આગળનું બકેટ નવું ખરીદ કરવા માટે માલ અને મજુરી સહીતના ભાવ. |

આ નિવિદા પ્રસિધ્ધ થયેથી દિવસ-૦૭ સુધીમાં જે તે સબંધકર્તા આસામીઓ એ પોતાના ભાવો આ કચેરીએ સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે. સદરહું કામે આવેલ ભાવો મંજુર/નામંજુર કરવાનાં હક્ક નગરપાલિકાને અબાધિત રહેશે. કવર ઉપર કામની વિગત અચુકપણે દર્શાવવી.

(મેહુલ જે. જોધપુરા)
ચીફ ઓફિસર
જસદણ નગરપાલિકા

માહિતિ/રાજ/૧૩૬૪/૨૫-૨૬

**-: જાહેર નોટીસ :-**
**નગર રચના યોજના નં.૧૦(શાપુર)**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, નગર રચના યોજના નં.૧૦(શાપુર) ની કામચલાઉ પુનઃરચનાની દરખાસ્ત બાબતે યોજનામાં સમાવિષ્ટ જમીન માલિકો/હિત સંબંધ ધરાવતા તમામ વ્યક્તિઓને અત્રેની કચેરી દ્વારા પ્રાપ્ય સરનામાઓને આધારે વ્યક્તિગત નોટીસ બજાવીને, તેઓના વાંધા-સુચનો રજુ કરવા જણાવી, સુનાવણીની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. પરંતુ કોઈ જમીન માલિકો/હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓને સદર યોજનાની કામચલાઉ પુનઃરચનાની નોટીસ પુરતા સરનામાને અભાવે કે બીજા કોઈ કારણોસર મળેલ ન હોય તો પ્રાથમિક પુરાવા તથા માલિકી હક્કના અધિકૃત પુરાવા સાથે અત્રેની કચેરીએ રૂબરૂ અથવા લેખિત વાંધા-સુચનો આ કચેરીના નીચે જણાવેલ સરનામે દિન-૦૭ માં રજુ કરવા વિનંતી છે. તેમ છતાં રજુઆત કરવામાં આવશે નહી તો અત્રેથી લેવામાં આવેલ નિર્ણય જે તે જમીન માલિકોને/હિત સંબંધ ધરાવતી વ્યકિતઓને બંધનકર્તા રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

સ્થળ:- જુનાગઢ
તા:-૨૮/૧૧/૨૦૨૫

સહી
અવાચ્ય

નગર રચના અધિકારી
નગર રચના યોજના નં.૧૦(શાપુર)
અને નગર નિયોજક
શાખા કચેરી, જુનાગઢ

(સિક્કો: નગર રચના અધિકારીની કચેરી, જુનાગઢ, નગર રચના યોજના)

કચેરીનુ હાલનું સરનામુ :-
નગર નિયોજકશ્રીની કચેરી, જુનાગઢ શાખા, જીલ્લા સેવા સદન,
બ્લોક નં.૨/૨, સરદાર બાગ, જુનાગઢ-૩૬૨૦૦૧. ફોન નં.-(૦૨૮૫)૨૬૩૦૫૨૭. માહિતિ/જુના/જા.ખ./૮૨૫/૨૫

# કિન્નર વિવાદઃ ખૂનની ધમકી આપ્યાના ગુનામાં ગાંધીગ્રામ પોલીસે નીકીતા દેની કરી ધરપકડ

## અખાડામાંથી કાઢી મૂકયા બાદ પણ નીકીતાએ ભીક્ષાવૃત્તિ ચાલુ રાખતા વિવાદઃ ધમકી આપનાર સંગીતા ઉર્ફે રાજીયાની શોધ

આજકાલ પ્રતિનિધિ-રાજકોટ

રાજકોટમાં કિન્નરો વચ્ચેનો વિવાદ હવે ઉગ્ર બન્યો છે. ત્યારે આ મામલે હવે ગાંધીગ્રામ પોલીસે અખાડાના ગાદીપતિ મીરા દેને ધમકી આપવાના ગુનામાં ગંજીવાડામાં રહેતી નીકીતા દેની ધરપકડ કરી છે. જયારે ધમકી પ્રકરણમાં અન્ય આરોપી સંગીતા રાજીયાને ઝડપી લેવા તપાસ યથાવત રાખી છે. ખરાબ ટેવના લીધે નીકીતાને અખાડમાંથી કાઢી મૂકયા છતા તે અખાડાના નામે ભીક્ષાવૃત્તિ કરતી હોય આ બાબતે કહેતા તેણે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, જામનગર રોડ પર પરપીપળિયા ગામે એકતા સોસાયટીમાં રહેતી મીરા દેએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગંજીવાડામાં રહેતી નીકીતા દે અને નવાગામ રંગીલા સોસાયટીમાં રહેતી સંગીતા ઉર્ફે રાજીયોના નામ આપ્યા હતાં. મીરા દે એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, નીકીતા માસીની ખોટી ટેવના લીધે તેને અખાડમાંથી પાંચ મહિના પુર્વે કાઢી મૂકી હતી.તેમ છતા તેણે અખાડના નામે ભીક્ષાવૃત્તિ કરવાનું ચાલુ રાખ્યું હતું.દરમિયાન ગઈ તા. ૨૭/૧૧ ના રોજ નીકીતાએ રાત્રીના ફોન કરી મીરા દે સાથે ઝઘડો કરી હું રાજકોટમાં ભીક્ષાવૃત્તિ કરીશ જ તારાથી થાય તે કરી લેજે કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સિવાય તેની સાથે રહેલી સંગીતા ઉર્ફે રાજીયાએ પણ ધમકી આપી હતી. જેથી આ અંગે ફરિયાદ નોંધાવી હતી. આ અંગે ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધ્યો હતો. પીઆઇ એસ. આર. મેઘાણીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ.બી.જાડેજા તથા ટીમે તપાસ હાથ ધરી નીકીતાને ઝડપી લઇ જરૂરી કાર્યવાહી કરી હતી જયારે સંગીતાને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

### વિવાદમાં છ વ્યંગઢોળએ સામૂહિક ફિનાઇલ પીધું’તું

કિન્નરોના આ વિવાદમાં ગત તા. ૨૭ નવેમ્બરની મોડી રાત્રીના ખાટુશ્યામ મંદિર પાસે વ્યંઢળ ખુશ્બુ દે ગોપી દે, સમીરા દે ગોપી દે, બિંદિયા દે મીરા દે, ગોપી દે મીરા દે ટીની મીરા દે કલ્પુ મીરા દેએ એકસાથે ફીનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરતા તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.

## કિન્નર અખાડામાંથી મીરા દેનો બોયકોટ




રાજકોટ કિન્નર અખાડાના ગાદીપતિ મીરા દેની સામે પડેલા નિકિતા દેના વિરોધમાં ગઈકાલે સમગ્ર ગુજરાતમાંથી કિન્નરોના ગાદીપતિ અહીં એકત્રિત થયા હતા. અમદાવાદ, બરોડા,જૂનાગઢ તેમજ ઉજ્જૈન કિન્નર અખાડા સહીત ૭૦ થી વધુ ગાદીપતિ અહીં પહોંચ્યા હતા. કિન્નર નિકિતા દે એ ગાદીપતિ મીરા દે વિરુધ્ધ કરેલા આક્ષેપોને નકારી તમામ કિન્નરોએ વિરોધ નોંધાવ્યો હતો. નિકિતા દે ના ફોટો પર ચપ્પલો મારી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ સાથે જ કિન્નર સમાજમાંથી નિકિતા દે નો બોયકોટનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# સંબંધી મહિલાને રૂા. ૧૦ લાખ પાછા નહીં આપનાર આરોપીને એક વર્ષની કેદ

## ફરિયાદીને દસ લાખ એક મહિનામાં વળતર ન ચૂકવે તો વધુ ૬ માસની જેલની સજાનો હુકમ

આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

રાજકોટમાં ઉછીના લીધેલા રૂપિયા ૧૦ લાખ સંબંધિત મહિલાને પરત કરવા આપેલો ચેક રિટર્ન થવાના સાત વર્ષ પહેલાના કેસમાં નીચલી કોર્ટના સજા અને વળતરના હુકમ સામેની આરોપીની અપીલ સેશન્સ કોર્ટ લગાવી દઈ નીચલી કોર્ટનો એક વર્ષની સજા અને ચેકની રકમ વળતર પેટે સમયમર્યાદામાં ફરિયાદીને ન ચૂકવે તો વધુ છ માસની જેલસજાનો હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ, મુળ ફરીયાદી પ્રીતીબેન માનસીંગભાઈ ધામેએ તેમના સંબંધી અજયભાઈ રતીલાલ મહેતાને તા. ૨૯/ ૦૯/ ૨૦૧૮ના રોજ રૂા. ૧૦ લાખ હાથઉછીના આપેલા અને તે અંગે બન્ને પક્ષકારો વચ્ચે પ્રોમિસરી નોટનું લખાણ કરવામાં આવેલ. સદરહુ હાથઉછીની રકમ પરત ચુકવવા અજયભાઈએ તેમની એસ.બી.આઈ. બેંકના ખાતાનો આપેલ ચેક બેંકમાં રજુ રાખતા તા. ૦૪/ ૦૧/ ૨૦૧૯ના રોજ ’ઈન સફિશિયન્ટ ફંડ’ના શેરા સાથે પરત ફરતા વકીલ મારફત લીગલ નોટિસ આપ્યા છતા અજય મહેતાએ રકમ ચુકવેલ ન હતી, આથી રાજકોટની કોર્ટમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ફરીયાદ કરી હતી. આ ફરીયાદ કોર્ટમાં ચાલી જતા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અજયભાઈને કોર્ટે ૧ વર્ષની જેલની સજા તેમજ રૂા. ૧૦ લાખ વળતર પેટે ચુકવવા, વળતર ન ચુકવે તો વધુ ૬ માસની સજાનો હુકમ કર્યો હતો.. આ હુકમ સામે અજયભાઈએ રાજકોટ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં ફોજદારી અપીલ કરેલ હતી. સદરહુ અપીલ રાજકોટના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતા મુળ ફરીયાદી પ્રીતીબેન તરફે તેમના વકીલ દ્વારા ધારદાર દલીલ કરી સુપ્રીમ કોર્ટ તેમજ હાઈકોર્ટના ચુકાદાઓ ટાંકી સફળતા પુર્વક પોતાનો કેસ કોર્ટ સમક્ષ સાબીત કર્યો હતો. જે ધ્યાને એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ એ.કે. શાહે આરોપી અજયભાઈ મહેતાને નીચેની કોર્ટનો હુકમ સજા વળતરનો કાયમ રાખી અપીલ કાઢી નાખવામાં આવી છે. આ કામમાં મુળ ફરીયાદી તરફે વકીલ પિયુષ જે. કારીયા, પ્રધ્યુમનસિંહ એમ. જાડેજા, ગૌરવ ચૌહાણ, પિયુષ કંડોળીયા, નિપુલભાઈ કારીયા તથા મદદનીશ તરીકે શૈલેષ દાફડા, ગૌતમ સોલંકી, અપેક્ષાબેન રાવલીયા રોકાયા હતા.

# માનસિક ચિંતા-જિંદગીથી કંટાળી પગલું ભરું છું, ચિઠ્ઠી લખી નિવૃત્ત ASIનો આપઘાત

## અંબિકા ટાઉનશિપ નજીક એલીના એન્કલેવમાં રહેતા કિશોરભાઈ સવાણીએ પત્નીને દૂધ લેવા મોકલ્યા બાદ પાછળથી દવા પી લીધી

આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

શહેરમાં આત્મહત્યાના વધતા બનાવો વચ્ચે વધુ એક સ્યુસાઈડ પોલીસ ચોપડે નોંધાયો છે. અંબિકા ટાઉનશીપ નજીક એલીના એન્કલેવ એપાર્ટમેન્ટમાં રહેતા નિવૃત એએસઆઈએ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. પત્નીને દૂધ લેવા મોકલ્યા બાદ પાછળથી પગલું ભરી લીધું હતું. આત્મહત્યા પહેલા એક ચીઠી પણ લખી હતી જેમાં પોતે માનસિક ચિંતા અને જિંદગીથી કંટાળી જાતે આપઘાત કરું છું તેમ લખ્યું હતું . બનાવના પગલે પરિવારમાં ગમગીની છવાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ નાના મવા રોડ પર જીવરાજ પાર્ક અંબીકા ટાઉનશીપ નજીક આવેલ એલીના એન્કલેવ એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર ૧૦૨માં રહેતાં નિવૃત એએસઆઇ કિશોરભાઇ કરસનભાઇ સવાની (ઉ.વ.૭૧)ના સાંજે ઘરે હતા ત્યારે ઝેરી દવા પી લીધી હતી. પત્ની બહારથી આવતા પતિને બેભાન હાલતમાં જોઈ બુમાબુમ કરતા આસપાસર રહેતા લોકો દોડી આવ્યા હતા અને કોઈએ ૧૦૮ને જાણ કરતા ૧૦૮ની ટીમ સ્થળ પર પહોંચી કિશોરભાઈને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે પોલીસને જાણ કરતા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં આપઘાત કરનાર કિશોરભાઈ સવાણી અગાઉ પોરબંદર પોલીસ વિભાગમાં ફરજ બજાવી ચુક્યા હતાં ને હાલમાં નિવૃત જીવન જીવતા હતા. સંતાનમાં ત્રણ દિકરા છે. નાનો પુત્ર કામથી સુરત ગયો હતો અને પત્નીને દૂધ લેવા બહાર મોકલ્યા બાદ પાછળથી ઝેરી દવા પી લીધી હતી. પોલીસે એક સ્યુસાઈડ નોટ પણ કબ્જે કરી હતી જેમાં લખ્યું હતું કે, માનસિક ટેન્શન અને જિંદગીથી કંટાળી પગલું ભરૂ છું.

# બે વીલા વચ્ચેની બાલ્કનીમાં બાંધેલો ટુવાલ પકડી બીજા રૂમમાં જતી વખતે હાથ છટકતા તરુણ પટકાયોઃ મોત

## અવધના ઢાળ પાસે આવેલા સુકુન વિલામાં બનાવઃ રાજસ્થાનનો ૧૫ વર્ષીય નરેશ સાથી મિત્રો સાથે રાજકોટ કેટરર્સના કામ માટે આવ્યો હતો,

આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

શહેરના કાલાવડ રોડ પર અવધના ઢાળ પાસે આવેલા સુકુન વીલામાં બે રૂમની બાલ્કની વચ્ચે ટુવાલ બાંધી એક રૂમમાંથી બીજા રૂમમાં ટુવાલ પકડીને જતી વખતે હાથ છટકી જતા ૧૫ વર્ષીય તરુણનું નીચે પટકાવાથી ગંભીર ઈજા થતા મોત નીપજ્યું હતું. તરુણ રાજસ્થાનથી સાથી મિત્રો સાથે કેટરર્સના કામે આવ્યો હતો પરંતુ ઉંમર નાની હોવાથી તેની સાથેના એક તરુણને કામ માટે લઈ જવાયા ન હતા આથી બંને તરુણો વિલામાં રોકાયા હતા. દરમિયાન આ ઘટના ઘટી હતી.



પ્રાપ્ત વિગત મુજબ મૂળ રાજસ્થાનનો વતની અને સાથી મિત્રો સાથે કેટરર્સના કામ માટે રાજકોટ આવી કાલાવડ રોડ પર અવધના ઢાળ પાસે ભૂત બંગલાની નજીક આવેલી સુકુન વીલામાં રહેતો નરેશ પારગી (ઉ.વ.૧૫)નો તરુણ સાંજે વિલામાં હતો ત્યારે ત્રીજા માળની બાલ્કનીએથી પટકાતા માથા સહિતના ભાગે ગંભીર ઈજા થવાથી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર કારગત ન નીવડતા દમ તોડી દીધો હતો. બનાવના પગલે હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સીટી પોલીસને જાણ કરતા પોલીસ સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી હતી.

બનાવ કેવી રીતે બન્યો એ અંગેની મળતી વિગતો મુજબ જાણવા મળ્યા મુજબ નરેશ પાંચેક દિવસ પહેલા રાજસ્થાનથી કેટરર્સમાં કામ કરતા છોકરાઓ સાથે કામ માટે આવ્યો હતો. લગ્ન પ્રસંગના કારણે છોકરાવને સુકુન વીલામાં રહેવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. નરેશ અને તેની સાથેના એક છોકરાની ઉંમર સગીરવયની હોવાથી તેને કામે લઈ જવાની ના કહી વિલામાં રહેવા માટે જણાવ્યું હતું. બપોરે બંને તરુણો વીલાના ત્રીજા માળે આવેલા રૂમમાં હતા ત્યારે રૂમ લોક થઈ ગયો હતો અને બંનેને ભુખ લાગતાં બાજુની વીલાના રૂમમાં છોકરાવ માટે જમવાનું રાખ્યું હતું. રૂમ લોક હોવાથી બાજુના વિલાના રૂમ સુધી જવા માટે બંનેએ જુગાડ કરી બે બાલ્કની વચ્ચે ટુવાલ બાંધ્યો હતો અને ટુવાલ પકડીને સામેના રૂમમાં જમવા ગયા હતા. ત્યાંથી એજ રીતે ફરી પાછા રૂમમાં પણ આવી ગયા હતા. દરમિયાન બપોરે ચારેક વાગ્યે નરેશને પાછી ભુખ લાગતા ફરીથી બાલ્કનીમાં બાંધેલો ટુવાલ પકડી સામેના રૂમમાં જવા જતા હાથ છટકી જવાથી નીચે પટકાયો હતો. બનાવના પગલે સાથી તરુણે રાડારાડી કરતા વિલાના અન્ય કમર્ચારીઓ દોડી આવ્યા હતા અને તાકીદે સારવાર માટે સિવિલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મોત નીપજ્યું હતું. બનાવ બાબતે પોલીસે વિલાના સીસીટીવી ફૂટેજ મેળવવા અને સાથી તરુણની પુછપરછ હાથ ધરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાથી સાથી કર્મચારીઓમ શોક છવાયો છે.

# મોરબી રોડ પર પ્રૌઢના ૮૪ હજાર સેરવી લેનાર રીક્ષા ગેંગના બે સભ્યો ઝડપાયા

## ક્રાઈમ બ્રાંચે કોઠારીયા સોલવન્ટ અને ગોકુલધામ આવાસમાં રહેતા શખસોને ઝડપી રોકડ- રીક્ષા સહિત એક લાખનો મુદ્દામાલ કબજે કર્યોઃ બે સાથીદારોની શોધ

આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

વાંકાનેરનુ દંપતી રાજકોટ દીકરાના ઘરે આવ્યા બાદ પરત જતું હતું. ત્યારે મોરબી રોડ જકાતનાકા પાસેથી તેમને રિક્ષામાં બેસાડી રસ્તામાં ધક્કામૂકી કરી ઉતારી દીધા હતા. દરમિયાન વૃદ્ધના ખિસ્સામાંથી આ ટોળકીએ રૂપિયા ૮૪ હજારની રોકડ સેરવી લીધી હતી. જે અંગે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. દરમિયાન ક્રાઈમ બ્રાંચની ટીમે તપાસ હાથ ધરી આ રીક્ષા ગેંગના બે શખસોને ઝડપી લીધા હતાં. જયારે ગુનામાં સામેલ અન્ય બે શખસોને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે. પોલીસે ઝડપાયેલા આરોપીઓ પાસેથી રૂ.૩૦ હજાર રોકડ અને રીક્ષા સહિત રૂ.૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.



વાંકાનેરમાં નવાપરા વિસ્તારમાં રહેતા હરેશભાઈ મનુભાઈ પરમાર (ઉ.વ. ૫૨) દ્વારા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૮/૧૧ હરેશભાઈ તથા તેમના પત્ની પ્રફુલાબેન બંને નાની દીકરીના આગામી દિવસોમાં લગ્ન હોય તેથી કંકોત્રી આપવા માટે અમદાવાદ ગયા હતા. ત્યાંથી રાજકોટ મોટા દીકરા વિશાલના ઘરે રાત્રીના રોકાયા હતા. તા. ૯/૧૧ ના સવારના નવ વાગ્યા આસપાસ પતિ-પત્ની વાંકાનેર જવા માટે નીકળ્યા હતા. આ સમયે હરેશભાઈએ પુત્ર વિશાલ પાસેથી રૂપિયા ૮૪ હજાર લીધા હતા. જે પેન્ટના ખિસ્સામાં થેલીમાં રાખ્યા હતા. પતિ-પત્ની ચાલીને મોરબી જકાતનાકાથી બેડી તરફના રોડ પર જતા હતા. ત્યારે એક રીક્ષા અહીં આવી તેમની પાસે ઉભી રહી હતી અને રીક્ષાચાલકે પૂછ્યું હતું કે, તમારે ગ્રીનલેન્ડ ચોકડીએ જવું છે. જેથી ફરિયાદી હા કહી હતી. રીક્ષામાં અગાઉથી ત્રણ અજાણ્યા મુસાફર બેઠા હતા. આ ટોળકીએ પ્રૌઢના ખિસ્સામાંથી રૂ.૮૪ હજારની રોકડ સેરવી લીધી હતી. જે અંગે ફરિયાદ નોંધાવી હતી.

રીક્ષા ગેંગને ઝડપી લેવા ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ બી.બી.બસીયાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચ પીઆઇ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર અને સી.એચ.જાદવની રાહબરીમાં પીએસઆઇ એસ.વી.ચુડાસમા તથા ટીમે તપાસ હાથ ધરી હતી. દરમિયાન હેડ કોન્સ. કિશનભાઇ પાંભર, કોન્સ. સંજયભાઇ અલગોતર, મહાવિરસિંહ જાડેજા તથા અનુજભાઇ ડાંગરને મળેલી બાતમીના આધારે રીક્ષા ગેંગના બે સભ્યો સંજય વિઠ્ઠલભાઇ પરમાર(ઉ.વ. ૨૧ રહે. કોઠારીયા સોલવન્ટ હુશેની ચોક, રાજકોટ) અને હુશેન ફિરોઝભાઇ શાહમદાર(ઉ.વ. ૨૪ રહે. ગોકુલધામ ત્રણ માળિયા આવાસ યોજના કવાર્ટર બ્લોક નં. ૨) ને ઝડપી લીધા હતાં.

પોલીસે ઝડપાયેલા આ બે શખસો પાસેથી રોકડ રૂ. ૩૦ હજાર અને રીક્ષા નં. જીજે ૩ બીયુ ૫૯૭૨ સહિત કુલ રૂ.૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બંને શખસોની પુછતાછ કરતા તેના અન્ય બે સાથીદારોના નામ અરવિંદ રાજુભાઇ વઢીયારા(રહે. ગોંડલ ચોકડી પાસે, પેટ્રોલ પંપ પાછળ,રાજકોટ) અને શૈલેષ કાળુભાઇ સલાટ(રહે. ગોંડલ ચોકડી પેટ્રોલ પંપ પાસે) હોવાનું માલુમ પડયું હતું. રીક્ષા સંજય પરમાર હોવાનું જણાવ્યું હતું.ચારેય મિત્રો હોય કડકી દૂર કરવા પ્રૌઢને રીક્ષામાં બેસાડી રોકડ સેરવી લીધાનું રટણ કર્યું હતું.

# ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપમાં ગુજરાત પોલીસની ટીમ જાહેર

## ગુજરાત પોલીસ ટીમનું સુકાન રાજકોટના ASI ભગીરથસિંહ ખેરને સોંપાયું



આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

રાજકોટમાં પહેલી જ વખત ઓલ ઈન્ડિયા હોકી ચેમ્પિયનશિપનું આગામી તા.૪ના રોજ પ્રારંભ થઈ રહ્યો છે. ઓલ ઈન્ડિયા સ્પોર્ટ્સ બોર્ડના નેજા હેઠળ યોજાનાર હોકી ચેમ્પિયનશિપમાં વિવિધ રાજ્યોની પોલીસ ટીમ ઉપરાંત અલગ અલગ સૈન્યની ટીમો રાજકોટ આવી પહોંચી છે.ત્યારે યજમાન ગુજરાત પોલીસની ટીમના ખેલાડીઓની યાદી જાહેર કરવામાં આવી છે,ગુજરાત પોલીસ ટીમનું સુકાન સિનિયર હોકી પ્લેયર તેમજ રાજકોટ સિટી પોલીસના એ એસ આઈ ભગીરથસિંહ ખેરને સોંપવામાં આવ્યું છે.ગુજરાત પોલીસ ટીમમા ગોલકીપર ધર્મેન્દ્રસિંહ ઝાલા, હિતેષભાઈ જેસિંગભાઈ, બ્રિજરાજસિંહ રઘુભા, રવિભાઈ તુલસીદાસ, કમલેશભાઈ કાકવાભાઈ, મનીષભાઈ દેવકરણભાઈ, રમેશભાઈ મૂળજીભાઈ, વિશ્વદીપસિંહ ધર્મેન્દ્રસિંહ, ચેતનગીરી રાજેશગીરી, વિકેશભાઈ જગનભાઈ, શિવભદ્રસિંહ ધર્મેન્દ્રસિંહ, ભરતભાઈ દિલીપભાઈ, રૂપેશકુમાર દત્તારાઓ, જોગિંદરસિંઘ મનબીરસિંઘ, સંદીપકુમાર પ્રવિણભાઈ, વીરપાલસિંહ રાજેન્દ્રસિંહ, ધ્રુવરાજસિંહ હિતેન્દ્રસિંહ, ટીમ મેનેજર પી.આઈ. એસ.એન.રાઠોડનો સમાવેશ થાય છે.

# ફાયરિંગ કેસમાં પેંડાગેંગનો વોન્ટેડ આરોપી ભક્તિનગર સર્કલ પાસે ઝડપાયો

## આરોપી નાગજી ઉર્ફે નાગદાન બાવડાને શહેર પેરોલ ફર્લો સ્કવોડની ટીમ પકડયો

આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા શહેરમાં અલગ અલગ ગુનાઓમાં ભાગતા ફરતા આરોપીઓને ઝડપી લેવા કરેલા આદેશના પગલે ડીસીપી ક્રાઈમની સૂચનાથી રાજકોટ શહેર પેરોલ ફર્લો સ્કોવ્ડની ટીમે રાજકોટના મંગળા રોડ પર ફાયરિંગ પ્રકરણમાં વોન્ટેડ એવા પેંડા ગેંગના સાગરીત ને જલારામ ચોક ભકિતનગર સર્કલ પાસેથી ઝડપી પેરોલ ફર્લો સ્કોવડે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ રાજકોટ શહેર ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાની સૂચનાથી પીઆઇ ભાર્ગવસિંહ ઝણકાટના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ જે તેરૈયા અને ટીમને હકીકત મળી હતી કે રાજકોટના મંગળા રોડ ફાયરિંગ પ્રકરણમાં સંડોવાયેલ પેંડા ગેંગ નો સાગરીત નાગજી ઉર્ફે નાગદાન નકુભાઈ બાવડા રહે ખોડીયાર નગર શેરી નંબર ૧૨ વાળો ભક્તિનગર સર્કલ નજીક જલારામ ચોકમાં ઊભું છે જેથી પેરોલ ફર્લો સ્કોવડના પીએસઆઇ જે જી તેરૈયાની સૂચનાથી એક ટીમ જલારામ ચોક ભક્તિનગર સર્કલ નજીક દોડી જાય ફાયરિંગના ગુનામાં વોન્ટેડ એવા આરોપી નાગજી નાગદાન બાવડાને ઝડપી લીધો હતો.

આ અંગેની કામગીરીમાં પીઆઇ બી એમ ઝણકાટ,પીએસઆઇ જે જી તેરૈયા, એ.એસ.આઇ રાજદિપસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રભાઈ ગઢવી, રાહુલભાઈ ઠાકુર, જયેશભાઈ ચોહલા, કુલદીપ સિંહ જાડેજા, સહિતની ટીમ જોડાઈ હતી.

પોલીસ સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, પકડાયેલ શખસ મંગળા મેઈન રોડ પર ગેંગવોરમાં થયેલ ફાયરીંગના બનાવમાં હર્ષદીપસિંહ ઉર્ફે મેટિયો સાથે કારમાં હતો.

બનાવ બાદ આરોપી અલગ અલગ જગ્યાએ નાસતો ફરતો રહેતો હતો. હાલ એસઓજીની ટીમે આરોપીના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી હતી. જ્યારે હજું બંને ગેંગના પકડવાના બાકી સાતેક આરોપીની શોધખોળ યથાવત રાખી છે.

ઉલ્લેખનીય છે કે, પેંડા ગેંગ બાદ મુરઘા ગેંગ સામે થયેલ ગુજસીટોક એકટ કાર્યવાહી બાદ સીટની ટીમે તેના રહેણાંક મકાનો અને વાહનો સહિતની મિલકતની તપાસ હાથ ધરી હતી.

## સજાના વોરંટ બાદ ફરાર મવડીમાં રહેતો શખસ પકડાયો

આજકાલ પ્રતિનિધિ-રાજકોટ

નાસતા ફરતા સ્કોડ ઝોન -૨ ની ટીમે ચેક પરત ફરવાના કેસમાં સજાના વોરંટ બાદ નાસતા ફરતા મવડી ચોકડી પાસે રહેતા શખસને પકડી પાડી સજાના વોરંટની બજવણી કરી હતી.વિવિધ ગુનાઓમાં નાસતા ફરતા, વચગાળાના જામીનથી ફરાર તથા કોર્ટના સજાના વોરંટમાં ઘણા સમયથી ફરાર આરોપીઓને પકડી પાડવા ઉચ્ચ પોલીસ અધિકારીએ આપેલી સૂચાનાને લઇ ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇના માર્ગદર્શન હેઠળ એલસીબી ઝોન-૨ ના પી.એસ.આઈ. આર.એચ. ઝાલા અને તેની ટીમે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટના ગુનામાં રાજકોટ કોર્ટે ઈશ્યુ કરેલા સજાના વોરંટમાં નાસતો ફરતો આરોપી મહેશ વિસાભાઈ સવસળીયા(રહે જલારામ સોસાયટી શેરી નંબર ૨, મવડી ચોકડી પાસે)ને પકડી પાડી સજાના વોરંટની બજવણી કરી હતી.



# યુનિવર્સિટી પોલીસે સાયબર ફ્રોડમાં ગુમાવેલા ૫.૯૦ લાખ અને ૧૩ મોબાઈલ પરત અપાવ્યા

આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

યુનિવર્સીટી પોલીસની ટીમે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ સાયબર ફ્રોડનો ભોગ બનેલા અરજદારોને રૂ. ૫.૭૦ લાખની રોકડ પરત અપાવી હતી. જયારે રૂ. ૧.૯૦ લાખની કિંમતના ૧૩ મોબાઈલ ફોન શોધી કાઢી મૂળ માલિકોને પરત અપાવ્યા હતાં.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ અને એસીપી રાધિકા ભારાઈના સીધા સુપરવિઝન હેઠળ એનસીસીઆરપી અરજીમાં ભોગ બનનારના મહત્તમ નાણા પરત મળી રહે તે માટે કોર્ટ અરજીઓ કરાવવા સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જે સૂચના અનુસંધાને યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઇ એચ એન પટેલના માર્ગદર્શન હેઠળ ટીમે અલગ અલગ સાઈબર ફ્રોડમાં નાણા ગુમાવનાર



અરજદારોને રૂ. ૫,૭૦,૧૩૦ પરત અપાવેલ હતા તથા સીઈઆર પોર્ટલ દ્વારા ૧૩ ગુમ-ચોરાયેલા મોબાઈલ ફોન જેની કિંમત રૂ.૧,૯૦,૫૦૦ શોધી કાઢી મૂળ માલિકોને પરત અપાવ્યા હતા. આમ યુનિવર્સિટી પોલીસની ટિમએ રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ. ૭,૬૦,૬૩૦ નો મુદ્દામાલ મૂળ માલિકોને પરત અપાવ્યો હતો.

આ કામગીરીમાં યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઇ એચ એન પટેલ, એએસઆઇ સંજયભાઈ ઠાકર, કોન્સ્ટેબલ સાવનભાઈ વસોયા અને ગૌતમભાઈ વાળા રોકાયા હતા.

## રૈયા રોડ પર સુભાષનગરમાં આવેલા મકાનમાં સવારના સુમારે આગ ભભૂકી

આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

શહેરના રૈયા રોડ પર સુભાષનગરમાં આજરોજ સવારના સુમારે મકાનમાં આગ લાગી હતી. જે અંગેની જાણ થતા ફાયર બ્રિગેડની ટીમ ફાયર ફાઈટર સાથે અહીં પહોંચી હતી. ફાયરના સ્ટાફે પાણીનો મારો ચલાવી આગ બુજાવી હતી. આગની આ ઘટનામાં કોઈ જનહાની થવા પામી નથી તેમજ સામાન્ય નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.શહેરના રૈયા રોડ પર સુભાષનગર શેરી નંબર-૧ ના ખૂણા પાસે આવેલા મકાનમાં સવારના સુમારે આગ લાગી હતી. જે અંગેની જાણ કરાતા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ફાયર ફાઈટર અને એમ્બ્યુલન્સ સાથે અહીં પહોંચી હતી. આગ અહીં આગળના ભાગે આવેલા રૂમમા લાગી હતી. ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. બનાવ અંગે અહીં હાજર મકાન માલિક ઈકબાલભાઈ ઈબ્રાહીમભાઈના જાણાવ્યા મુજબ,આગની આ ઘટનામાં સામાન્ય નુકસાન થયું છે સદભાગ્યે જાનહાની થઈ નથી.

# રાજકોટ કે મિલાવટ-કોટ ? ખાદ્યપદાર્થોના સાત સેમ્પલમાં ભેળસેળ, રૂા.૩ લાખનો દંડ

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

રંગીલુ રાજકોટ હવે મિલાવટ કોટ બની ગયું છે, તાજેતરમાં શુધ્ધ ઘી, માવો, શ્રીખંડ, મોદક, પનીર સહિતના કુલ સાત સેમ્પલ પરીક્ષણમાં ફેઈલ જતા રૂ.ત્રણ લાખનો દંડ કરવા હુકમ કર્યો છે.

મહાપાલિકાના ફૂડ વિભાગના સિનિયર ડેઝીગ્રેટેડ ફૂડ સેફ્ટી ઓફિસર ડો.હાર્દિક બી.મેતાએ વિગતો જાહેર કરતા જણાવ્યું હતું કે, મહાપાલિકા દ્વારા લેવામાં આવેલ ખાધ્યપદાર્થના સાત નમૂના લેબોરેટરી પરીક્ષણમાં ફેઈલ (સબસ્ટાન્ડર્ડ) હોવાનું જાહેર થતાં એજ્યુડિકેટિંગ ઓફિસર અને નિવાસી અધિક કલેટર સમક્ષ કેસ ચાલી જતાં કુલ રૂ.ત્રણ લાખનો દંડ વસૂલવા તેમણે હુકમ કર્યો હતો.


શ્રી સિયારામ વિજય પટેલ આઈસ્ક્રીમ એન્ડ ડેરી ફાર્મ, બોલબાલા માર્ગ, ગાયત્રી નગર-૪/૧૦, વાણિયાવાડી પાસે, રાજકોટ મુકામેથી ગાયનું શુધ્ધ ઘી (લુઝ)નો નમુનો લેવામાં આવેલ. જે રીએનાલિસિસ રિપોર્ટમાં - આયોડિન વેલ્યૂ, સેપોનીફિકેશન વેલ્યૂ, બીઆર રીડિંગ, રિચર્ટ વેલ્યૂ નિયત ધારાધોરણ મુજબની ન હોય તેમજ અન આઈડેન્ટિફાઈડ યેલો ઓઈલ સોલ્યુબલ સિન્થેટિક કલર તથા ફોરેન ફેટની હાજરી મળી આવતા નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ. જે અંગેના કેસમાં એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર રાજકોટ દ્વારા નમુનો આપનાર પેઢીના માલિક આંબાલાલ ગિરધરભાઈ સાકરીયાને રૂ.૧.૮૦ લાખના દંડનો હુકમ કર્યો છે.

શ્રધ્ધા ગુલાબ જાંબુ, સાંઈકૃપા, શિવ હોટલ પાસે, બરફના કારખાના પાસે, મહાદેવવાડી મેઈન રોડ, રાજકોટ મુકામેથી મોળો માવો (લુઝ)નો નમુનો લેવામાં આવેલ. જે પુથ્થકરણ રિપોર્ટમાં આયોડિન વેલ્યૂ, સેપોનીફિકેશન વેલ્યૂ, બીઆર રીડિંગ, રિચર્ટ વેલ્યૂ નિયત ધારાધોરણ મુજબની ન હોય તેમજ વેજીટેબલ ઓઈલની હાજરી મળી આવતા નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ. જે અંગેના કેસમાં એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર રાજકોટ દ્વારા નમુનો આપનાર પેઢીના માલિક રૂપેશભાઈ દિનેશભાઈ પરમારને રૂ.૫૦ હજારના દંડનો હુકમ કર્યો છે.

શ્રી ખોડિયાર ડેરી ફાર્મ, ગામ-મવડી, પટેલ શેરી, રીયલ પ્રાઈમ બિલ્ડીંગ પાછળ રાજકોટ મુકામેથી કેસર શિખંડ (લુઝ)નો નમુનો લેવામાં આવેલ. જે પુથ્થકરણ રિપોર્ટમાં સિન્થેટીક ફૂડ કલરની હાજરી તથા કેસરની ગેરહાજરી મળી આવતા નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ. જે અંગેના કેસમાં એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર રાજકોટ દ્વારા નમુનો આપનાર-પેઢીના સંચાલક સોનું લખતસિંગ યાદવ અને પેઢીના માલિક વિજયભાઈ મગનભાઈ ઘાડિયાને કુલ મળીને કુલ રૂ. ૨૦ હજારનો દંડનો હુકમ કર્યો છે.

નીલેશ ડેરી ફાર્મ, નવા થોરાળા શેરી નં.૪/૬ કોર્નર, રામનગર સોસાયટી, રાજકોટ મુકામેથી ચોકલેટ મોદક (મીઠાઈ-લુઝ)નો નમુનો લેવામાં આવેલ. જે પુથ્થકરણ રિપોર્ટમાં સિન્થેટીક ફૂડ કલર (ટાટ્રાઝીન) ની માત્રા નિયત ધારાધોરણ કરતાં વધુ મળી આવતા નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ. જે અંગેના કેસમાં એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર રાજકોટ દ્વારા નમુનો આપનાર-પેઢીના સંચાલક પ્રદીપભાઈ મનસુખભાઈ સોજીત્રા અને પેઢીના માલિક મનસુખભાઈ મોહનલાલ સોજીત્રાને કુલ મળીને રૂ.૨૦ હજારનો દંડનો હુકમ કર્યો છે.વિશાલ ચાઈનીઝ પંજાબી, મિલન કોમ્પ્લેક્ષ, શોપ નં. ડી-૫, ૧-ભારતીનગર કોર્નર, ૮૦ ફૂટ રોડ, લાખના બંગલા રોડ, રાજકોટ મુકામેથી પનીર (લુઝ)નો નમુનો લેવામાં આવેલ જેના પુથ્થકરણ રિપોર્ટમાં નિયત તત્વો ધારા ધોરણ કરતાં ઓછા હોવાથી તેમજ ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ) અને તીલ ઓઈલની હાજરી મળી આવતા નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલ. જે અંગેના કેસમાં એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર રાજકોટ દ્વારા નમુનો આપનાર- પેઢીના માલિક ગોપાલ દલબહાદુર થાપાને રૂ.૧૦ હજારના દંડનો હુકમ કર્યો છે.

# ગિરનાર પર્વત પર ૧૦.૮, નલિયામાં ૧૦ ડિગ્રી ઠંડી



**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

લઘુતમ તાપમાનના પ્રમાણમાં સામાન્ય વધઘટ સાથે ઠંડીનું પ્રમાણ ખાસ નોંધપાત્ર નથી. આજે ગિરનાર પર્વત ઉપર લઘુતમ તાપમાન ૧૦.૮ અને નલિયામાં ૧૦ ડિગ્રી નોંધાયું છે.

રાજ્યના અન્ય શહેરોના લઘુતમ તાપમાનની વાત કરીએ તો જુનાગઢ શહેરમાં ૧૫.૮ ભવનાથ તળેટીમાં ૧૩.૮ રાજકોટમાં ૧૫.૮ ભુજમાં ૧૬ ડીસામાં ૧૬.૪ પોરબંદરમાં ૧૭.૨ વેરાવળમાં ૧૯.૩ ઓખામાં ૨૧.૫ કંડલા માં ૧૭.૫ ગાંધીનગરમાં ૧૫.૫ સુરતમાં ૧૭.૬ અમદાવાદમાં ૧૬.૫ વડોદરામાં ૧૫.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે.મહત્તમ તાપમાન મોટાભાગના શહેરોમાં ૩૦ ડિગ્રીથી વધુ રહ્યું છે ગઈકાલે રાજકોટમાં મહત્તમ તાપમાન ૩૨.૬ ડિગ્રી હતું તે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચું હતું.

# ગોંડલમાં કાપેલા પાણી, વીજળીના જોડાણો ૪૮ કલાકમાં પુનઃસ્થાપિત કરવા કોર્ટનો હુકમ

**ભાડુઆતને ન્યાય : સત્તાવાળાઓને કડક ચેતવણી : મૂળભૂત સેવાઓ કાપીને કોઈ ભાડુઆતને હેરાન કરવો કાયદેસર રીતે સંપૂર્ણપણે પ્રતિબંધિત છે**

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

ગોંડલ સિવિલ કોર્ટે તાજેતરમાં મહત્વપૂર્ણ આદેશમાં ૪૮ કલાકમાં વીજળી અને પાણી કનેક્શન ચાલુ કરવા આદેશ કર્યો હતો. જેમાં ગોંડલમાં સ્ટેશન પ્લોટમાં માત્ર મકાન માલિકની અરજીથી નગરપાલિકાએ કાપી નાખેલ પાણી જોડાણ અને પીજીવીસીએલ દ્વારા કપાયેલ વીજ જોડાણ ૪૮ કલાકમાં પુનઃસ્થાપિત કરી દેવા સિવિલ કોર્ટ દ્વારા આદેશ આપવામાં આવ્યો હતો.

આ અંગેની હકીકત મુજબ, ગોંડલમાં સ્ટેશન પ્લોટ શેરી નં.૧૩માં ભાડાના મકાનમાં રહેતા રાજેન્દ્રકુમાર જોષી કે જે ૨૦૦૮થી કાયદેસર ભાડૂઆત તરીકે રહેતા હોઈ, આ મિલકતમાં માત્ર મકાન માલિકની અરજી ઉપરથી અને કોઈપણ નોટિસ આપ્યા વિના તા.૧૪-૧૧-૨૦૨૫ના રોજ ગોંડલ નગરપાલિકા દ્વારા પાણી અને દ્વારા વીજળી જોડાણો ગેરકાયદેસર રીતે કાપી નાખવામાં આવ્યા હતા.

આ બાબતે ભાડુઆત રાજેન્દ્રભાઈ જોષીએ તેમના વકીલ મારફત અરજી કરીને તાત્કાલિક ન્યાય માટે કોર્ટમાં ધા નાખી હતી. જેમાં એડવોકેટની મુદ્દાસરની રજૂઆતો અને દલીલો ધ્યાને ગોંડલ સિવિલ કોર્ટ દ્વારા મૂળભૂત સેવાઓ કાપીને કોઈ ભાડુઆતને હેરાન કરવો કાયદેસર રીતે સંપૂર્ણપણે પ્રતિબંધિત છે. આવું વર્તન બંધારણીય અધિકારોનો સીધો ભંગ છે. એવી ટીપ્પણી સાથે મકાન માલિકની અરજીથી કાપી નાખવામાં આવેલા પાણીના અને વીજળીના જોડાણો ૪૮ કલાકમાં ચાલુ કરી દેવા ગોંડલ નગરપાલિકા અને પીજીવીસીએલને હુકમ કર્યો હતો. આ અંગે વકીલ સંજય પંડિતે જણાવ્યું છે કે જો કોઈ તંત્ર અથવા મકાનમાલિક પાણી, કે વીજળી કાપે તો કોર્ટ તરત જ રક્ષણ આપે છે. આ કામે અરજદાર વતી પંડિત એસોસિએટસના એડવોકેટ બીનીતા જે. પટેલ, દિનેશ પાતર, અરુણ સિંગલ, કલ્પેશભાઈ મોરી, જીગ્નેશ પંડયા વિગેરે રોકાયા હતા.

# રાજકોટ-વડોદરામાં ૨૨ હજાર કરોડના ખર્ચે મેટ્રો રેલનો પ્રોજેકટઃ કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલી

**રાજકોટમાં ૪૦ કિલોમીટરની લંબાઈઃ ૭૦૦૦ કરોડનો ખર્ચઃ ૨૦૨૭ સુધીમાં કામ પુરું કરવામાં આવશે**

**આજકાલ પ્રતિનિધિ**
**ગાંધીનગર**

આગામી વિધાનસભા ૨૦૨૭ની ચૂંટણી પહેલા શહેરી પરિવહનનો ચહેરો બદલાશે. વડોદરા રાજકોટમાં મેટ્રો રેલનો નિર્ણય ડિસેમ્બર મહિનાના અંત સુધીમાં લેવાઈ જશે આ માટેની દરખાસ્ત રાજ્ય સરકારે કેન્દ્રને મોકલી આપી છે.

રાજકોટ અને વડોદરા મેટ્રો રેલની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત સરકારે મેટ્રો રેલને વિસ્તારવાનો નિર્ણય કર્યો છે રૂપિયા ૨૨૦૦૦ કરોડના ખર્ચે રાજકોટ અને વડોદરામાં મેટ્રો રેલ ઉપલબ્ધ કરાવવા ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટની એક દરખાસ્ત ભારત સરકારને મોકલી આપી છે. ડિસેમ્બર મહિનાના અંત સુધીમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવશે. રાજકોટ મેટ્રો રેલ ની પ્રસ્તાવિત લંબાઈ ૪૦ કિલોમીટર છે ખર્ચનો અંદાજ ૭૦૦૦ કરોડ મુકવામાં આવ્યો છે અને ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે જ્યારે વડોદરા માટે ૬૦ કિલોમીટર મેટ્રો રેલની લંબાઈ પાછળ ૧૦૦૦૦ કરોડના ખર્ચની અંદાજ મૂકવામાં આવ્યો આ કામ ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

સત્તાવાર સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર અમદાવાદ સુરત રાજકોટ અને વડોદરા સેવા સંપૂર્ણપણે કાર્યરત થયા બાદ ટ્રાફિક જામની સમસ્યામાં અંદાજે ૩૦ ટકાનો ઘટાડો થશે સાથોસાથ પ્રદૂષણમાં પણ ઘટાડો થશે લોકોની અવર-જવર ખૂબ ઝડપી બનશે ગુજરાત સરકારે વડોદરામાં રૂપિયા ૧૦,૦૦૦ કરોડના ખર્ચે ૬૦ કિલોમીટરની અને રૂપિયા ૭૦૦૦ કરોડના ખર્ચે રાજકોટમાં ૪૦ કિલોમીટર લંબાઈની મેટ્રો રેલનો ડીપીઆર તૈયાર કરીને કેન્દ્ર સરકારને મોકલી આપ્યો છે જેને ડિસેમ્બર ૨૦૨૫ના અંત સુધીમાં મંજૂરી આપવામાં આવે તેવી સંભાવના જોવામાં આવી રહી છે. ૯

વર્ષ ૨૦૨૭ની રાજ્ય વિધાનસભાની ચૂંટણી યોજાય તે અગાઉ આ બંને પ્રોજેક્ટ પૂર્ણ કરવાની ગણતરી મૂકવામાં આવી રહી છે અમદાવાદ મેટ્રો ભારતની સૌથી ઝડપી વિસ્તારતી મેટ્રો સિસ્ટમની એક છે હાલ ૬૦.૦૬ કિલોમીટરનું નેટવર્ક ૪૭ સ્ટેશન સાથે કાર્યરત છે જેમાં દરરોજના ૧.૫ લાખ મુસાફરો સફર કરે છે અત્યારે અમદાવાદ મેટ્રો નો બીજો ફેસ શરૂ થયો છે જેમાં ૭૮ ટકા જેટલું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે.

ભારતના વિકસિત શહેરોમાં સુરત નો સમાવેશ થઈ રહ્યો છે સુરત મેટ્રો રેલ માટે ૪૧.૯૩ નેટવર્ક બનાવવાની કામગીરી ચાલી રહી છે તેમાંથી કિલોમીટર એલિવેટેડ અને સાત કિલોમીટર અંડરગ્રાઉન્ડ છે. વર્ષ ૨૦૨૧ માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેની પ્રથમ ઈંટ મૂકી હતી સુરતમાં ફેસ વનમાં ૩૮ સ્ટેશન સાથે ૪૦.૨૫ કિલોમીટર જેટલી મેટ્રો ટ્રેન શરૂ કરવા માટે માર્ચ ૨૦૨૫માં કામ શરૂ કરવામાં આવ્યું હતું જેમાં સ્ટેશન સાથે ૨૧.૬૧ કી.મી.ની રેલ સરથાણાથી ડ્રીમ સિટી સુધી ૧૮ સ્ટેશન સાથે ૧૮.૭૮ કિ.મીની રેલ ભેસાણથી સારોડી સુધી તૈયાર કરાશે અંદાજે ૧૨૦૨૦ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ ડિસેમ્બર ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થશે તેવો અંદાજ મુકવામાં આવ્યો છે.

# વિવાદાસ્પદ યુટયુબર બન્ની ગજેરા સામે રૂા.૩.૬૦ લાખ ઓળવી જવાની ફરિયાદ

**કમઢીયા મંદિરે મુલાકાત બાદ સાજડિયાળીના યુવાનને બન્ની સાથે મિત્રતા થઇ હતીઃ બન્નીએ કંપીનમાં રોકાણની વાત કરતા યુવાને રૂા.૩.૬૦ લાખ આપતા ચાઉં કરી ગયોઃ પૈસા પરત માગતા ધમકી**

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**



વિવાદાસ્પદ યુટ્યુબર બન્ની ગજેરા સામે વધુ એક ગુનો નોંધાયો છે. મૂળ લીલી સાજડીયાળીના વતની અને હાલ રાજકોટમાં કોઠારીયા ગામે રહેતા યુવાનને રોકાણ પર સારા વળતરની લાલચ આપી રૂ. ૩.૬૦ લાખ મેળવી બાદમાં પૈસા પરત કર્યા ન હતાં. જેથી આ અંગે યુવાને જતપુર સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

મૂળ રાજકોટ તાલુકાના લીલી સાજડીયાળીના વતની અને હાલ કોઠારીયા ગામ, આશિર્વાદ સોસાયટીમાં ભાડેથી રહેતા યુવાન કશ્યપભાઈ કિશોરભાઈ રામાણી(ઉ.વ. ૩૩) એ જેતપુર સીટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ભાવિન ઉર્ફે બન્ની ગોરધનભાઈ ગજેરાનું નામ આપ્યું છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે, તે અગાઉ ગોંડલ-જેતપુર રોડ સાંઢીયા પુલ પાસે આવકાર રેસીડેન્સીમાં બ્લોક નં.૯૪ માં રહેતો હતો. પરીવારની આર્થિક સ્થિતિ નબળી હોય જેથી આ મકાન વર્ષ ૨૦૨૪ માં વેચી દીધું હતું. બાદ યુવાન ઈમીટેશન જવેલરીની મજુરીકામ કરતો હોય અને તેનો વહીવટ રાજકોટ ખાતે હોય જેથી રાજકોટ ખાતે ભાડેથી રહેવા જતાં રહ્યા હતા.

યુવાને જણાવ્યું હતું કે, પરિવારની આર્થિક સ્થિતિમાં સુધારો થાય તેના માટે તે કમઢીયા ગામે મામાદેવના મંદીરે દોરા-ધાગા કરાવવા જતો હતો. જયા ભાવીન ઉર્ફે બન્ની ગોરધનભાઈ ગજેરા (રહે.મોટાગુંદાળા, જેતપુર) પણ આવતો હોય જેથી મારે તેની સાથે મિત્રતા થઈ હતી. ચારેક મહિના પહેલા યુવાન જેતપુર જેલમાં હતો. ત્યારે બન્ની ગજેરા પણ કોઈ ગુનામા જેતપુર જેલમાં આવતા બન્ની ગજેરા સાથે વાતચીત દરમિયાન યુવાને તેને પોતાના પરીવારની આર્થિક સ્થિતિ નબળી છે અને ગોંડલ ખાતે મકાન હતુ તે પણ વેચાઈ ગયેલ છે તેવી વાત બન્ની ગજેરાને કરી હતી. ત્યારે બન્ની ગજેરાએ કહ્યું હતું કે, મારી પાસે એક કંપનીના ૨૦૦ કરોડનું કામ છે, તે કંપનીમાં હું એજન્ટ છુ અને તેમાં કીટ વિતરણનું કામ કરવાનુ છે, તેમાં તું રોકાણ કર તો સારૂ એવુ વળતર મળશે અને તારે મકાન લેવાના પૈસાનુ સેટિંગ થઈ જશે તેવુ કહ્યું હતું.

જુન મહિનામાં યુવાન જેલમાંથી છુટતા બાદમાં યુવાને બન્ની ગજેરાને જે કંપનીમાં એજન્ટ છે તે કંપનીમાં રોકાણ કરવા માટે કટકે કટક રૂ.૩.૬૦ લાખ આપ્યા હતા.

બાદમાં યુવાને ભાવીન ઉર્ફે બન્ની ગજેરાને આપેલ રૂ.૩.૬૦ લાખ બાબતે પુછતા તે સરખો જવાબ આપતો નહીં અને છેલ્લે એકાદ મહીના પહેલા તેણે વોટસએપ મેસેજમાં ગાળો આપી 'તારી પાસે પ્રુફ હોય તો લઈને આવજે, મારી પાસે તારા બધા રેકોર્ડિંગ અને ચેટ છે, એટલે મજા મજા કર, નવી તારીખ ભરવા તૈયાર રે' તેવુ કહી કોઈ ગુનામાં ફીટ કરાવી દેવાની ધમકી આપી હતી.જેથી યુવાને જેતપુર સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સરકારી યુનિવર્સિટીમાં ભરતીમાં યુજીસી અને કોમન એકટના જુદા જુદા નિયમોથી દ્વિધા

**યુજીસીની કમિટીમાં રાજ્યપાલનો પ્રતિનિધિ અને કોમન એકટમાં સરકારના પ્રતિનિધિનો ઉલ્લેખ**

**આજકાલ પ્રતિનિધિ**
**ગાંધીનગર**

અધ્યાપકોની ભરતી પ્રક્રિયાને લઈને હાલમાં ભારે વિસંગતતા ઉભી થઈ છે. કોમન એકટમાં કરાયેલી જોગવાઈ પ્રમાણે અધ્યાપકોની ભરતી કરવામાં આવે તો યુજીસીના નિયમોનું ઉલ્લંઘન થાય તેમ છે. યુજીસીના નિયમો પ્રમાણે ભરતી કરવામાં આવે તો કોમન એક્ટના નિયમોનું ઉલ્લંઘન થાય તેમ છે. આમ, હાલમાં રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં ભરતી પ્રક્રિયા મુશ્કેલ બની છે.

રાજ્ય સરકાર દ્વારા સરકારી યુનિવર્સિટીઓમાં ભરતી સહિતની પ્રક્રિયામાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન (યુજીસી)ના નિયમોનું પાલન કરવામાં આવે છે તેવું સ્વીકારવામાં આવ્યું છે.સૂત્રો કહે છે કે, સરકારે ભૂતકાળમાં ભરતી પ્રક્રિયા સહિતની કાર્યવાહીમાં યુજીસીના નિયમો સ્વીકારવામાં આવેલ છે.આ પ્રક્રિયામાં પણ યુજીસીના નિયમનું પાલન કરવું ફરજિયાત છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશનના નિયમ પ્રમાણે કોઈપણ યુનિવર્સિટીમાં અધ્યાપકની ભરતી કરવામાં આવે ત્યારે જે ભરતી કમિટી હોય તેમાં રાજ્યપાલનો પ્રતિનિધિ હોવો જરૂરી છે. ગુજરાતમાં કોમન એક્ટ લાગુ કરવામાં આવ્યા બાદ ભરતીપ્રક્રિયામાં નવી વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં ભરતી પ્રક્રિયા માટેની કમિટીમાં રાજ્યપાલના પ્રતિનિધિ ની જગ્યાએ સરકારના પ્રતિનિધિ નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હાલમાં યુનિવર્સિટી દ્વારા જુદી જુદી જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે તો રાજ્યપાલના પ્રતિનિધિ ની જગ્યાએ સરકારના પ્રતિનિધિની નિયુક્તિ કરવામાં આવી રહી છે મહત્વની વાત એ છે કે આ પ્રમાણે થતી ભરતી પ્રક્રિયામાં યુજીસીના નિયમોનું સીધું ઉલ્લંઘન થઈ રહ્યું છે.

# અટલ સરોવરે એર શોનું રિહર્સલ, દિલધડક કરતબો



રાજકોટમાં ભારતીય વાયુસેનાની પ્રખ્યાત સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા આયોજિત ભવ્ય એર શોની તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં છે. આ કાર્યક્રમની ભવ્યતાનો અંદાજ આપતા આજે સૂર્યકિરણ ટીમનાં છ વિમાનો દ્વારા અટલ સરોવર ખાતે મીની રિહર્સલ કરવામાં આવ્યું હતું. રિહર્સલ દરમિયાન આ વિમાનોએ રાજકોટના આકાશમાં દિલધડક કરતબોની પ્રેક્ટિસ કરી હતી જેણે આસપાસના લોકોમાં ભારે ઉત્સાહ જગાવ્યો હતો અને સાત ડિસેમ્બર, રવિવારના મુખ્ય શો માટેની આતુરતા વધારી દીધી છે. તસવીરમાં આજે એર શો રિહર્સલ થયું હતું તે દ્રશ્યમાન થાય છે. ( તસવીરઃ દર્શન ભટ્ટી)

દેશ-પરદેશની **આજકાલ**

તંત્રી સ્થાનેથી

# વેનેઝુએલાઃ કીડી પર કટક લઈ હલ્લો કરવાનું કારણ શું?

પેલી વરુ અને ઘેટાંના બચ્ચાંની વાર્તા જેવું જ અદ્દલ થઈ રહ્યું છે. નદીએ પાણી પી રહેલાં ઘેટાંને વાંકમાં લેવા વરુએ કહ્યું કે એય ઘેટાં, મને તારું એંઠું પાણી પીવડાવે છે? ઘેટાંના બચ્ચાંએ ગભરાઈને કહ્યું કે પણ પાણીનું વહેં તો તમારા તરફથી મારી તરફ આવે છે, તમે એંઠું કરેલું પાણી મને મળે છે. વરુને તો બચ્ચાંને વાંકમાં જ લેવું હતું એટલે મારી સામે બોલે છે? કહીને બચ્ચાંને ખાઈ ગયું. આવું જ અમેરિકા અગાઉ ઘણા દેશો સાથે કાર્ય પછી વેનેઝુએલા સાથે કારવાનો પ્રયાસ કરી રહ્યું છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ લાંબા સમયથી વેનેઝુએલા પર ડ્રગ હેરફેરનો આરોપ લગાવી રહ્યા છે. જો કે, આ તો વેનેઝુએલાને દબાવવાનું બહાનું માત્ર છે. અમેરિકાને ગમતા ન હોય એવા દેશને ખરાબ ચીતરીને તેના પર હુમલો કરવાની અમેરિકાની ચાલ બહુ જૂની છે અને આખી દુનિયા મજબૂરીથી એમાં ફસાય પણ છે. રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોએ આ આરોપોને સતત નકારી કાઢ્યા છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને વેનેઝુએલા વચ્ચેના સંબંધો લાંબા સમયથી તણાવપૂર્ણ રહ્યા છે. આ દુશ્મનાવટ ફક્ત માદુરો યુગથી જ નથી. વેનેઝુએલાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હ્યુગો ચાવેઝથી લઈને વર્તમાન રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો સુધી, વેનેઝુએલાના નેતાઓ યુનાઈટેડ સ્ટેટ્સને સામ્રાજ્યવાદી શક્તિ તરીકે જુએ છે. તેઓ સતત માનતા રહ્યા છે કે જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સ કોઈપણ દેશમાં સત્તા કબજે કરી શકાતું નથી, ત્યારે તે તેની સરકાર પર દબાણ લાવવા માટે પ્રયાસ કરે છે. વેનેઝુએલાએ ક્યારેય યુનાઈટેડ સ્ટેટ્સ તરફ મિત્રતાનો હાથ લંબાવ્યો નથી, કે તેના નેતાઓ સામે ઝૂક્યું નથી. બંને દેશો વચ્ચે તણાવ કેટલો વધ્યો છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ટ્રમ્પે રાષ્ટ્રપતિ તરીકેના તેમના પહેલા કાર્યકાળ દરમિયાન વેનેઝુએલા પર અનેક આર્થિક પ્રતિબંધો લાદ્યા હતા. તેમણે માદુરો પર દબાણ લાવવા માટે વેનેઝુએલાનો કરોડરજ્જુ ગણાતા તેલ ઉદ્યોગ પર પણ પ્રતિબંધ મૂક્યો હતો. આ છતાં, વેનેઝુએલા યુનાઈટેડ સ્ટેટ્સ સામે ટકી રહ્યું. જ્યારે ટ્રમ્પને આ એટીટ્યુડરુચ્યો નહીં ત્યારે, ત્યારે તેમણે વેનેઝુએલા પર કબજો કરવાની અને શાસન ઉથલાવી પાડવાની ધમકી આપી. તે પછી પણ, વેનેઝુએલા યુનાઈટેડ સ્ટેટ્સ સામે ઝૂક્યું નહીં. રસપ્રદ વાત એ છે કે, અમેરિકા એ જ વેનેઝુએલાના તેલ ઉદ્યોગ પાસેથી તેલ ખરીદી રહ્યું છે જેના પર અમેરિકાએ પ્રતિબંધ મૂક્યો છે. જોકે, આ વર્ષના માર્ચમાં ટ્રમ્પે જાહેરાત કરી હતી કે તેઓ વેનેઝુએલાથી તેલ કે ગેસ ખરીદનારા કોઈપણ દેશ પર ૨૫% ટેરિફ લાદશે. આ વ્યૂહરચના દ્વારા ટ્રમ્પે વેનેઝુએલાના તેલ ઉદ્યોગને નિયંત્રિત કરવાનો પ્રયાસ કર્યો પરંતુ નિષ્ફળ ગયા. ટ્રમ્પની નારાજગીનું આ પણ એક કારણ છે. વેનેઝુએલાનું સ્થાન પણ ટ્રમ્પની નારાજગીનું એક કારણ છે. તેની ઉત્તરીય સરહદ કેરેબિયન સમુદ્ર અને એટલાન્ટિક મહાસાગરને મળે છે. આ સરહદ અસંખ્ય નાના ટાપુઓથી પથરાયેલી છે. આ વિસ્તાર કેરેબિયનમાં દરિયાઈ વેપાર માર્ગો અને તેલ નિકાસ માટે મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોને નિયંત્રિત કરે છે. આ જ કારણ છે કે અમેરિકા વેનેઝુએલાને પોતાના નિયંત્રણ હેઠળ ઈચ્છે છે, પરંતુ માદુરો સતત તેમની યોજનાઓને નિષ્ફળ બનાવે છે અને ટકી રહે છે.

# સમયદ્વીપ ભગવદ્ગીતા

## અવ્યય, અજર એવા જીવતા વિચારોએ આ વિશ્વને સુંદર, જીવવા યોગ્ય બનાવ્યું છેઃ શ્રીકૃષ્ણએ પ્રબોધેલી ગીતા સમયના વહેણની સાથે વહેવા સક્ષમ છે એટલે જ દરેક સમયમાં પ્રસ્તુત રહે છે

**વિચાર**

કાના બાંટવા

શ્રીમદ્ ભગવદ્ગીતા સમયની નદી પર તરતો જીવંત દ્વીપ, ટાપુ છે. એ એક સમયખંડમાં અટકી ગયેલી નથી, સમયના વહેણની સાથે સતત તરતી રહે છે અને એથી સદાય વર્તમાનમાં રહે છે. ક્યારેક ભૂતકાળમાં જતી નથી, ભૂતકાળ બનતી નથી. હા, ક્યારેક ભવિષ્યમાં ડોકિયું જરૂર કરી આવે છે, વહેણની આગળ નીકળી જાય છે એટલે જ ગીતા ભવિષ્યનો ધર્મગ્રંથ છે. જેમ જેમ સમય વહેતો જાય છે તેમ તેમ ગીતા વધુને વધુ સાંપ્રત-સુસંગત બનતી જાય છે. ગીતા જયંતી નિમિત્તે થોડી હટકે ચર્ચા ભગવદ્ ગીતાની કરીએ.

મોટાભાગનું ચિંતન, વિચારો જે તે સમયમાં રીલેવન્ટ, પ્રસ્તુત, પ્રાસંગિક, સમયોચિત હોય છે પણ જેમ જેમ સમય વિતતો જાય છે તેમ તેમ આ વિચારો જૂના થતા જાય છે, જગત આગળ નીકળી જાય છે, તે ચિંતન ભૂતકાળમાં ફસાઈને ત્યાં જ રહી જાય છે. તેની પ્રસ્તુતતા ઘટતી જાય છે, અપ્રાસંગિક, અસંગત બનતા જાય છે. તેની જડતા ઉઘાડી પડતી જાય છે. તેનાં છીદ્રો વધુ ઉજાગર થાય છે. તેની નબળાઈઓ સામે આવવા માંડે છે. તેની મર્યાદાઓ સ્પષ્ટ થઈ જાય છે. અંતે આ વિચારો-ચિંતન બિનઉપયોગી બની જાય છે, ક્ષીણ થઈ જાય છે, ભૂલાઈ જાય છે. પણ જે વિચારો સમયના વહેણની સાથે ચાલી શકે એટલા નિત્ય, શાશ્વત હોય તે સમય જતાં ધર્મ બની જાય છે, જીવનનો માર્ગ બની જાય છે, સામાજિક નિયમો બની જાય છે. સમયની સાથે તે નીખરે છે, પ્રસ્તુત રહે છે, કાલજયી બની જાય છે. સમયની થપાટો તેને ક્ષીણ કરી શકતી નથી. વિચારોની સુસંગતતા, રીલેવન્સ એને જીવંત રાખે છે. અવ્યય, અજર એવા જીવતા વિચારોએ આ વિશ્વને સુંદર, જીવવા યોગ્ય બનાવ્યું છે, માનવીને પશુતાથી ઉઠાવીને પ્રબુધ્ધતા સુધી પહોંચાડ્યો છે. જે વિચારો એક સમયખંડ માટે પ્રસ્તુત હતા પણ તે પછીના સમય માટે જે બંધ બેસતા નહોતા તેને જગતમાંથી આપમેળે જ જાકારો મળ્યો છે. કાર્લ માર્કસનો સામ્યવાદનો વિચાર તે સમયે સુસંગત હતો એટલે તેણે વિશ્વના બહુ મોટા સમૂદાયને પોતાની તરફ આકર્ષિત કર્યો હતો પરંતુ સમય જતાં આ વિચારધારાની ખામીઓ સામે આવી. એના અમલમાં પડનારી મુશ્કેલીઓ સામે આવી અને એ વિચારધારા ક્ષીણ થઈ ગઈ. હજુ પણ સામ્યવાદ સદીઓ સુધી અમુક મર્યાદિત સમુદાયને આકર્ષતો રહેશે પણ, જે જુવાળ માર્કસએ દાસ કેપિટલ લખ્યું તે સમયે હતો તે પરત નહીં આવે. દર્શન શાસ્ત્રમાં, ધર્મમાં એવી ઘણી વિચારધારા આવી જે તત્કાલીન સમયમાં ઉપયુક્ત હતી, જરૂરી હતી, બંધ બેસતી હતી પરંતુ તે વિચારધારા ભવિષ્યમાં ટકી રહી શકે એટલી મજબૂત નહોતી. ભારતમાં એક સમયે નિરીશ્વરવાદ, વામમાર્ગ વગેરેની બોલબાલા હતી. બૌધ્ધ અને જૈન ધર્મ પણ એક સમયે બહુ મોટાપાયે વિકસ્યા હતા. આજે ભારતમાં જૈન ધર્મ મર્યાદિત સમૂહમાં છે. બૌધ્ધ ધર્મ પણ મર્યાદિત ચોકઠામાં છે. એ જ બૌધ્ધ ધર્મ ભગવાન બુધ્ધના નિર્વાણના ઘણા વર્ષો પછી બૌધિધર્મ દ્વારા ચીનમાં પ્રસરાવવામાં આવ્યો અને આજે પણ ચીન-જાપાનમાં બૌધ્ધ ધર્મ મુખ્ય ધર્મ તરીકે પ્રવર્તે છે.

ગીતા જીવંત વિચારધારા છે જે સમયની મર્યાદાને ઓળંગી ગઈ છે. સમય તેને ભૂતકાળ બનાવવા સમર્થ નથી. તે સમયની સાથે વહેવા સક્ષમ છે. ગીતા જીવંત ટાપુ છે, એવો જીવંત ટાપુ જે સમયની નદીમાં તેના પ્રવાહની સાથે વહેતો રહે છે, એ જમીનનો નિર્જિવ ટૂકડો નથી. જેમાં જીવંતતા હોય તે જ સતત નવું આપતાં રહીને સમયને મહાત આપી શકે. ગીતા પાંચ હજાર વર્ષથી દરેક પેઢીને કશુંક નવું, કશુંક અર્થપૂર્ણ આપતી રહી છે. સમયની સાથે ચાલવું નહીં, ઉડવું પડે છે. કાળ સાથે સ્પર્ધા સહેલી નથી હોતી. ગીતાના અગિયારમાં અધ્યાયમાં ભગવાને પોતાને કાળ ગણાવ્યા છે. કાલોસ્મિ અહં લોકક્ષયકૃત્પ્રવૃધ્ધો. હું કાળ છું, લોકોને નાશ કરવા વૃધ્ધિ પામેલો છું. જે સ્વયં કાળ હોય એ જ સમયને પરાજિત કરવા સમર્થ એવું શાશ્વત જ્ઞાન આપી શકે. સમય સાથે ચાલવા માટે સરળ, સહજ હોવું પણ જરૂરી છે. ગીતામાં જ્ઞાનનો ભંડાર છે છતાં તે ભારેખમ નથી. કૃષ્ણે ગહન જ્ઞાન બહું જ સરળ, રસાળ, કાવ્યાત્મક અને લોકભોગ્ય ભાષામાં આપ્યું છે. એમાં ઉપમાની ચમત્કૃતિઓ જરૂર છે પણ આલંકારિકતાનું આડંબર નથી. પાંડિત્યનો દેખાડો નથી છતાં રચનાકારની સિધ્ધહસ્ત કવિ હોવાની પ્રતિતી તે અવશ્ય કરાવે છે. કૃષ્ણએ ગીતામાં જ પંડિતોને તો આડે હાથ લીધા છે અને તેમના માટે વેદવાદરતા એવો શબ્દ વાપર્યો છે. ગીતાની સરળતા, રસાળતા અને સહજતાને લીધે તે દરેક યુગમાં લોકોના હ્રદયની નજીક રહી છે. વિશ્વની લગભગ તમામ ભાષામાં તેના ભાષાંતર અને ભાષ્ય થયાં છે અને દરેક ભાષા, દરેક સમાજ, દરેક ધર્મના વાચકને તેણે સમાન અપીલ કરી છે. ગીતા ધર્મથી પર છે. તે ખરે જ ધર્મ નિરપેક્ષ છે. કૃષ્ણ ગીતામાં કોઈ ચોક્કસ ધર્મની તરફેણ નથી કરતાં કે નથી ગીતામાં પોતાનો કોઈ પંથ કંડારતા. ગીતા ધર્મગ્રંથ નથી, કર્મ ગ્રંથ છે. ગીતા ધાર્મિક આડંબરોનો તો વિરોધ કરે છે. તે ક્રિયાકાંડનો પણ વિરોધ કરે છે. યજ્ઞની તરફેણ કરે છે ખરા પણ એ તરફેણ પણ તેઓ જ્ઞાનયજ્ઞની સર્વોચ્ચતા સાબિત કરવા માટે જ કરે છે. દ્રવ્યયજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ ચડિયાતો છે તેમ ચોથા અધ્યાયના તેંત્રીસમાં શ્લોકમાં કહેનાર કૃષ્ણ તે પછી જ્ઞાનની પ્રતિષ્ઠા કરતાં મહાવાક્યો ઉચ્ચારે છે છતાં શુષ્ક જ્ઞાનની તેઓ તરફેણ નથી કરતાં. કોરાં જ્ઞાનથી વિતંડાવાદ કરનાર પંડિતોને તેઓ ઠમઠોરે છે. વાણીને શણગારીને, શબ્દોનો કઠારો કરીને ભાષા પ્રયોજતા આવા વિતંડાવાદી પંડિતોની ભાષાને કૃષ્ણ પુષ્પિતાં વાચ આડંબર યુક્ત છોગાં લગાડેલી ભાષા કહે છે.

અર્જુનમાં રહેલા દ્વંદ્વ કૃષ્ણ મનુષ્યમાત્રમાં રહેલાં દ્વંદ્વ સાથે એટલી સહજતાથી જોડી દે છે કે અર્જુન માટેનો ઉપદેશ માનવજાતી માટેનો શાશ્વત ઉપદેશ બની જાય છે. તેઓ અર્જુનને માત્ર યુધ્ધ માટે જ તૈયાર કરતા નથી, જીવન માટે પણ સજ્જ કરે છે. ઉપનિષદ અને વેદાંતના જ્ઞાનના ગહન સમુદ્રમાંથી કૃષ્ણ એક એવી અંજલિ ગીતારૂપે ભરે છે જે આ સમગ્ર જ્ઞાનના અર્કરૂપ છે. ક્યાંક ઉપનિષદના શ્લોકો લગભગ યથાતથ આવે છે, ક્યાંક ઉપનિષદના વિચારો પડઘાય છે છતાં ગીતાની મૌલિકતાને જરાય આંચ નથી આવતી. ઉપનિષદમાંથી કૃષ્ણએ હંસની જેમ નિરક્ષિર વિવેક કરીને પોતાને જરૂરી હતું તે જ્ઞાન જ ઉઠાવ્યું છે, બધું જ ઉપાડી લીધું નથી. કૃષ્ણની ગીતા વેદાંતના જ્ઞાન અને પોતાના વિશાળ અનુભવનું અદ્ભૂત મિશ્રણ છે. કૃષ્ણનું જીવન ગીતામાં પડઘાય છે અને ગીતા કૃષ્ણના જીવનમાં પ્રતિબિંબિત થાય છે. ગીતામાં કૃષ્ણએ જે કહ્યું છે તે તેમને અગાઉ પોતાના જ જીવનમાં તાવી જોયું છે, ચકાસી જોયું છે. જે અનાસક્તિની કૃષ્ણ વાત કરે છે એ અનાસક્તિ કૃષ્ણમાં માત્ર તેર વર્ષની ઉંમરે વૃંદાવન, ગોપીઓ, ગોપાલો અને માતા-પિતા નંદ અને યશોદાને છોડતી વખતે જ દેખાઈ ગઈ હતી.

નિષ્કામ કર્મ કરવાનો ઉપદેશ કૃષ્ણએ કંસને માર્યા બાદ સમગ્ર રાજ્ય કંસના પિતા ઉગ્રસેનને સોંપીને જીવી બતાવ્યો હતો. ધર્મ માટે સ્વજનોને મારવાનો ઉપદેશ આપ્યા પહેલા કૃષ્ણ આ જ કામ કંસ શિશુપાલ વગેરેના કિસ્સામાં કરી ચુક્યા હતા અને જીવનના છેલ્લા પડાવે પોતાના જ પ્રિય બાંધવો એવા યાદવોનો યાદવાસ્થળીમાં સંહાર કરતી વખતે પણ કર્યું હતું. ગીતાનો દરેક ઉપદેશ કૃષ્ણ કાં તો જીવ્યા છે અથવા કસોટી કરીને તપાસી ચુક્યા છે. પરબ્રહ્મ પરમેશ્વર વિષેની કૃષ્ણની અદભૂત વિભાવના લો કે ત્રણ ગુણ, સત્વ રજસ અને તમસના પ્રકૃતિ સાથેના મિલનથી તેમણે આપેલો સૃષ્ટીની અદભૂત વૈવિધ્યસભરતા અને દરેક માણસના સ્વભાવ અલગ અલગ શા માટે છે એ કોયડાનો ઉત્તર લો, કૃષ્ણની મૌલિકતા દરેકમાં ઉભરી આવે છે. સંભવામિ યુગે યુગે કહીને માનવજાતને આશ્વાસન આપનાર શ્રીકૃષ્ણની ગીતાના પાઠ કરવાની સલાહ આપવામાં આવે છે પણ મારી સલાહ એવી છે કે માત્ર પઠન ન કરશો, સમજવાની કોશિશ કરજો. ગીતા પઠનનો નહીં, સમજવાનો, જીવનમાં ઉતારવાનો ગ્રંથ છે.

## ક્રોસ વર્ડ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | | 3 | | 4 | 5 | |
| 6 | | | | | | 7 | | |
| 8 | | | 9 | 10 | | | | |
| 11 | | | | 12 | 13 | | | 14 |
| | | | | 15 | | | | |
| 16 | | 17 | | | | | 18 | |
| | | | | 19 | | 20 | | 21 |
| 22 | | | | 23 | 24 | | | |
| | | | 25 | | | | | |

**આડી ચાવી**

૧, સોહરાબુદ્દીનનો સાથીદાર જેનું એન્કાઉન્ટર થયું હતું. (૭)
૬, અદ્રશ્ય, ગુમ, ગાયબ (૩)
૭. કપડા સીવનાર (૩)
૮. મમ્મીની બહેન (૨)
૯. ધન્યવાદ, શુક્રિયા, થેન્કસ (૩)
૧૧. વિનયપૂર્વક વિનય યુક્ત (૪)
૧૨. મનની ધારણા, મુરાદ (૪)
૧૫. એકદમ ત્વરાથી, તાબડતોબ (૨)
૧૬. ભોમિયો, રાહ બતાવનાર (૪)
૨૦. દેશ માટે પ્રાણ આપનાર (૩)
૨૨. અમુક મર્યાદિત સ્થાનનું, લોકલ (૩)
૨૩. એક પક્ષી, કચકચણી સ્ત્રી (૩)
૨૫. સલામત નહીં એવું (૫)

**ઉભી ચાવી**

૧. તુલસીજીને વિષ્ણુ સાથે પરણાવવાની ક્રિયા (૬)
૨. પીડા, ઉપાધિ, લફરુ (૨)
૩. ભારતના રાષ્ટ્રપતિ..... પાટિલ (૩)
૪. હોદ્દો, દરજ્જો (૨)
૫. અનાદર, ધિક્કાર, તુચ્છકાર (૪)
૬. અંધારિયાનો છેલ્લો દિવસ (૪)
૯. આવકવેરા, ઈન્કમટેક્ષ (૪)
૧૦. તડામાર, ઝડી (૪)
૧૩. કોરા કાગળની બાંધેલી વહી (અં) (૨)
૧૪. દુકાનનો મુખ્ય ભાગ (૨)
૧૬. ગુજરાતનું પડોશી રાજ્ય (૪)
૧૭. અમેરિકી પ્રમુખ..... ઓબામા (૩)
૧૮. રાહદાર, વટેમાર્ગુ (૨)
૧૯. માલનું પરદેશ મોકલવું તે (૩)
૨૦. લાજ, લજ્જા (૩)
૨૧. દૂધ જમાવતા બને (૨)
૨૪. પીડા કરતું વળગણ (૨)


**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| જ | ય | ર | ણ | છો | ડ | | બા | ટી |
| ગ | ર | જ | | ક | ર | વ | ટ | |
| ન્ના | | ત | ગા | રી | | મ | લી | દો |
| થ | ડો | | મ | | જા | ળ | | ર |
| પુ | લ | કિ | ત | | પા | | દે | વ |
| રી | | | રું | ધ | ન | | રા | ણી |
| | સૈ | | | ર | | બો | ણી | |
| ગુ | લા | બ | | પ | વ | ન | | પૂ |
| | બ | ળ | વં | ત | | સ | ગી | ર |

## સ્પોર્ટ્સ

# આઈપીએલ ૨૦૨૬ની હરાજી માટે ૧,૩૫૫ ખેલાડીઓએ કરાવ્યું રજિસ્ટ્રેશન

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૨૦૨૬ સીઝન માટે મીની હરાજી માટે ૧,૦૦૦ થી વધુ ખેલાડીઓએ નોંધણી કરાવી છે. આમાં ડઝનેક સ્ટાર ભારતીય ખેલાડીઓ અને ડઝનેક વિદેશી સ્ટાર્સનો પણ સમાવેશ થાય છે. મયંક અગ્રવાલ, કે.એસ. ભરત, રાહુલ ચહર, રવિ બિશ્નોઈ, આકાશ દીપ, દીપક હુડા, સરફરાઝ ખાન, શિવમ માવી, વેંકટેશ ઐયર, ચેતન સાકરિયા, કુલદીપ સેન, નવદીપ સૈની, પૃથ્વી શો, રાહુલ ત્રિપાઠી, ઉમેશ યાદવ અને સંદીપ વોરિયર એવા ટોચના ભારતીય ખેલાડીઓમાં સામેલ છે જેમણે ૧૬ ડિસેમ્બરે અબુ ધાબીમાં યોજાનારી હરાજીમાં ભાગ લેવાનો નિર્ણય લીધો છે.



૧૩ પાનાની એક્સેલ શીટ ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાના ટોચના આંતરરાષ્ટ્રીય ખેલાડીઓથી ભરેલી છે. કેમેરોન ગ્રીન, મેથ્યુ શોર્ટ અને સ્ટીવ સ્મિથ એવા ઓસ્ટ્રેલિયન ખેલાડીઓમાં સામેલ છે જેમને ખરીદદારો મળવાની અપેક્ષા છે. જોશ ઈંગ્લિસ, જેમની ઉપલબ્ધતા તેમના લગ્નને કારણે અનિશ્ચિત છે, તેમણે પણ હરાજી માટે નોંધણી કરાવી છે. આ લાંબી યાદીમાં ઈંગ્લેન્ડના જેમી સ્મિથ અને જોની બેયરસ્ટો, ન્યુઝીલેન્ડના રચિન રવિન્દ્ર અને શ્રીલંકાના વાનિન્દુ હસરંગા અને મથિશા પથિરાના જેવા ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે.

ફક્ત બે ભારતીય ખેલાડીઓની બેઝ પ્રાઈસ ૨ કરોડ રૂપિયા છે. એક સ્પિનર રવિ બિશ્નોઈ અને બીજા વેંકટેશ ઐયર છે, જેમને મેગા ઓકશનમાં કેકેઆર દ્વારા ૨૦ કરોડ રૂપિયાથી વધુમાં ખરીદવામાં આવ્યા હતા. ૨ કરોડ રૂપિયાના મહત્તમ બેઝ પ્રાઈસ બ્રેકેટમાં ૪૩ વિદેશી ખેલાડીઓ છે, જેમાં કેમેરોન ગ્રીન, સ્ટીવ સ્મિથ, જેમી સ્મિથ, મુજીબ ઉર રહેમાન, નવીન ઉલ હક (બંને અફઘાનિસ્તાન), સીન એબોટ, એશ્ટન અગર, કૂપર કોનોલી, જેક ફ્રેઝર-મેકગર્ક, ઈંગ્લિસ, મુસ્તફિઝુર રહેમાન, ગુસ એટકિન્સન, ટોમ બેન્ટન, ટોમ કુરન, લિયામ ડોસન, બેન ડકેટ, ડેનિયલ લોરેન્સ, લિયામ લિવિંગસ્ટોન, ડેરિલ મિશેલ, રચિન રવિન્દ્ર, માઈકલ બ્રેસવેલ, ગેરાલ્ડ કોટઝી, લુંગી ન્ગીડી, એનરિચ નોર્ટજે, મથીશા પથિરાના, મહિશ થીક્ષના અને વાનિન્દુ હસરંગાનો સમાવેશ થાય છે. ૭૭ જગ્યાઓ ખાલી છે, જેમાંથી ૩૧ વિદેશી ખેલાડીઓ માટે છે.

# મહિલા હોકી ટીમને લાગ્યો જબરો ઝટકો કોચ હરેન્દ્રસિંહનું અચાનક રાજીનામું

ભારતીય મહિલા હોકી ટીમના મુખ્ય કોચ હરેન્દ્ર સિંહે અચાનક પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે 'વ્યક્તિગત કારણો'ને ટાંકીને આ નિર્ણય લીધો છે. આ પછી, હોકી ઈન્ડિયાએ તેમના રાજીનામાની પુષ્ટિ કરતું સત્તાવાર નિવેદન બહાર પાડ્યું. એપ્રિલ ૨૦૨૪ માં પદ સંભાળનારા હરેન્દ્રને ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિક માટે ટીમ તૈયાર કરવાની અપેક્ષા હતી, પરંતુ આ પ્રકરણ ઝડપથી સમાપ્ત થઈ ગયું.



હરેન્દ્ર સિંહે ઈમેલ દ્વારા હોકી ઈન્ડિયાને તેમના રાજીનામાની જાણ કરી. તેમણે કહ્યું કે આ તેમનો વ્યક્તિગત નિર્ણય હતો અને ટીમ સાથેનો તેમનો સમય તેમની કારકિર્દીમાં એક મોટી સિદ્ધિ હતી. જોકે, સૂત્રો સૂચવે છે કે આ મામલો 'વ્યક્તિગત કારણો' પૂરતો મર્યાદિત નથી.સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા દોઢ વર્ષમાં ટીમનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું છે. ફિટનેસ સમસ્યાઓ, વારંવાર ઈજાઓ અને અપેક્ષાઓ પૂરી ન કરવાને કારણે તણાવપૂર્ણ વાતાવરણ સર્જાયું છે. આ વાસ્તવિક કારણો હોવાનું માનવામાં આવે છે જેના કારણે હરેન્દ્રને આ નિર્ણય લીધો. હરેન્દ્ર સિંહના રાજીનામા સાથે, અટકળો તેજ થઈ ગઈ છે કે ભારતીય મહિલા હોકી ટીમના ભૂતપૂર્વ કોચ સોર્ડ મારિજને ટીમમાં પાછા આવી શકે છે. તેમના નેતૃત્વમાં, ભારતે ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિકમાં ઐતિહાસિક પ્રદર્શન કર્યું, ચોથા સ્થાને રહ્યું. ઓગસ્ટ ૨૦૨૧ માં મારિને રાજીનામું આપ્યું હતું, પરંતુ ટીમના વર્તમાન પ્રદર્શનને જોતાં, તેના પાછા ફરવાની શક્યતા પ્રબળ દેખાય છે.ભારતીય મહિલા હોકી ટીમના પ્રદર્શન પર છેલ્લા વર્ષમાં નોંધપાત્ર અસર પડી છે. પ્રો લીગ ૨૦૨૪-૨૫ માં, ભારતે ૧૬ માંથી ફક્ત ૨ મેચ જીતી હતી,૩ મેચ ડ્રો થઈ હતી,જયારે ૧૧ મેચ હારી હતી.ભારત લીગમાં ફક્ત ૧૦ પોઈન્ટ જ મેળવી શક્યું હતું. વધુમાં, ભારતીય ટીમ ૯ ટીમોના સ્ટેન્ડિંગમાં છેલ્લા સ્થાને રહી હતી અને આગામી સીઝન માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહી હતી. હોકી ઈન્ડિયાના પ્રમુખ દિલીપ તિર્કીએ હરેન્દ્રના યોગદાનની પ્રશંસા કરી અને કહ્યું કે ટીમના નવા કોચની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

## ઓટો

# હાર્લી-ડેવિડસન એક્સ ૪૪૦ટી નવી સ્ટાઈલ અને અપડેટેડ ફીચર્સ સાથે રજૂ

હાર્લી-ડેવિડસને તેની લોકપ્રિય એક્સ ૪૪૦ મોટરસાઈકલ, હાર્લી-ડેવિડસન એક્સ ૪૪૦ટી નું નવું અને સ્ટાઈલિશ વર્ઝન રજૂ કર્યું છે. તેમાં સ્પોર્ટી ડિઝાઈન, નવા ગ્રાફિક્સ અને એલઈડી ટેલલાઈટ્સ છે. એન્જિન એ જ ૪૪૦સીસી યુનિટ રહે છે, જે ૨૭ બીએચપી ઉત્પન્ન કરે છે. એક્સ ૪૪૦ટી ભારતમાં ટૂંક સમયમાં લોન્ચ કરવામાં આવશે



તેને પહેલા કરતાં વધુ સ્પોર્ટી અને ફ્રેશર ડિઝાઈન આપવામાં આવી છે. કંપનીએ મુખ્યત્વે સ્ટાઈલિંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ એક્સ૪૪૦નું ફેસલિફ્ટ છે, જે બજારમાં ઉત્સાહ જાળવી રાખવા માટે રજૂ કરવામાં આવ્યું છે.આ બાઈકમાં નવું રીઅર ફેન્ડર,સિંગલ-પીસ સીટ,એલઈડી ટેલલાઈટ,નવું એક્ઝોસ્ટ હીટ શીલ્ડ,નવા ગ્રાફિક્સ અને કલરવેઝ અને બાર-એન્ડ મિરર્સ આપવામાં આવ્યા છે. શૈલીમાં ફેરફાર હોવા છતાં, હાર્લી-ડેવિડસન એક્સ ૪૪૦ટી નું મિકેનિકલ સેટઅપ મોટાભાગે એક્સ૪૪૦ જેવું જ રહે છે. તેની ફ્રેમ અને સસ્પેન્શનમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. તેમાં યુએસડી ફ્રન્ટ ફોર્ક અને પાછળના ભાગમાં ડ્યુઅલ શોક એબ્ઝોર્બર્સ છે.તેમાં બંને વ્હીલ્સ પર ડિસ્ક બ્રેક્સ છે. તેમાં ડ્યુઅલ-ચેનલ એબીએસ પણ છે. હાર્લી-ડેવિડસન એક્સ ૪૪૦ટી એ જ ૪૪૦સીસી સિંગલ-સિલિન્ડર, ઓઈલ-કૂલ્ડ એન્જિન દ્વારા સંચાલિત છે. હાર્લી-ડેવિડસન એક્સ ૪૪૦ટી ટૂંક સમયમાં ભારતમાં લોન્ચ થવાની ધારણા છે. હાલમાં, હાર્લી-ડેવિડસન એક્સ૪૪૦ ની એક્સ-શોરૂમ કિંમત ૨.૪ લાખ થી ૨.૮ લાખ સુધીની છે.

# મારુતિની પહેલી ઈલેક્ટ્રિક કાર ઈ-વિતારા આજે ભારતમાં લોન્ચ થશે

સમય જતાં ભારતીય બજારમાં ઈલેક્ટ્રિક વાહનોની માંગ વધી રહી છે. માંગ વધવાની સાથે, ઘણા ઓટોમેકર્સ ભારતીય બજારમાં નવી કાર લોન્ચ કરી રહ્યા છે. ટાટા, મહિન્દ્રા અને એમજીની ઈલેક્ટ્રિક કાર ભારતીય બજારમાં લોકપ્રિયતા મેળવી રહી છે. હવે, મારુતિ પણ આ સેગમેન્ટમાં પ્રવેશવા માટે તૈયાર છે. મારુતિની પહેલી અને સૌથી વધુ અપેક્ષિત ઈલેક્ટ્રિક કાર, ઈ-વિતારા, ભારતીય બજારમાં લોન્ચ થવાની તૈયારીમાં છે. આજે, આ ઈવી ભારતમાં વેચાતા ઈલેક્ટ્રિક વાહનોની યાદીમાં જોડાશે.




મારુતિ ઈ-વિતારા નેક્સા ડીલરશીપ દ્વારા લોન્ચ કરવામાં આવી રહી છે. મારુતિની આ પહેલી ઈલેક્ટ્રિક કાર બે બેટરી પેક વિકલ્પો સાથે આવી શકે છેઃ ૪૯ કેડબ્લ્યુ એચ અને ૬૧ કેડબ્લ્યુએચ બેટરી પેક. મારુતિ ઈ-વિટારા ૬૧ કે ડબ્લ્યુએચ બેટરી પેક સાથે ૫૦૦ કિલોમીટરની રેન્જનો દાવો કરે છે. ઈ-વિતારાના સ્ટાન્ડર્ડ મોડેલમાં ઝડપી ચાર્જિંગ પણ અપેક્ષિત છે. મારુતિની ઈલેક્ટ્રિક કાર ૧૪૨ થી ૧૭૩ એચપી પાવર અને ૧૯૨.૫ એનએમ ટોર્ક જનરેટ કરી શકે છે.


આ ઈલેક્ટ્રિક કાર ૭.૫ સેકન્ડથી ૮.૬ સેકન્ડમાં ૦ થી ૧૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડી શકે છે. સ્ટાન્ડર્ડ મોડેલમાં ફાસ્ટ ચાર્જિંગ ઉપલબ્ધ હોવાથી, આ ઈવી માત્ર ૫૦ મિનિટમાં ૮૦ ટકા સુધી ચાર્જ થઈ શકે છે.

મારુતિ ઈ-વિતારા ભારત પહેલા ૧૨ યુરોપિયન દેશોમાં લોન્ચ કરવામાં આવી છે. ભારતીય બજારમાં, આ કારની કિંમત ૧૭ લાખથી ૨૫ લાખની વચ્ચે હોવાની અપેક્ષા છે. મારુતિની ઈલેક્ટ્રિક કાર હ્યુન્ડાઈ ક્રેટા ઈલેક્ટ્રિક, ટાટા કર્વ ઈવી, મહિન્દ્રા બીઈ ૬ અને એમજી વિન્ડસર ઈવીને સખત સ્પર્ધા આપી શકે છે.

## ગેઝેટ્સ

# ડેસ્કટોપ જેવો જ સુંદર અનુભવ આપશે સેમસંગ ગેલેક્સી ઝી ટ્રાઈફોલ્ડ ફોન

લાંબા સમય સુધી રાહ જોયા પછી, સેમસંગે તેનો પહેલો ટ્રાઈ-ફોલ્ડ ફોન, ગેલેક્સી ઝેડ ટ્રાઈફોલ્ડનું અનાવરણ કર્યું છે. દક્ષિણ કોરિયાની રાજધાની સિઓલમાં એક કાર્યક્રમમાં રજૂ કરાયેલો આ ફોન સૌપ્રથમ ૧૨ ડિસેમ્બરે દક્ષિણ કોરિયામાં લોન્ચ થશે. ત્યારબાદ તેને યુએસ, ચીન, તાઈવાન, સિંગાપોર અને સંયુક્ત આરબ અમીરાતમાં લોન્ચ કરવામાં આવશે. ચાલો આ ફોનની સુવિધાઓ અને કિંમત વિશે વધુ જાણીએ.



સ્નેપડ્રેગન ૮ એલીટ પ્રોસેસરથી સજ્જ, આ ફોનની બાહ્ય સ્ક્રીન નિયમિત ફોન જેવી છે, પરંતુ જ્યારે ખોલવામાં આવે છે, ત્યારે તેનો કુલ ડિસ્પ્લે ૧૦ ઈંચ છે. જ્યારે ખોલવામાં આવે છે, ત્યારે દરેક સ્ક્રીન પર અલગ અલગ એપ્લિકેશનોનો ઉપયોગ કરી શકાય છે. સારમાં, વપરાશકર્તાઓ ત્રણ ૬.૫-ઈંચ સ્ક્રીન પર કામ કરી શકે છે. સેમસંગે આ ઉપકરણ માટે ઉયડ સોફ્ટવેરમાં થોડો ફેરફાર કર્યો છે, જે ડેસ્કટોપ જેવી કાર્યક્ષમતા માટે પરવાનગી આપે છે. ડીઈએક્સ મોડમાં, ફોન ચાર અલગ વર્કસ્પેસ તરીકે કાર્ય કરશે, દરેક એક સાથે પાંચ એપ્લિકેશનો ચલાવવા માટે સક્ષમ છે.

આ ફોનમાં ૨૦૦એમપી મુખ્ય કેમેરા, ૧૨એમપી અલ્ટ્રાવાઈડ લેન્સ અને પાછળના ભાગમાં ૧૦એમપી ૩એક્સ ટેલિફોટો સેન્સર છે. આ ફોન ૫,૬૦૦એમએએચ બેટરી સાથે લોન્ચ થશે, જે ફોલ્ડેબલ ફોનમાં સેમસંગની સૌથી મોટી બેટરી છે. સેમસંગ કહે છે કે તેણે ફોનના ટાઈટેનિયમ હિન્જ, એલ્યુમિનિયમ ફ્રેમ અને ડિસ્પ્લે ટેક્નોલોજીને સુધારી છે, જે લાંબા ગાળાની ટકાઉપણું સુનિશ્ચિત કરે છે. જો જરૂરી હોય તો, કંપની ડિસ્પ્લે રિપેર પર ૫૦ ટકા ડિસ્કાઉન્ટ પણ ઓફર કરશે. જો વપરાશકર્તાઓ ફોનને ખોટી રીતે બંધ કરવાનો પ્રયાસ કરશે તો તેમને સૂચના અને સ્ક્રીન વાઈબ્રેશન સાથે પણ ચેતવણી આપવામાં આવશે.આ ફોન દક્ષિણ કોરિયામાં આશરે રૂ. ૨.૨૦ લાખની કિંમતે લોન્ચ કરવામાં આવશે. કંપનીએ અન્ય બજારો માટે કિંમત જાહેર કરી નથી.

# વિવો ટૂંક સમયમાં લોન્ચ કરશે વિવો એક્સ૩૦૦ અલ્ટ્રા ૫-જી ફોન

વિવો તેની વિવો એક્સ૩૦૦ શ્રેણી લોન્ચ કરવા જઈ રહ્યું છે,એવા અહેવાલો ફરતા થઈ રહ્યા છે કે કંપની ટૂંક સમયમાં ચીનમાં વિવો એક્સ ૩૦૦ અલ્ટ્રા પણ લોન્ચ કરશે. કંપનીએ હજુ સુધી હેન્ડસેટના લોન્ચની પુષ્ટિ કરી નથી, પરંતુ છેલ્લા કેટલાક અઠવાડિયામાં ઘણા અહેવાલો સામે આવ્યા છે.




દરમિયાન, એક ટિપસ્ટરે કથિત એક્સ ૩૦૦ અલ્ટ્રા વેરિઅન્ટની બેટરી ક્ષમતા અને ફોન માટે સંભવિત લોન્ચ સમયરેખા જાહેર કરી છે. આગામી એક્સ ૩૦૦ અલ્ટ્રા ૨૦૨૬ ના પહેલા ક્વાર્ટરમાં ચીનમાં લોન્ચ થઈ શકે છે, જેનો અર્થ છે કે ઉપકરણ જાન્યુઆરી અને માર્ચ વચ્ચે લોન્ચ થઈ શકે છે. નોંધનીય છે કે એક્સ ૨૦૦ અલ્ટ્રા આ વર્ષે એપ્રિલમાં લોન્ચ કરવામાં આવ્યો હતો, આ ડિવાઈસમાં ૭,૦૦૦એમએએચ બેટરી હોઈ શકે છે. જો આ રિપોર્ટ સાચો સાબિત થાય છે, તો એક્સ ૨૦૦ અલ્ટ્રાની તુલનામાં આ એક નોંધપાત્ર અપગ્રેડ હશે, જેમાં હાલમાં ૬,૦૦૦એમએએચ બેટરી છે. ચીનમાં લોન્ચ થયેલા નવા બેઝ એક્સ ૩૦૦ અને એક્સ ૩૦૦ પ્રો માં ૬,૦૪૦એમએએચ અને ૬,૫૧૦એમએએચ બેટરી છે. આ અલ્ટ્રા ડિવાઈસમાં સ્નેપડ્રેગન ૮ જેન ૫ ચિપસેટ હોવાની પણ અપેક્ષા છે, જે તેને નોંધપાત્ર રીતે વધુ શક્તિશાળી બનાવે છે. કેમેરાની દ્રષ્ટિએ, આ ફોન આગામી સ્તરનો હોઈ શકે છે, જેમાં ટ્રિપલ રીઅર કેમેરા યુનિટ છે, પરંતુ હાઈલાઈટ બે ૨૦૦-મેગાપિક્સલ સેન્સર હોઈ શકે છે.

# મેટોડામાં કારખાનામાંથી ૬.૧૬ લાખની ચોરીમાં પૂર્વ કર્મી ઝબ્બે

## કારખાનામાં કયાં પૈસા રાખવામાં આવે છે તેની માહિતી હોય ચોરીના બનાવને અંજામ આપ્યો: પુનાથી ઝડપી લીધો, ૫.૪૯ લાખનો મુદ્દામાલ કબજે

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

મેટોડા જીઆઈડીસીમાં આવેલા લેક્ષ્મો પોલીફ્લેક્સ ઈન્ડસ્ટ્રીઝ નામના કારખાનામાંથી રોકડ અને મોબાઈલ સહિત રૂપિયા ૬.૧૬ લાખની ચોરી થયા અંગે ફરિયાદ નોંધાઈ હતી. જે અંગે રાજકોટ ગ્રામ્ય એલસીબી અને મેટોડા જીઆઈડીસી પોલીસે તપાસ હાથ ધરી કંપનીમાં કામ કરનાર પૂર્વ કર્મચારી મહારાષ્ટ્રના શખસને પુનાથી ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી રૂપિયા ૫.૧૩ લાખની રોકડ બે મોબાઈલ ફોન સહિત ૫.૪૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.



ચોરીના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટમાં અમીન માર્ગ પર રહેતા દીપકભાઈ મોહનભાઈ ઘેડીયાએ મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, તારીખ ૨૭/૧૧/૨૦૨૫ ના તેમની મેટોડા જીઆઈડીસીમાં આવેલી લેક્ષ્મો પોલીફ્લેક્સ ઈન્ડસ્ટ્રીઝ નામના કારખાનામાં કંપનીના એકાઉન્ટની ઓફિસનો દરવાજાનો લોક તોડી ટેબલના ડ્રોઅરમાંથી રૂપિયા છ લાખ પાંચસોની રોકડ અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૬,૧૬,૫૦૦ ની મત્તા ચોરી થયાનું જણાવ્યું હતું.

ચોરીના આ બનાવને લઈ રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જરની સુચના હેઠળ એએસપી સિમરન ભારદ્વાજ, ડીવાયએસપી કે.જી. ઝાલાના માર્ગદર્શન હેઠળ રાજકોટ ગ્રામ્ય એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરા અને મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એચ.શર્માની રાહબરીમાં એલસીબી અને મેટોડાની પોલીસે અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. ચોરીના બનાવમાં પૂર્વ કર્મચારીની સંડોવણી હોવાનું સામે આવતા પોલીસની એક ટીમ મહારાષ્ટ્રના પુના ખાતે પહોંચી હતી અને ત્યાંથી આરોપી ધનીરામ સિપાહી સરોજ પાસવાન (ઉ.વ. ૧૮ રહે. બાલાજીનગર પુના, મહારાષ્ટ્ર મૂળ, બારેસા, પ્રયાગરાજ, યુપી) ને ઝડપી લીધો હતો.

પોલીસે આરોપી પાસેથી રોકડ રૂપિયા ૫.૧૩ લાખ બે મોબાઈલ ફોન સહિત રૂ. ૫.૪૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપી ધનીરામ અગાઉ આ કારખાનામાં નોકરી કરતો હોય જેથી અહીં ત્યાં રોકડ રાખવામાં આવે છે તેનાથી તે વાકેફ હતો તેણે એકાદ વર્ષ પૂર્વે અહીં નોકરી મૂકી દીધી હતી. બાદમાં તેણે અહીં ચોરી કરવાનો પ્લાન બનાવ્યો હતો અને ચોરીના બનાવને અંજામ આપ્યો છે. આરોપીએ ચોરી કર્યા બાદ રોકડ રકમમાંથી રૂપિયા ૨૦,૦૦૦ નો મોબાઈલ ફોન ખરીદ્યો હતો. જે પણ પોલીસે કબજે કર્યો છે આ કામગીરીમાં એલસીબીના પીએસઆઈ એચ.સી. ગોહિલ, એએસઆઈ રવિદેવભાઈ બારોટ, બ્રિજરાજસિંહ જાડેજા, વકારભાઈ અરબ, રોહિતભાઈ બકોત્રા અને કોન્સ્ટેબલ પ્રકાશભાઈ પરમાર સાથે રહ્યા હતા. જ્યારે મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.બી. ઝાલા, એએસઆઈ મયુરસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ યોગીરાજસિંહ જાડેજા, ઉપેન્દ્રસિંહ ગોહિલ, કોન્સ્ટેબલ સુભાષભાઈ, રાજદીપસિંહ, રવુભા, ભાર્ગવભાઈ અને કમાન્ડ એન્ડ કંટ્રોલ રાજકોટ ગ્રામ્યના હેડ કોન્સ્ટેબલ જાગૃતિબેન ડાંગર અને અક્ષયરાજસિંહ જાડેજા સાથે રહ્યા હતા.

### ચારથી છ મહિના નોકરી કરી સ્થિતિ જાણી ચોરી કરતો

પોલીસે જણાવ્યું હતું કે, આરોપી ધનીરામ કોઈપણ જગ્યાએ ચારથી છ મહિના કંપનીમાં નોકરી કરી તેની ભૌગોલિક પરિસ્થિતિની માહિતી મેળવી લઈ બાદમાં નોકરી મૂકી દેતો હતો. ત્યારબાદ કંપનીમાં ચોરી કરતો હોવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે. આરોપી સામે મહારાષ્ટ્રના થાણે પોલીસ સ્ટેશનમાં અગાઉ ચોરીનો એક ગુનો નોંધાઈ ચૂક્યો છે.

# લગ્નમાં ૩૩ વર્ષીય યુવક-મહિલા કોલેજના પ્રોફેસરનું હૃદયથંભી ગયું

## બન્ને બેભાન થઈ જતા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા પરંતુ જીવ ન બચી શક્યા: પરિવારમાં ગમગની

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરમાં હાર્ટ એટેકથી મૃત્યુનો સિલસિલો યથાવત રહ્યો છે. લગ્ન પ્રસંગમાં મહિલા કોલેજના પ્રોફેસર અને ૩૩ વર્ષીય યુવક બેભાન થઈ ઢળી પડતા મૃત્યુ નીપજ્યું હતું. બનાવના પગલે બંનેના પરિવારમાં ગમગીની છવાઈ છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ નાના મવા મેઈન રોડ પર શાસ્ત્રીનગર અજમેરામાં રહેતા અને મહિલા કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા માવાભાઈ રાણાભાઈ રાઠોડ (ઉ.વ.૫૯)ના પ્રૌઢ સાંજે મુંજકા ખાતે વિશ્વકર્મા પાર્ટી પ્લોટમાં મામાના દિકરાની દિકરીનો લગ્નમાં હાજરી આપવા માટે સહપરિવાર ગયા હતાં ત્યારે લગ્નમાં સ્વજનો સાથે બેઠા હતા ત્યારે અચાનક ઢળી પડતા પરિવારજનો ને મહેમાનો સહિતના દોડી ગયા હતા અને તાકીદે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં તબીબે મૃત્યુ જાહેર કરતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવ અંગે હોસ્પિટલના સ્ટાફે યુનિવર્સિટી પોલીને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. મૃતકના પત્નિ પણ પ્રોફેસર તરીકે નોકરી કરી રહ્યા છે. સંતાનમાં એક દીકરો છે જે બેંકમાં નોકરી કરે છે. બીજા બનાવમાં કોઠારીયામાં રહેતાં જેનીશભાઈ રમેશભાઈ ભુત (ઉ.વ.૩૫)ના યુવાન રાત્રે ખોખડદળ ગામે વૃજવિહાર પાર્ટી પ્લોટમાં પરિચિતના લગ્નપ્રસંગમાં ગયા હતા ત્યારે બેભાન થઈ પડી જતા નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં તેમણે દમ તોડી દીધો હતો. બનાવની જાણ આજીડેમ પોલીસને કરવામાં આવતા પોલીસ સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી હતી.યુવકના મૃત્યુથી ત્રણ સંતાનોએ પિતાનું છત્ર ગુમાવી દેતા પરિવારમા કલ્પાંત સર્જાયો હતો.

# રાજકોટ વિભાગના ૧.૨૫ લાખ ખેડૂતોને ૪૦૦ કરોડની ચૂકવણી

## માવઠા બાદ જાહેર કરાયેલા કૃષિ રાહત પેકેજ અંતર્ગત આર્થિક સહાયની રકમ ખેડૂતોના બેંક એકાઉન્ટમાં જમા: અરજી કરવાની અંતિમ તા. પાંચ ડિસેમ્બર

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

તાજેતરમાં થયેલા કમોસમી વરસાદથી ખેડૂતોએ ખેતીમાં પારાવાર નુકસાની વેઠવી પડી છે. જે અન્વયે સરકાર દ્વારા તાત્કાલિક સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના પરિણામ સ્વરૂપે ખેડૂતોને આર્થિક રીતે સહાય મળી રહે તે માટે થોડા સમય પહેલા સરકારે કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું હતું.

ખેડૂતોએ આ કૃષિ રાહત પેકેજનો લાભ લેવા અરજીઓ કરવાની શરૂઆત કરી હતી. જેના ભાગરૂપે ટૂંકા સમયગાળામાં ખેડૂતોના ખાતામાં સહાયની રકમ જમા થવા માંડી છે. સામાન્ય રીતે કોઈ પણ સહાય માટે સરકારી પ્રક્રિયાઓ છેવાડાના માનવીને લાભ આપવા માટે એક નિર્ધારિત સમય માંગી લે છે. પરંતુ, સંવેદનશીલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીની સૂચના અનુસાર કૃષિ રાહત પેકેજની કામગીરી સત્વરે થઈ રહી છે.

ખેતીવાડી ખાતાના જણાવ્યા મુજબ રાજકોટ વિભાગ હેઠળના છ જિલ્લાઓમાં કુલ અંદાજે રૂ. ૪૦૦ કરોડની સહાય સવા લાખથી પણ વધુ ખેડૂતોના ખાતામાં જમા કરાવવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

રાજકોટ વિભાગ હેઠળ રાજકોટ, મોરબી, જામનગર, દ્વારકા, સુરેન્દ્રનગર, કચ્છ સહિતના જિલ્લાનો સમાવેશ થાય છે. જે પૈકી સુરેન્દ્રનગરમાં અંદાજે ૩૫ હજાર ખેડૂતોને રૂ.૧૨૮ કરોડથી પણ વધુ સહાય ચૂકવાઈ છે. જ્યારે રાજકોટ જિલ્લાના ૩૬ હજારથી પણ વધુ ખેડૂતોને રૂ.૧૧૭ કરોડ રૂપિયાથી પણ વધુ સહાયની રકમ ચૂકવવામાં આવી છે.

આ કિસ્સામાં એક બાજુ ખેડૂતોને અરજી કરવાની પ્રક્રિયા શરૂ જે છે અને બીજી બાજુ ખેડૂતોનાં ખાતામાં પૈસા જમા થવા લાગ્યા છે.

કોઈ પણ ખેડૂત આ રાહતથી વંચિત ન રહી જાય તે માટે અરજી કરવાની સમય મર્યાદા તા. ૫ ડીસેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

આથી, અરજીમાં બાકી રહી ગયેલ ખેડૂતોને ૫-૧૨-૨૦૨૫ સુધીમાં ગ્રામ્ય કક્ષાએ વીસીઈ/ વીએલઈ મારફત અરજી કરાવી લેવા પણ સંયુક્ત ખેતીવાડી નિયામક (વિ.)એ જણાવ્યું છે.

# મગફળીના યોગ્ય ભાવ ન મળતા તંત્રથી કંટાળેલા યુવકે જામનગર રેલવે સ્ટેશનને ઉડાડી દેવાની ધમકી આપી

## ટ્રેનમાં બોમ્બ પ્લાન્ટ કર્યો તેટલું કહી ફોન કટ કરી દીધો'તો !: કાલુપુર સ્ટેશનેથી શખસને ઝડપી લીધો

આજકાલ પ્રતિનિધી
જામનગર

રાજકોટ પોલીસ કંટ્રોલરૂમમાં એક અજાણી વ્યકિતએ જામનગર સહિતના રેલ્વે સ્ટેશનને ઉડાવી દેવાની ધમકી ભર્યો મેસેજ કરતા અલગ અલગ પોલીસ ટુકડીઓ હરકતમાં આવી હતી અને તાકીદે ફોન કરનારનું લોકેશન મેળવ્યુ હતું દરમ્યાન કાલુપુર સ્ટેશનેથી જામનગરના શખ્સને પકડી લઈ પુછપરછ કરતા હાપા યાર્ડમાં મગફળીના યોગ્ય ભાવ ન મળતા પિતા સાથે રકઝક કર્યા બાદ ટ્રેનમાં બેસીને તંત્રથી કંટાળેલા આ શખ્સે મેસેજ કર્યાનું બહાર આવ્યુ હતું દરમ્યાન લોકેશનના આધારે કાલુપરથી તેની અટકાયત કરવામાં આવી છે.જામનગર સહિત રેલ્વે સ્ટેશન ઉડાવી દેવાની તેમજ અલગ અલગ ટ્રેનમાં બોંબ પ્લાન્ટ કરાયા છે, આ મેસેજ મળતા રાજકોટ પોલીસ અધિકારીઓએ જામનગર સહિતના અન્ય જિલ્લા પોલીસને પણ જાણ કરરીને કોઈ કરનાર યુવકને મોબાઈલ લોકેશનના આધારે ટ્રેક કરીને કાલુપુર રેલવે સ્ટેશથી ઝડપી લીધો હતો, જામનગર રહેતા રવિરાજસિંહ જાડેજા નામના યુવકની પુછપરછમાં ચોકાંવનારો ખુલાસો થયો હતો કે હાપા માર્કેટ યાર્ડમાં તે તેના પિતા સાથે મગફળી વેચવા માટે ગયો હતો, પરંતુ પુરતા ભાવ ન આવતા પિતા સાથે ઝઘડો થયો હતો અને તંત્ર સામે નારાજગી હતી, જેથી તેમને દોડતુ કરવા માટે તેણે બોંબ પ્લાન્ટ કરાયાનો મેસેજ કર્યો હતો.બોમ્બ મુકયાનો મેસેજ કરી ફોન કટ થઈ ગયો હતો, આ પછી પોલીસે ગંભીરતા પુર્વક તપાસ કરી લોકેશન મેળવ્યુ હતું બીજી તરફ પોલીસે ધમકીનો મેસેજ આપનારનો ફોન ટ્રેક કરતા તે અમદાવાદ જતી ટ્રેનમાં હોવાનુ જાણવા મળ્યુ હતું જેના આધારે અમદાવાદ ગ્રામ્યના વિરમગામ ડીવીઝનના પોલીસને જાણવા મળ્યુ હતું કે ફોનનું લોકેશન કાલુપુર રેલવે સ્ટેશન છે જેથી સ્થાનીક પોલીસને જાણ કરીને એક શકમંદને ઝડપી લેવામાં આવ્યો હતો.પુછપરછમાં તેનું નામ રવિરાજસિંહ જાડેજા હતું અને જે જામનગરનો રહેવાસી છે તેના પિતા રણજીતસિંહ જાડેજા છે તે હાપા માર્કેટ યાર્ડમાં મગળી વેચવા માટે ગયો હતો પરંતુ ઓછા ભાવ મળતા પહેલા તેણે માર્કેટ યાર્ડના સંચાલકો સાથે તકરાર કરી હતી અને બાદમાં તેના પિતા સાથે પણ રકઝક થઈ હતી. એ પછી યુવાન તંત્રને સબક શિખવવાના ઈરાદે જામનગર સ્ટેશનેથી ટ્રેનમાં બેસી ગયો હતો અને રાજકોટ આવતા તેને બોમ્બની ધમકી આપી હતી. પોલીસ દ્વારા આ અંગે નિવેદન સહિતની તપાસ આગળ ધપાવી છે. સોમવારે બપોરે રાજકોટ પોલીસ કંટ્રોલ રૂમમાં અજાણ્યા મોબાઈલ નંબરથી એક કોલ આવ્યો હતો, જેમાં એક યુવકે જણાવ્યુ હતું કે તે જામનગર રેલવે સ્ટેશન બોમ્બથી ઉડાવી દેવાનો છે, સાથે સાથે રાજકોટ, ધ્રોલ, સુરેન્દ્રનગર અને વિરમગામના રેલવે સ્ટેશનને ટારગેટ કરશે એટલુ જ નહી તેણે અલગ અલગ રૂટની ટ્રેનમાં બોંબ પ્લાન્ટ કર્યા છે ત્યારબાદ તેણે ફોન કટ કરી દીધો હતો. રેલ્વે સ્ટેશન અને ટ્રેનને ઉડાવી દેવાની ધમકીના મેસેજને અતિ ગંભીર ગણીને રાજકોટ પોલીસે જામનગર પોલીસને આ અંગે જાણ કરી હતી ત્યાર બાદ રાજકોટ, સુરેન્દ્રનગર અને અમદાવાદ પોલીસને એલર્ટ કરી હતી અને આખરે કાલુપુર સ્ટેશન પર પકડી લેવાયો હતો.

# અમદાવાદ સિવિલમાં રેર ઓફ ધ રેર સર્જરી બાળકની હોજરી ખેંચી અન્નનળી બનાવાઈ

## અત્યંત દુર્લભ ગણાતી 'ગેસ્ટ્રિક પુલ અપ સર્જરી' સફળતાપૂર્વક કરીને, જન્મથી જ ટ્યુબ દ્વારા ભોજન લેવા મજબૂર ૧૫ મહિનાના બાળકને સામાન્ય જીવન આપ્યું

આજકાલ પ્રતિનિધિ
અમદાવાદ

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં રેર ઓફ ધ રેર કહી શકાય તેવી એક સર્જરી કરવામાં આવી છે. જેમાં ૧૫ વર્ષના બાળકની હોજરી ખેંચી તેમાંથી અન્નનળી બનાવી તેને નવજીવન આપ્યું છે. આ સર્જરીમાં સફળતા મેળવનાર તબીબોની ટીમને હોસ્પિટલ તંત્ર દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.



મળતી માહિતી મુજબ, અમદાવાદ સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્જરી વિભાગના ડોક્ટરોની ટીમે માત્ર ૧૫ મહિનાના બાળક પર અત્યંત દુર્લભ ગણાતી 'ગેસ્ટ્રિક પુલ અપ સર્જરી' સફળતાપૂર્વક કરીને, જન્મથી જ ટ્યુબ દ્વારા ભોજન લેવા મજબૂર બાળકને સામાન્ય જીવન આપ્યું છે.

મહારાષ્ટ્રના મુંબઈના રહેવાસી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ધવલ ઉનડકટ અને અમીબેનના ૧૫ મહિનાના પુત્ર હિમાંક્ષને જન્મથી જ ઈસોફેજીયલ એટ્રીસીયા નામની દુર્લભ જન્મજાત ખામી હતી. પીડિયાટ્રિક સર્જરી વિભાગના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, ઈસોફેજીયલ એટ્રીસીયા ૪૦૦૦ બાળકોમાંથી એકમાં જોવા મળતી દુર્લભ ખામી છે, જેમાં બાળકને અન્નનળી બનેલી જ નહોતી. જન્મ સમયે તાત્કાલિક ઓપરેશન કરીને ગળામાં કાણું કરવામાં આવ્યું હતું, જેથી લાળ બહાર આવે અને હોજરીમાં ટ્યુબ મૂકવામાં આવી, જેના દ્વારા ૧૫ મહિના સુધી હિમાંક્ષ ખોરાક લેતો હતો. અન્ય દર્દીઓની સફળ સારવાર વિશે જાણીને હિમાંક્ષના માતા-પિતાએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જ સર્જરી કરાવવાનો નિર્ણય કર્યો હતો. ૨૯-૧૦-૨૦૨૫ના રોજ ડો. રાકેશ જોષી (પ્રોફેસર, પીડિયાટ્રિક સર્જરી વિભાગ) અને ડો. નમ્રતા શાહ (એસોસિયેટ પ્રોફેસર, એનેસ્થેસિયા વિભાગ) દ્વારા આ ગેસ્ટ્રિક પુલ અપ સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી હતી. આ સર્જરીમાં હોજરીને ખેંચીને તેમાંથી નવી અન્નનળી બનાવવામાં આવી હતી, જેથી બાળક હવે મોઢેથી ખોરાક લઈ શકે છે.સર્જરી બાદ પોસ્ટઓપરેટિવ પીરિયડ કોઈ પણ તકલીફ વગરનો રહ્યો હતો અને બાળકે જીવનમાં પહેલીવાર મોઢા દ્વારા ખાવાનું શરૂ કર્યું. હિમાંક્ષને પહેલીવાર મોંઢેથી ખોરાક લેતાં જોઈને તેના માતા-પિતા સહિતના પરિવારજનો હરખનાં આંસુઓ સાથે ગદગદિત થઈ ગયા હતા.

# રાજકોટ બારની ૨૦૨૬ની ચૂંટણી ૧૯ ડિસેમ્બરે યોજાશે

## ઉમેદવારી પત્ર ભરવાના બીજા દિવસે બપોર સુધીમાં માત્ર એક ફોર્મ ભરાયું

### એકલવીર નિરવ પંડ્યા દ્વારા ભારે ઉત્સાહપૂર્ણ માહોલમાં ઉમેદવારી : પાંચમી ડિસેમ્બર નામપત્રો ભરવાની છેલ્લી તારીખ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ બાર એસોસિએશન દ્વારા ૨૦૨૬ની સાલની ૧૯મી ડિસેમ્બરે ચૂંટણી સંદર્ભે નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવેલા ચૂંટણી કાર્યક્રમ અનુસાર ઉમેદવારી પત્રક ભરવાના આજે બીજા દિવસે બપોર સુધીમાં માત્ર એક એડવોકેટ નીરવ પંડ્યાનું નામ પત્ર રજૂ થયું છે.

નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલા રાજકોટ બારના ચૂંટણી કાર્યક્રમ મુજબ તારીખ ૫ ડિસેમ્બરે સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકાશે. ત્યારબાદ તારીખ ૮/ ૧૨/ ૨૦૨૫ ના રોજ ઉમેદવારી પત્રોની ચકાસણી બાદ સાંજના પાંચ વાગ્યે પ્રથમ યાદી જાહેર કરવામાં આવશે અને તારીખ ૯/ ૧૨/ ૨૦૨૫ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ઉમેદવારી ફોર્મ પાછા ખેંચી શકાશે. ત્યારબાદ તારીખ ૧૦/ ૧૨ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં ઉમેદવારોની આખરી યાદી જાહેર થશે.



ત્યારબાદ તારીખ ૧૯/૧૨ને શુક્રવારે સવારે ૯:૦૦ થી બપોરના ૩:૦૦ વાગ્યા સુધી નવા ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગમાં, બી વિંગમાં, પહેલા માળે, બાર એસોસિએશનના મેઈન બાર રૂમ ખાતે મતદાન યોજાશે, તેમાં મતદાર યાદીમાં પ્રસિદ્ધ થયેલા મતદાર વકીલો મતદાન કરી શકશે.

સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ ચાલુ વર્ષે બાર એસોસિએશનમાં કુલ ૧૬ બેઠકોમાં પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, સેક્રેટરી અને લાઈબ્રેરી સેક્રેટરીમાં તેમજ કારોબારી સભ્યોની ૧૦ બેઠકોમાંથી સાત બેઠકો ઉપર ઓપન કેટેગરીના સભ્યો ઉમેદવારી કરી શકશે. જ્યારે ટ્રેઝરરની બેઠક ઉપર તેમજ કારોબારી સભ્યોની ત્રણ બેઠકો માત્ર મહિલા સભ્ય ઉમેદવારી કરી શકશે. દરમિયાન ઉમેદવારી પત્ર ભરવાના આજે બીજા દિવસે બપોર સુધીમાં માત્ર એક ઉમેદવારી પત્ર એડવોકેટ નીરવ પંડ્યાએ રજૂ કર્યું હતું.

# ભાજપ અનુસુચિત મોરચો આકરાં પાણીએ જીગ્નેશ મેવાણી માફી માગે

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

ભાજપના અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખે કોંગ્રેસ દ્વારા વાણી વિલાસ મુદ્દે જિગ્નેશ મેવાણીને આડે હાથ લીધા છે. ગૌતમ ગેડિયાએ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે કરેલા વાણી વિલાસને સંસ્કારહીન ભાષા ગણાવી છે. મેવાણીનું નિવેદન એ બક્ષીપંચ સમાજનું અપમાન કહ્યું. કોંગ્રેસના નેતાઓના વાણી વિલાસ પર પ્રદેશ ભાજપના અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ ગૌતમ ગેડિયાએ પ્રેસ કોન્ફરન્સ કરીને આકરા પ્રહાર કર્યા છે.

ગૌતમ ગેડિયાએ કહ્યું કે, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા વાણી વિલાસ કરવામાં આવી રહ્યો છે. જિગ્નેશ મેવાણી દ્વારા પ્રધાનમંત્રી માટે જે વાણી વિલાસ કરાયો છે, તે ગુજરાતના સંસ્કારની ભાષા ન હોઈ શકે. આ નિવેદનને અમે વખોડીએ છીએ.

તેમણે જિગ્નેશ મેવાણી પર આક્ષેપ કરતા કહ્યું કે, જિગ્નેશ મેવાણીનું નિવેદન એ બંક્ષીપંચ સમાજનું અપમાન છે. તે સમગ્ર ઉત્તર ગુજરાતનું અપમાન છે. વેરઝેરના શબ્દોથી નફરતની રાજનિતી જિગ્નેશ મેવાણીએ શરૂ કરી છે. સમગ્ર ગુજરાત અને માતાનું અપમાન કરવામાં આવ્યું છે.

આમ, જિગ્નેશ મેવાણીએ માફી માંગવાની ભાજપના અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખે માંગણી કરી છે. તેમણે કહ્યું કે, જ્યાં સુધી જિગ્નેશ મેવાણી માફી નહીં માગે, ત્યાં સુધી અનુસુચિત જાતિ મોરચા વિવિધ કાર્યક્રમો આપશે. જિગ્નેશ મેવાણી માત્ર સોશિલ મીડિયામાં રહેવા નાટક કરે છે. દારૂની વાત કરી તે યોગ્ય ફોરમ પર વાત કરવી જોઈએ. વિધાનસભામાં આ મુદ્દા ઉઠાવવો જોઈએ. આવા ફોરમ્માં વાત ઉઠાવવી જોઈએ. પરંતુ જિગ્નેશ મેવાણી માત્ર તાયફાની રાજનિતી કરે છે. પ્રધાનમંત્રીના માતા માટે નિમ્ન કક્ષાની ભાષા વાપરી છે.

કોરાણે મુકાયેલ એસસી ભાજપ મોરચો આજે જાગ્યો છે: કોંગ્રેસ

ભાજપના એસસી મોરચાએ જિગ્નેશ મેવાણીને માફી માંગવા કરેલ અનુરોધ અંગે કોંગ્રેસની પ્રતિક્રિયા આવી છે. કોંગ્રેસ પ્રવકતા હિરેન બેંકરનું ભાજપ એસસી મોરચાની જાહેરાત અંગે કહ્યું કે, કોરાણે મુકાયેલ ભાજપ એસસી મોરચો આજે જાગ્યો એ સારી બાબત છે. દલિત પર અત્યાચાર થયા ત્યારે ભાજપ એસસી મોરચો કેમ ચૂપ હતો? ગુજરાતમાં દારુનો મુદ્દો ઉઠતા ગૃહ વિભાગના પેટમાં તેલ રેડાયું છે. નિષ્ફળ અને નિષ્ક્રિય મોરચાને હવે બ્રહ્મજ્ઞાન કેમ આવ્યું? ભાજપ સાંસદ મનસુખ વસાવા દલિત અને આદિવાસી સમાજના નેતાઓને અપમાનિત કરે ત્યારે મોરચો કેમ ચૂપ રહ્યો? જિગ્નેશ મેવાણી ગુજરાતની જનતાના નેતા છે. બુટલેગરોના પૈસાથી ચલાતી ભાજપ સરકાર છે. ગુજરાત દારૂના પ્રવેશદ્વાર સાથે નશાખોરીનું એપી સેન્ટર બન્યું છે. ધર્મ અને જ્ઞાતિના નામે મુદ્દાઓ ભટકાવવાના હથકંડાઓ નહીં ચાલે.

# તા. ૭ના અમિત શાહ અમદાવાદમાં વિવિધ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

## ગાંધીનગર લોકસભામાં ૧૨૮૬ કરોડ, અમદાવાદમાં ૧૧૧૦ કરોડના પ્રકલ્પ જનસેવામાં અર્પિત કરાશે

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલા વિકાસ કામોનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ૭ ડિસેમ્બરના રોજ લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાશે. કુલ રૂ. ૨૪૦૦ કરોડના ખર્ચે ૬૮ જેટલા કામો જનસેવામાં અર્પણ થશે. ગાંધીનગર લોકસભા વિસ્તારમાં રૂ. ૧૨૮૬ કરોડના ૩૦ કામો અને અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ લોકસભા વિસ્તારમાં રૂ. ૧૧૧૦ કરોડના ૩૮ જેટલા કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવશે.

અમદાવાદ શહેરના સર્વાંગી વિકાસને વેગ મળે તે ઉદ્દેશ સાથે ગાંધીનગર લોકસભાના સાંસદ તથા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દ્વારા વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન ૭ ડિસેમ્બર, રવિવારના રોજ કરાયું છે. ગાંધીનગર લોકસભા વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ. ૬૧૮.૨૭ કરોડના ખર્ચે ૧૫ કામોનું લોકાર્પણ થશે. આ સાથે ૨ આવાસના ડ્રો પણ યોજાશે, જેમાં રૂ. ૧૨૭.૬૭ કરોડના આવાસ સંબંધિત કામોનો પણ સમાવેશ થાય છે. રૂ. લોકસભા લોકાર્પણ આ સિવાય રૂ. ૫૪૦.૭૮ કરોડના ૧૩ કામોનાં ખાતમુહૂર્ત પણ થશે. આમ, આ વિસ્તારમાં કુલ મળીને રૂ. ૧૨૮૬.૭૨ કરોડના ખર્ચે ૩૦ કામો અને વિકાસ પ્રોજેક્ટ જાહેર જનતાને સમર્પિત થશે.

જ્યારે અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં એએમસી દ્વારા ૨૭૩.૯૪ કરોડના ખર્ચે ૧૫ કામોનું થશે. જ્યારે રૂ. ૮૩૫.૧૧ કરોડના ખર્ચે ૨૩ કામોના ખાતમુહૂર્ત પણ થશે. આ પ્રોજેક્ટ્સ થકી આગામી દિવસોમાં શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શહેરી સુવિધાઓ, ડ્રેનેજ, માર્ગ, પાર્ક તેમજ હરિત વિકાસ સહિતના ક્ષેત્રોમાં વિકાસ જોવા મળશે


**RAJKOT MUNICIPAL CORPORATION**
*Re-e-*TENDER Notice
Re-e-Tender No.RMC/SWM/2025-26/44 & 47
Rajkot Municipal Corporation invites different four e-Tenders from the experienced contractors Manpower Supply for Sweeping and Waste Collection from East Zone Ward No.4B, Ward No.16, West Zone Ward No.01 (Ghanteshwar) & Ward No.11(Motamava). The last date for downloading and submission of online e-Tenders as above is 15th December 2025 up to 16.00 hours and 18.00 hours respectively. Whereas pre-bid meeting is scheduled on 4th December 2025. Please visit **https://tender.nprocure.com/** or www.rmc.gov.in for further details.
Environment Engineer

# રાજકોટ શહેર ટ્રાફિક પોલીસની ટોઈંગ વાન અને એસ.ટી અકસ્માતમાં ભીનું સંકેલાયું

## તપાસની માગ કરી પોલીસ કેસ કરવા વિભાગીય નિયામકને, મુખ્યમંત્રીને મુસાફર હિતરક્ષક સમિતિની લેખિત ફરિયાદ

આજકાલ કાર્યાલય

રાજકોટ

ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના ગુજરાતના પ્રતિનિધિ ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, દિલીપભાઈ આસવાણી, પટેલ નાગજીભાઈ વિરાણી ની સંયુક્ત યાદી જણાવે છે કે શહેરના વોર્ડ નંબર સાતના જાગનાથ પ્લોટ માં શેરીઓમાં ખોદકામ કર્યા બાદ હાલ યાજ્ઞિક રોડ પર ખોદવાનું કામ ચાલુ હોય અને ખોદકામ કરાયેલા ખાડાઓમાં સમયસર બુરાણ ન થતું હોવાને પગલે નાના-મોટા અકસ્માતો રોજિંદા બન્યા છે ત્યારે ગઈકાલે તારીખ ૧ ડિસેમ્બર ૨૦૨૫ ના બપોરના એક કલાકે સ્ટુડન્ટ ફેરામાં રાજકોટ નાના સગાડીયા રાજકોટ રૂટની ઉપડેલી લાલ કલરની રાજકોટ



ડેપોની જીજે૧૮ઝેડ ૮૪૦૪ નવી બસ યાજ્ઞિક રોડ પર ઈમ્પેરિયલ હોટલ પાસે પોતાની સાઈડમાં જતી હતી ત્યારે રાજકોટ શહેર ટ્રાફિક પોલીસની ટોઈંગ વાન નંબર જીજે૦૩જીએ ૧૨૯૪ રિવર્સમાં લેતા એસ.ટી બસના ડ્રાઈવર સાઈડમાં બસમાં ઢસડાઈ અને મોટો ખાડો પાડી દીધો હતો અને લિસોટા પાડી દઈ કલર અને પટ્ટી ઉખાડી નાખી હતી અકસ્માત થતા એસ.ટીના ડ્રાઈવરે કહ્યું કે આમાં મારે પૈસા ભરવા પડશે તમે કેસ કરી નાખો પરંતુ રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ વાનના ફરજ પરના મહિલા એએસઆઈ એ કહ્યું કે આટલી નુકસાનીમાં શું ? અમારી પાસે થોડા પૈસા હોય ? તમારી ગાડી પણ સરકારી છે અને અમારી ગાડી પણ સરકારી છે તો જતું કરો પરંતુ મહિલા એએસઆઈ ને ખબર નથી લાગતી કે રાજકોટ શહેર ટ્રાફિક પોલીસની જે ટોઈંગ વાન છે તે સરકારી નહી પરંતુ કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ચલાવવામાં આવે છે. અને ડ્રાઈવરો પણ કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ચાલે છે.

ત્યારબાદ આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર સેક્ટરના ટ્રાફિક પોલીસ ઈન્સ્પેક્ટરે એસ.ટી બસના ડ્રાઈવર સાથેની વાતચીત કરતા ડ્રાઈવરે કહ્યું કે મારું આમાં કાંઈ ન ચાલે પરંતુ તમે મારા સાહેબ સિનિયર ડેપો મેનેજર ઘનશ્યામભાઈ હરિભાઈ ઠગ સાથે વાત કરો ત્યારે ટ્રાફિક પોલીસ ઈન્સ્પેક્ટર અને સિનિયર ડેપો મેનેજર સાથે વાતચીત થયા બાદ કોઈપણ જાતની કાર્યવાહી કર્યા વગર બસ રવાના કરી દેવામાં આવી હતી અને કુલડીમાં ગોળ ભાંગી લેવામાં આવ્યો છે. ડેપો મેનેજર એસટી બસ પોર્ટમાં ફરિયાદ બુક માગનારા, બસપોર્ટમાં પાણી બંધ હોય પાણીની માંગ સાથે રજૂઆત કરનારા સામે અને બસ પોર્ટમાં દારૂડિયા અને લુખ્ખાઓ નો પર્દાફાશ કરી પોલીસ કમિશનરને ફરિયાદ કરનાર જાગૃત નાગરિક સામે પોલીસમાં અરજીઓ આપી કેસ કરે છે તો રાજકોટ શહેર ટ્રાફિક પોલીસની ટોઈંગ વાન સામે શા માટે કેસ ન કર્યો. એસટી બસમાં મિરર તૂટે તો પણ ડ્રાઈવર પાસેથી ચાર્જ વસૂલવામાં આવે છે ત્યારે રાજકોટ શહેર ટ્રાફિક પોલીસની ટોઈંગ દ્વારા ઘોબો પાડી નવી બસમાં લિસોટા પાડી દેવાયા બસમાંની પટ્ટી તોડી નાખવામાં આવી છતાં ભીનું સંકલવાનો જે પ્રયાસ કરવામાં આવ્યો છે તેને કોઈપણ સંજોગોમાં ચલાવી ન લેવાય. એસ.ટીને નુકસાની થઈ છે ત્યારે કેસ કરવો પડે અને શા માટે કેસ કરવામાં આવેલ નથી તેની સ્પષ્ટતા સિનિયર ડેપો મેનેજર કરે તેવી માંગ મુસાફર હિતરક્ષક સમિતિ દ્વારા વિભાગીય નિયામક અને મુખ્યમંત્રી સમક્ષ ફરિયાદ સાથે રજૂઆત કરવામાં આવી છે. તથા નુકસાની અંગે તપાસ હાથ ધરી નિયામાનુસાર કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ અને તપાસમાં જે કોઈ કસૂરવાન અધિકારી સાબિત થાય તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી થવી જોઈએ. તેવી માગ કરવામાં આવી છે.

# વિશ્વ એઈડ્સ દિવસ ઉજવણી નિમિત્તે રાજકોટ બન્યું રેડ રિબન નગર

આજકાલ કાર્યાલય

રાજકોટ

૧લી ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે છેલ્લા ૩૮ વર્ષથી સક્રિય કામગીરી કરતી એઈડ્સ પ્રિવેન્શન ક્લબ દ્વારા શાળા કોલેજ અને સમાજમાં વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં એક લાખથી વધુ છાત્રો અને નગરજનોને જોડવામાં આવ્યા હતા .

ગઈકાલે રેસકોર્સ રીંગરોડ પ્રોજેક્ટ લાઈફ સેન્ટરથી ૫૦૦ લાલ કલરના ફુગ્ગાની વિશાળ લાલ રેડ રિબન હવામાં તરતી મૂકીને એન્ડ એઈડ્સ ૨૦૩૦ ના વૈશ્વિક સંકલ્પના ભાગરૂપે એઈડ્સને બાય...બાય કહેવામાં આવ્યું હતું.

રેડ રીબીન લાઈફના મિતલ કોટિચા શાહ અને ચેરમેન અરુણ દવેના હસ્તે ઉડાડવામાં આવી હતી. આજે સવારે જી.શેઠ વિદ્યાલય કાલાવડ રોડ ખાતે ૫૦૦ વિદ્યાર્થીઓની વિશાળ રેડ રિબન બનાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આચાર્ય ડો. ભાવેશભાઈ દવે, સતીશ તેરૈયા, કવિતાબેન ઠાકર, સંજયભાઈ રાઠોડ સહિત સ્ટાફના માર્ગદર્શન હેઠળ છાત્રોને એચ.આઈ.વી. એઈડ્સ વિષયક માહિતી પણ આપવામાં આવી હતી .




જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ખાતે ભાવિ શિક્ષકો માટે ભવ્ય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૦૦ ભાવિ શિક્ષકો જોડાયા હતા.

શહેરની પંચશીલ સ્કૂલ ખાતે ૫૦૦ કેન્ડલ લાઈટની ઝગમગતી રેડ રીબન બનાવીને છાત્રોએ એઈડ્સ જનજાગૃતિ પ્રસરાવી હતી. જેમાં શાળાના સંચાલક ડી.કે. વાડોદરિયાનો સહયોગ મળ્યો હતો.

# આજે રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ, રાજકોટમાં હવા ઝેરી બની: તંત્ર કુંભકર્ણ નિંદ્રામાં

## મહાનગરપાલિકામાં પ્રદૂષણને નિયંત્રણ કરવા માટેની ગ્રાન્ટ વણ વપરાયેલી પડી હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

આજકાલ કાર્યાલય

રાજકોટ

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો રાજદીપસિંહજી જાડેજા અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હિતેશભાઈ વોરાની સંયુક્ત યાદી જણાવે છે કે આજે ૨ ડિસેમ્બર નેશનલ પોલ્યુશન કંટ્રોલ ડે છે. તા.૨/૧૨/૧૯૮૪ના રોજ ભોપાલ ગેસ દુર્ઘટના સર્જાઈ હતી જેમાં ૨૦૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા અને આજે ૩૬ વર્ષો એ ઘટનાને થયા છે અને આ ઘટનામાં છ લાખથી વધુ લોકોને વિપરીત અસર થઈ હતી. ભોપાલ ગેસમાં ઝેરી ગેસ મીથાઈલ આઈસોનિક ફાઈનેક લીકેજ થતા હવામાં પ્રસરિત થવાથી મોટામાં મોટી આ દુર્ઘટના સર્જાય હતી ઔદ્યોગિક આપત્તિઓનું નિયંત્રણ માટે આ દિવસ રાષ્ટ્રભરમાં આજે ઉજવાઈ રહ્યો છે ત્યારે રાષ્ટ્રના દરેક નાગરિકો પ્રદૂષણ ન ફેલાવે અને તંત્ર પણ નક્કર પગલાં લે એવી અપેક્ષા રાખીએ છીએ.

ડિસેમ્બર મહિનામાં વધતા ધુમાડા, ધુમસ, ઔદ્યોગિક કચરા, વાહન વ્યવહારના ધુમાડા અને હવામાનમાં થતા ફેરફારોને કારણે પ્રદૂષણનો અભાવ વધુ સ્પષ્ટ જોવા મળે છે આવા સમયમાં હવા અને જમીનને સ્વચ્છ રાખવા માટે સામૂહિક જવાબદારી નિભાવવાની આવશ્યકતા છે પર્યાવરણ સુરક્ષા માત્ર એક અભિયાન નથી તે જીવનની ગુણવત્તા સાથે સીધો જોડાયેલો મુદ્દો છે સ્વચ્છ હવા પ્રત્યેક શ્વાસને સુરક્ષિત રાખે છે શુદ્ધ પાણી સ્વાસ્થ્યનો આધાર બને છે હરિયાળો પર્યાવરણ આવનારી પેઢીઓને સુરક્ષા આપે છે આ દિવસે આપણે અવાજ ઉઠાવીએ કે પ્રદૂષણ ઘટાડવું એ દરેક નાગરિકનું કર્તવ્ય છે ઓછું પ્રદૂષણ એટલે સારો આરોગ્ય સારો વિકાસ અને સારો ભવિષ્ય પ્રદૂષણ નિયંત્રણ માટે જાગૃત બનીને સ્વચ્છ અને સુરક્ષિત પર્યાવરણ તરફ આગળ વધવાની જરૂર છે.

આજે રાજકોટ એ સૌરાષ્ટ્રનું પાટનગર સમાન શહેર બન્યું છે. વૃક્ષારોપણ અંગે નક્કર કામગીરી કરવામાં આવતી નથી અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરી રાજકોટ મહાનગરપાલિકા પાપે આજે વાતાવરણ અને જમીન પ્રદૂષિત થયા છે. આજી જીઆઈડીસી, મેટોડા જીઆઈડીસી, સાપર જીઆઈડીસીમાં ઔદ્યોગિક એકમોમાં છોડવામાં આવતા પ્રદૂષિત પાણી અને હવા અંગે કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી પ્રદૂષણ નિયંત્રણ માટે રાજકોટ શહેરના જાગૃત નાગરિકો દ્વારા સૂચનો મંગાવવા જોઈએ અને વ્યાજબી અને સારું સૂચન હોય તેવા નાગરિકોને પ્રોત્સાહિત કરવા જોઈએ અને પ્રદૂષણ નિયંત્રણ ઘટાડવા જે કાંઈ ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા મળે છે તેનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને રાજકોટ મહાનગરપાલિકા સંકલન સાધી એર ક્વોલિટી મેનેજમેન્ટ સેલ ની રચના કરે અને જે ગ્રાન્ટ લેપ્સ થાય છે તેનો પૂરતા પ્રમાણમાં જો ઉપયોગ કરવામાં આવે તો આગામી દિવસોમાં પ્રદૂષણને નિયંત્રણ કરી શકાશે.

# રવિવારે રાજકીય-સામાજિક અવગણના મુદ્દે બ્રહ્મસમાજ દ્વારા મહાસંમેલન મળશે

## સમાજના લોકોને આમંત્રણ: બ્રહ્મસમાજના પ્રતિનિધિ મંડળે કરી 'આજકાલ'ની શુભેચ્છા મુલાકાત

આજકાલ કાર્યાલય

રાજકોટ

આગામી તા. ૭-૧૨-૨૦૨૫ રવિવાર સાંજના ૪-૦૦થી ૭-૦૦ અટલ સરોવર, ન્યુ રેસકોર્ષ ખાતે અટલ પાર્ટી પ્લોટ ખાતે ગુજરાત બ્રહ્મસમાજનું મહાસંમેલન યોજાશે. વર્તમાન સમયમાં બ્રહ્મસમાજની રાજકીય-સામાજીક અવગણના અને કર્મકાંડી બ્રાહ્મણ પરિવારો દેવસ્થાન ટ્રસ્ટોમાં તીર્થ પુરોહિતોને વારંવાર થતી મુશ્કેલીઓ બાબત સહિતની પડતર માંગણીઓને લઈ બ્રહ્મસમાજનું મહાસંમેલન યોજાશે. જે અંગે માહિતગાર કરવા માટે પ્રતિનિધિ મંડળે 'આજકાલ' કાર્યાલયની શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મહાસંમેલન કોઈ રાજકીય પક્ષના સમર્થન કે વિરોધમાં નહીં, પણ બ્રહ્મસમાજને વિશ્વાસમાં લઈ પ્રતિનિધિત્વ આપવામાં આવે એ મુખ્ય માંગ સાથે દરેક રાજકીય પક્ષોમાં બ્રહ્મસમાજનું




પ્રતિનિધિત્વ આપવામાં આવે એ મુખ્ય માંગ સાથે દરેક રાજકીય પક્ષોમાં બ્રહ્મસમાજનું પ્રતિનિધિત્વ વધે એવા હેતુથી યોજાઈ રહ્યું છે એવું સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું. દરેક રાજકીય પક્ષો પણ નોંધ લે એવા હેતુ સાથે સમાજની વિવિધ સંસ્થાઓ એક મંચ ઉપર આવે સમાજ સંગઠિત થઈ શૈક્ષણિક-રાજકીય-સામાજીક રીતે મજબૂત થાય અને સનાતન સંસ્કૃતિ, પરંપરાને મજબૂત કરી હિન્દુ દેવી-દેવતાઓ ઉપર થતી અભદ્ર ટિપ્પણીઓ અને ગૌહત્યા બંધ કરવા જેવા વિવિધ મુદ્દાઓ ઉપર સરકારને મજબૂત સંદેશ આપવા મહાસંમેલનનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ગુજરાતના દરેક જીલ્લા અને તાલુકાઓમાં બ્રહ્મસમાજના આગેવાનો સતત પ્રવાસ કરી રહ્યા છે. યુવાનો કોઈપણ સ્વાર્થ વગર કામ કરી રહ્યા હોય તમામનો આભાર વ્યક્ત કરી મિલનભાઈ શુક્લ દ્વારા બ્રહ્મસમાજને મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરાઈ છે. 'આજકાલ' કાર્યાલયની મુલાકાત વેળાએ વિપુલભાઈ જાની, મનોજભાઈ રાજગોર, ચંદુભાઈ પુરોહીત, ગોરધનભાઈ બામટા, જીજ્ઞેશભાઈ ત્રિવેદી, ગૌરીશંકરભાઈ તેરૈયા, ધર્મેન્દ્રભાઈ દવે, જાગૃતિબેન જોષી, બંસીબેન રાજગોર, પદ્મીબેન જોષી, માધવીબેન ભટ્ટ, હંસાબેન ભટ્ટ, જ્યોતિબેન પંડ્યા, દિવ્યાબેન દવે વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# આજે રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ

આજકાલ કાર્યાલય

રાજકોટ

પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ આપણે કુદરતી હોનારતનો સામનો કરવો પડે છે. ગ્લોબલ વોર્મિંગ, મહામારીઓ, કુદરતી આપત્તિઓ, તાપમાનનું વધવું વગેરે જેવી સમસ્યાઓ પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ થાય છે. આ સમસ્યાઓનું મૂળ તો મુખ્યત્વે પ્રદુષણ જ રહે છે. જળ, જમીન, વાયુ અને હવે તો લાઈટ અને નોઈસ પોલ્યુશન પણ એટલાં જ ચર્ચાઓમાં છે. આપણે આપણું જીવન સરળ બનાવવા માટે વિવિધ ઉપકરણોનો ઉપયોગ કરીએ છીએ. આ સાધનો આપણી જીવન શૈલી તો સુધારે છે પણ જીવન જીવવાની પદ્ધતિને વિખેરી જાય છે. આમાંથી પ્લાસ્ટિકની સમસ્યા ઘણી મોટી સમસ્યા પુરવાર થઈ છે.

પ્લાસ્ટિક એ આજની સૌથી વધુ વપરાતી સામગ્રીમાંની એક છે.આજે પ્લાસ્ટિક બેગ તાકીદની જરૂરિયાત બની ગઈ છે. તેના અનુકૂળ સ્વભાવને કારણેરોજિંદા જીવનમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે. રોજિંદી પ્રવૃત્તિઓથી સંબંધિત બધી પ્રવૃત્તિઓમાં પ્લાસ્ટિકની ભૂમિકા હોય છે. મોબાઈલ, ટીવી, ફ્રિજ, એસી, ખુરશી,



ટેબલ, કમ્પ્યુટર વગેરે જેવી સંખ્યાબદ્ધ વસ્તુઓ છે જે પ્લાસ્ટિકની બનેલી હોય છે, પરંતુ પ્લાસ્ટીક એ નાશ ન થઈ શકે તેવું પ્રદૂષણ છે અને તે જમીન, પાણી અને હવાને પ્રદૂષિત કરે છે એટલે કે સમસ્ત પયોવરણને નુકસાન કરે છે. ગમે ત્યાં ફેકી દીધેલી પ્લાસ્ટીકની થેલીઓ અન્ય ખોરાકની સાથે ખાઈ જવાથી અનેક પશુઓ પણ મોતને ભેટે છે અને આ મૃત પશુઓનાં અવશેષો નાશ પામ્યા બાદ પણ પ્લાસ્ટીક જેમનું તેમ રહે છે. પ્લાસ્ટીકનો નાશ થતાં ઘણા વર્ષ લાગે છે. તેને બાળવાથી પણ તે પયોવરણમાં ડાયોકસીન સહિત હાનિકારક વાયુઓ છોડે છે. પયોવરણ માટે ભારોભાર નુકસાનકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ દિનપ્રતિદિન વધી રહ્યો છે. જાગૃત નાગરિક તરીકે પયોવરણ અને આરોગ્ય માટે ખુબ જ હાનિકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ ટાળીને દરેક વ્યકિત પયોવરણને બચાવે તે હાલનાં ગ્લોબલ વોર્મિંગનાં સમયની માંગ છે. માટે જેમ બને એમ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળીને કાપડની બનેલી થેલીઓનો જ ઉપયોગ કરવો જોઈએ.પર્યાવરણની જાળવણીમાં વૃક્ષો, જંગલો અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. જ્યાં ઈલેક્ટ્રોનિક તાર પસાર થતા હોય બરાબર તેની વચ્ચે વૃક્ષો ન વાવવા જોઈએ. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મૂળિયાં અને પર્ણો ઔષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા-પતરાળાં બનાવવાના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજ્જડ લાગે છે. ૫૦ વર્ષોમાં એક ઝાડ કુલ ૧૭.૫૦ લાખ ઓકિસજનનું ઉત્પાદન કરે છે, ૩૫ રૂપિયાના પ્રદુષણનું નિયંત્રણ, ૩ કિલો કાર્બનડાયોક્સાઈડનું શોષણ, ૪૧ લાખ રૂપિયાના પાણીનું રીસાયકલીંગ, ૩% તાપમાનમાં ઘટાડો કરે છે.

# આજે વિશ્વ કમ્પ્યૂટર સાક્ષરતા દિવસ

આજકાલ કાર્યાલય

રાજકોટ

વિશ્વ કમ્પ્યુટર સાક્ષરતા કે જાણકારી દિવસની ઉજવણીની શરૂઆત ખાસ કરીને જે લોકો સુધી હજુ સુધી કમ્પ્યૂટર કે ટેક્નોલોજીની માહિતી પહોંચી નથી તે લોકોને કમ્પ્યૂટર કે ટેક્નોલોજી વિશે માહિતગાર કરવાનો છે.બીજા વિશ્વયુદ્ધ પહેલા કમ્પ્યૂટરના સાક્ષર લોકો ન હતા તેથી આ બાબતે વધુને વધુ જાણકારી પ્રસિદ્ધ કરવા આ દિવસની ઉજવણી કરવાની શરૂઆત કરવામાં આવી. સોશિયલ મીડિયા અને મીડિયા ચેનલ પર કમ્પ્યૂટરનું વિજ્ઞાપન કરીને તેની જરૂરિયાત ધરાવતા લોકો સુધી માહિતી પહોંચાડવી એ કમ્પ્યૂટર વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવાનું સૌથી સરળ માધ્યમ છે. કમ્પ્યૂટર અને ટેક્નોલોજી વિશે ડિજિટલ સાક્ષરતા વધારવા માટે દર વર્ષે ૨ ડિસેમ્બરે વિશ્વ કમ્પ્યૂટર સાક્ષરતા દિવસ ઉજવવામાં આવે છે.

આજના સમયમાં કમ્પ્યૂટર ખૂબ જ ઝડપથી અને સરળતાથી સુલભ બન્યા



છે અને આંખના પલકારામાં માહિતીની પ્રક્રિયાને સરળ બનાવવા માટે સશક્ત બન્યા છે પરંતુ જ્યારથી બ્રિટીશ ગણિતશાસ્ત્રી અને મિકેનિકલ એન્જિનિયર અને જેમના વિચારોથી કમ્પ્યૂટરની શોધ કરવામાં મદદ મળી હતી તેવા ચાર્લ્સ બેબેજે વિશ્વનું પહેલું કમ્પ્યૂટર બનાવ્યું હતુંએ દિવસથી લઈને આજ સુધી આપણે જોઈએ તો આખા રૂમમાં સમાઈ જાય એવા કમ્પ્યૂટરથી લઈને આજે માઈક્રો કમ્પ્યૂટર પણ ઉપલબ્ધ છે છતાં આજે પણ ઘણા લોકો એવા છે કે જે ક્યાંકને ટેક્નોલોજીને વાપરતા અચકાય છે અથવા એમને નવી નવી થઈ રહેલી શોધ કહો કે સવલતો એનો લાભ ઉઠાવતા આવડતો નથી. દિવસે દિવસે વધતા જતા સાઈબર ક્રાઈમ પણ આ ઓછી કમ્પ્યૂટર લીટ્રસીનું પરિણામ જ કહી શકાય. જો આ દિશામાં લોકો સુધી સાચી સમજ પહોચાડવા માટેનાં પ્રયત્નો કરવામાં આવશે તો દેશમાં થતાં ઘણા સાઈબર ક્રાઈમ્સ અટકાવી શકાશે.

## શહેરની રોજનીશી


### ઈન્ડિયન ઓડિટ એસોસિએશન દ્વારા નિવૃત્તિ વિદાય સમારોહનું આયોજન

એ.જી. ઓફિસમાં ૪૦ વર્ષથી નોકરી કરતાં સુપરવાઇઝરની પોસ્ટ પરથી નિવૃત થતાં ગૌતમ પી. વાઢેરનો તા.૦૨-૧૨ને મંગળવારે સાંજે પાંચ વાગ્યે એ.જી. ઓફિસ કેન્ટિન ગ્રાઉન્ડ ખાતે નિવૃતિ વિદાય સમારોહ રાખેલ છે. જેમાં સ્ટાફ તથા પેન્શનરોને ઉપસ્થિત રહેવા ઈન્ડિયન ઓડિટ એન્ડ એકાઉન્ટસ ડીપાર્ટમેન્ટ પેન્શનર્સ એસોસિએશનના કો-ઓર્ડીનેટર હસમુખ પટેલ (મો.૮૭૧૪૨ ૪૯૧૭૬)ની યાદીમાં જણાવાયેલ છે. વાઢેર ગુજરાત સરકારમાં પણ ડીવીઝનલ એકાઉન્ટન્ટ તરીકે ઘણો સમય સેવા આપી છે. તેમનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવશે.

### અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક આરોગ્ય કેમ્પ યોજાયો

અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટના માધ્યમથી તારીખ ૧લી ડિસેમ્બર સોમવાર સવારે ૯:૦૦ થી ૧:૦૦ હોટલ પેટ્રીયા સ્યુટસ, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે તદ્દન ફી(નિઃશુલ્ક) આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં દાંતના રોગોની સારવાર દંતવૈદ્ય ભરતભાઈ વ્યાસ દ્વારા પૌરાણિક જલંધરબંધ યોગપદ્ધતિ દ્વારા દંતને લગતી સમસ્યાઓનું નિદાન અને સારવાર કરવામાં આવ્યું છે. મહેશભાઈ ચાવડા સુજોક થેરાપી દ્વારા સાંધાના દુખાવા અને સ્નાયુના દુઃખાવા હાથના પંજામાં ચોક્કસ જગ્યાએ દબાણ આપી શરીરના દુખાવા દુર કરે છે. આ ઉપરાંત ટીમેક્ષ ફાઉન્ડેશન દ્વારા ફ્રી કાંસ્યમસાજ થેરાપી મનસુખભાઇ સરવૈયા દ્વારા આપવામાં આવી હતી.અરવિંદભાઈ વાળા ફિઝિયોથેરાપી સારવાર આપવામાં આવશે. બી.પી, ડાયાબીટીસનો રિપોર્ટ સેલસ હોસ્પિટલની ટીમ દ્વારા કરવામાં આવશે. આ ઉપરાંત ચિંતા, તણાવ, ડિપ્રેશન, પર્સનાલિટી જેવી મેન્ટલ હેલ્થને લગતી બાબતોના નિદાન માટે આ રેણુકાબેન મહેતા દ્વારા માર્ગદર્શન અપાયું હતું. આ ઉપરાંત તંદુરસ્ત જીવન જીવવા માટે યોગ્ય ડાયેટ ફ્ડ, રોજીંદી દિનચર્યા વગેરે વિશે કામેન્દ્રભાઈ આચાર્ય માર્ગદર્શન આપશે, કાર્ડિયોગ્રામ તથા જનરલ રોગ પરીક્ષણ સ્ટર્લિંગ હોસ્પિટલની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

### જનકલ્યાણ ટ્રસ્ટના અભિયાનમાં ૭૭૭મું ચક્ષુદાન



સુભાષભાઈ વિઠ્ઠલભાઈ શાહનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણા થી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબજ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડયુ છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૭૭૭ દાન થયેલ છે. આ નવેમ્બર ૨૦૨૫ મહિનાનુ દસમું ચક્ષુદાન થયેલ છે. આ ચક્ષુદાનમાં વિજયભાઈ ડોબરીયાનો સહયોગ મળેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન-સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહિતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન મો.ઉમેશ મેહતા ૯૪૨૮૫ ૦૬૦૧૧નો સંપર્ક કરવા જણાવ્યુ છે.

### ગોવર્ધનનાથજી હવેલી ખાતે કાલે પાટોત્સવ



વહાલા વૈષ્ણવને જણાવવાનું કે ગોર્વધનનાથજીનો પાટોત્સવ તા.૩ને બુધવારે સાંજે ૫ થી ૭ કલાકે આયોજન રાખેલ છે. મંગલ સાનિધ્ય વલ્લભકુળભુષણ પુજ્યપાદ ગોસ્વામી ૧૦૮ ભાગવતકુમાર મહોદય રસિયાનું રસપાન કરાવશે પ્રસિદ્ધ ગાયક રસેશભાઈ શાહ અને સાથીઓ સર્વ ભગવદીય વૈષ્ણવોને પંચવટી માનવ કલ્યાણ ટ્રસ્ટ ભક્તિધામ, પંચવટી સોસાયટી દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવાયું છે.

# તરૂણ નડિયાપરાના જન્મદિવસે નમ્રતાગ્રીન ફાઉન્ડેશને ઝુંપડપટ્ટીમાં બાળકોને નાસ્તાનું વિતરણ કરાયું

## ગુજરાતની અલગ અલગ જગ્યાએ લોક કલ્યાણ માટે કામ કરી રહી છે



આજકાલ કાર્યાલય

રાજકોટ

નમ્રતાગ્રીન ફાઉન્ડેશન એટલે એક સામાજિક સંસ્થા જે અવારનવાર ગુજરાતની અલગ અલગ જગ્યાએ લોક કલ્યાણ માટે કામ કરી રહી છે સંસ્થા પ્રમુખ મહેન્દ્ર આયલાણીના નેતૃત્વ હેઠળ દાતા તરુણભાઈ નડીયાપરાના જન્મદિવસ નિમિતે નમ્રતાગ્રીન ફાઉન્ડેશન દ્વારા રાજકોટની ઝુપ્પડપટ્ટી વિસ્તારમાં નાના ભૂલકાઓને નાસ્તો કરાવામાં આવ્યો જેમાં દાતાઓ તરુણભાઈ નડીયાપરા, દિનેશભાઈ કોશિયા એ સહયોગ આપ્યો હતો તેમજ ફાઉન્ડેશનના પ્રમુખ મહેન્દ્ર આયલાણી, સુહાગ પટેલ, દર્શન રિબડીયા, પ્રીયાંગ,જયભાઈ લાડવા સહિતના લોકોએ આ કાર્યક્રમની જહેમત ઉઠાવી હતી.

# દિલ વિધાઉટ બિલ તરીકે ઓળખ: રાજયોમાં દેશની કુલ વસ્તીના ૬૦ ટકા લોકોને જીવતદાન આપ્યું

## સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલને સતત બીજા વર્ષે સર્વોચ્ચ એનજીઓ ગ્રેડિંગ પ્રાપ્ત

આજકાલ કાર્યાલય

રાજકોટ

પ્રશાંતિ મેડિકલ સર્વિસિસ એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ રાજકોટ અને અમદાવાદને સતત બીજા વર્ષે પણ દેશના સર્વોચ્ચ ગ્રેડિંગ એનજીઓ-૧થી સન્માનિત કરવામાં આવી છે. આ ગ્રેડિંગ કેર એનાલિટિકસ અને એડવાઈઝરી પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આપવામાં આવે છે, જે હોસ્પિટલની સેવા ગુણવત્તા, વહીવટી શક્તિ અને સંચાલન ક્ષમતાનો મહત્વપૂર્ણ માપદંડ માનવામાં આવે છે.

એનજીઓ-૧ ગ્રેડિંગ શું છે ? અર્થ શું છે? એનજીઓ-૧ કોઈપણ સંસ્થાને મળતું સર્વોચ્ચ રેટિંગ છે, જે દર્શાવે છે કે,

હોસ્પિટલની દર્દી સેવા ક્ષમતા ઉત્તમ અને સર્વોચ્ચ સ્તરની છે. આયોજન, વહીવટ, સંચાલન અને ગુણવત્તા સિસ્ટમ્સ ખૂબ જ મજબૂત, પારદર્શક અને વિશ્વસનીય છે. હોસ્પિટલમાં દરેક પ્રકારની હૃદય સારવારની તપાસથી લઈ સર્જરી અને આઈસીયુ કેર સુધી સંપૂર્ણપણે નિઃશુલ્ક આપવામાં આવે છે. સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગના દર્દીઓ માટે બિલકુલ મફતમાં કાર્ડિયક સારવાર પૂરી પાડતા દેશના અગ્રણી મેડિકલ સેન્ટર્સમાંની એક બની છે.

જ્યાં અદ્યતન કેથલેબ, મોડ્યુલર ઓપરેશન થિયેટર્સ, અને આધુનિક આઈસીયુ, તમામ સારવાર, દવાઓ, ઓપરેશન અને અનુસરણની સેવાઓ કોઈપણ ખર્ચ વગર વર્ષોથી હજારો હૃદયરોગી દર્દીઓને નવો જીવનપ્રાણ આપતી સેવાનુ સંપૂર્ણ કેશલેસ બિલલેસ નિઃશુલ્ક હેલ્થકેર સિસ્ટમ કાર્યરત છે. ગ્રામ્ય અને વંચિત વર્ગના દર્દીઓ માટે સરળ અને સમાન પહોંચ માટે ફાઉન્ડેશનની પ્રતિબદ્ધતા છે. ફાઉન્ડેશન આગળ પણ સમાજના દરેક વર્ગને ઉચ્ચ ગુણવત્તાની હૃદય સારવાર સંપૂર્ણપણે મફતમાં ઉપલબ્ધ કરાવવામાં સતત કાર્યરત રહેશે.

દિલ વિધાઉટ બિલ તરીકે ઓળખાતી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ – રાજકોટ અને અમદાવાદ, છેલ્લા ૨૫ વર્ષથી આરોગ્ય સેવા ક્ષેત્રે માનવતાની અનોખી સુગંધ ફેલાવી રહી છે. આ હોસ્પિટલ દ્વારા દેશના વિવિધ રાજ્યો – ઓડિશા, રાજસ્થાન, ઝારખંડ, આસામ, બિહાર, મધ્ય પ્રદેશ, ગુજરાત અને લેહ-લદ્દાખ સાથે કરાર કરવામાં આવ્યા છે, જેના આધારે ત્યાંના હૃદયરોગી દર્દીઓને અહીં સંપૂર્ણપણે વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે. આ હોસ્પિટલ દ્વારા દેશના વિવિધ રાજ્યો – ઓડિશા, રાજસ્થાન, ઝારખંડ, આસામ, બિહાર, મધ્ય પ્રદેશ, ગુજરાત અને લેહ-લદ્દાખ સાથે કરાર કરવામાં આવ્યા છે, જેના આધારે ત્યાંના હૃદયરોગી દર્દીઓને અહીં સંપૂર્ણપણે વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.

ગુજરાતની આ બે હોસ્પિટલોએ અત્યાર સુધી ભારતના તમામ રાજ્યોમાંથી અને દેશની કુલ વસ્તીના ૬૦ ટકાથી વધુ ભાગમાંથી આવેલા હજારો દર્દીઓને જીવનદાન આપ્યું છે.

# ભાજપ મીડિયા અગ્રણી અરુણ નિર્મળના નિવાસ સ્થાને વોર્ડ-૧માં મન કી બાત કાર્યક્રમ યોજાયો

**આજકાલ કાર્યાલય**

**રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દર મહિના ના છેલ્લા રવિવારે મન કી બાત કાર્યક્રમ યોજવામાં આવે છે. આ કાર્યક્રમનું ડી.ડી. ચેનલ પર જીવંત પ્રસારણ કરવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ પંચાલ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી અશ્વિન મોલિયા, વિરેન્દ્રસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેરના ૧૮ વોર્ડમા ૯૮૪ બૂથ ઉપર કાર્યક્રમ યોજવામાં આવે છે, તે અનુસંધાને વોર્ડ નં.૧, બૂથ નં.૧મા રાજકોટ જિલ્લા ભાજપ પ્રેસ મીડિયા અગ્રણી અરુણભાઈ નિર્મળના નિવાસસ્થાને ધારાસભ્ય દર્શીતાબેન શાહ, વોર્ડ ૧ના



પ્રભારી કાથડભાઈ ડાંગરની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ તકે ઉપસ્થિત મહેમાનોનું અરૂણ નિર્મળ, હર્ષા નિર્મળ, રિકિતા નિર્મળ, જય નિર્મળ એ ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ બુકે નહીં બુક આપી સન્માન કર્યું હતું.

આ કાર્યક્રમમાં, વોર્ડ ૧ના અવી મકવાણા, સનસીટી હેવન બી વિંગના પ્રમુખ મહેશભાઈ વૈષ્ણવ, સનસીટી હેવનના ઉપ પ્રમુખ પ્રદીપભાઈ રાજવીર, કમિટી મેમ્બર્સ ધર્મેશભાઈ બાબરીયા, ચેતનભાઈ મજેઠીયા, સંજયભાઈ દોશી, કેતનભાઈ રૂપારેલ, મિતેશભાઈ ચંદારાણા, દિનેશભાઈ મોદી, તેજશભાઈ ગોડા, જયભાઈ નિર્મળ, કિશોરભાઈ મશરૂ, તેમજ મહિલા અગ્રણી હર્ષાબેન નિર્મળ, રિકિતાબેન નિર્મળ, હરિતાબેન ચંદારાણા, તૃપ્તિબેન બાબરીયા, હીનાબેન સંઘવી, જયભાઈ પુજારા સહિત આ મન કી બાત કાર્યક્રમમાં બૂથ ન.૧ના કાર્યકર્તાઓ તેમજ સનસીટી હેવન ના રહેવાસીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે ધારાસભ્ય દર્શીતાબેન શાહ એ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ગુજરાતમા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના વડપણ હેઠળ દેશ નો વિકાસ ચો તરફ થઈ રહ્યો છે. તાજેતરમાં યોજાયેલ બિહારની ચૂંટણીમાં ભાજપ ની સહયોગી એન ડી એ ભારે બહુમતીથી વિજય પ્રાપ્ત કર્યો. ભાજપ સરકારના વિકાસને ધ્યાને રાખી પ્રજાએ ખોબલે ખોબલે મત આપી જંગી વિજયી આપ્યો. વધુમા, તાજેતરમાં ચૂંટણી આયોગ દ્વારા ચાલી રહેલ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ એસઆઈઆર અંતર્ગત વોર્ડ નં.૧ ખાતે વિવિધ બુથમાં પાર્ટીના બીએલએ-૨, વોર્ડ સંગઠન ટીમ દ્વારા સુંદર કાર્ય થઈ રહ્યું છે તે અંગેનું વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડી ને સોસાયટીના અમુક ફ્લેટ ધારકોની મુલાકાત લીધી હતી.

# સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના પેન્શનર્સ એસો.ની મંથલી મિટિંગ સંપન્ન

**આજકાલ કાર્યાલય**

**રાજકોટ**

દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના નિવૃત્ત પેન્શનરોના બનેલ બિનરાજકીય સંગઠન એસ.બી.આઈ. પેન્શનર્સ એસોસિએશનના પેન્શનરોને પરસ્પર મળવાનું થાય, કોઈ સૂચનો કે ફરિયાદો હોય તો રજૂઆત કરી શકે, પેન્શનરોના પ્રશ્નો અંગે ચાલી રહેલ ગતિવિધિઓતી માહિતગાર થાય તેમજ હળેમળે આનંદ કરે એવા શુભાસયથી મંથલી મીટીંગ સંગઠનના રાજકોટ વિભાગના ડેપ્યુટી જનરલ સેક્રેટરી શરદભાઈ દવેના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. જેમાં અઢીસોથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતાં. મીટીંગના પ્રારંભમાં પ્રકાશ હાથીએ અરજ કરું છું પ્રાર્થના ગીતનું ગાન કરેલ.

તાજેતરમાં અવસાન પામેલા પેન્શનરોના આત્માની શાંતિ માટે બે મિનીટ મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવેલ. સંગઠનના કારોબારી સભ્ય દક્ષિણભાઈ જોશી શબ્દોથી સૌનું સ્વાગત કરેલ. સંગઠનના અગ્રણી શરદભાઈ દવેએ સૌને નૂતન વર્ષ વિક્રમ સંવત ૨૦૮૨ની શુભકામનાઓ પાઠવી સભ્યોને પોતાના સૂચનો જણાવવા કહેલ તેમજ પેન્શન અપડેટ, મેડિકલ બી પોલિસી, સંગઠનાત્મક બાબતો, મેડિકલ બિલ, લાઈફ સર્ટીફીકેટ તેમજ આગામી જાન્યુઆરી માસમાં બરોડા ખાતે મળનાર વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો હતો.

મીટીંગમાં વિશેષ ઉપસ્થિત રહેલ સેલ બી હોસ્પીટલમાં ડોક્ટર સાવજીયાની, વસાવડા તેમજ વિરડીયાએ પગના ગોઠળના દુઃખાવા, કમરના દુઃખાવા તેમજ અન્ય ઓર્થોપેડીક મુશ્કેલીમાં લેવી જોઈતી કાળજી, કસરત કરવા, દર્દને વધવા ન દેવું, ડોક્ટરી સલાહ લઈ લેવા તેમજ ઉઠવા બેસવા સુવા ચડવા ઉતરવામાં ધ્યાન રાખવા જણાવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન અનુપમ દોશીએ કરેલ. આભાર વિધિ જીતુ ગણાત્રાએ કરી હતી. મીટીંગના અંતે ઉપસ્થિત સૌ ભાઈઓ-બહેનો ભાવતા ભોજનીયા લઈને છૂટા પડેલ. સમગ્ર આયોજનની સફળતા માટે સંગઠનના પરષોતમ મંગલપરા, કે.સી. પંડ્યા, દિનેશ કોટેચા, હર્ષદ મકવાણા, વિજય ચાવડા, નયન મહેતા, ધીરુભાઈ ખીમસુરીયા, રમેશ શિશાંગીયા, ધીરુભાઈ ધૂળકોટીયા કાર્યરત રહેલ.

# શનિવારે એસ.જી.વી.પી. સ્કૂલ વાવડી ખાતે કસુંબલ લોકડાયરો

## સર્વોપરી સ્વામિનારાયણ ટ્રસ્ટ દ્વારા સંગીત-નાટક અકાદમીના ઉપક્રમે આયોજન

**આજકાલ કાર્યાલય**

**રાજકોટ**

ભારત સરકાર દ્વારા આઝાદિકા અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી-ગાંધીનગરના આર્થિક સહયોગથી સર્વોપરી સ્વામિનારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થા પ્રસ્તુત દેશભક્તિના ગીતો તથા શૌર્યગીતો રજુ કરતો 'કસુંબલ લોકડાયરો' તા. ૬ને શનિવારના રોજ સાંજે ૬ થી ૯ વાગ્યા સુધી ઠે. એસ.જી.વી.પી. પ્રાઈમરી સ્કૂલ, પુનીતનગર, વાવડી મેઈન રોડ, વાવડી રાજકોટ ખાતે સ્કૂલના વિશાળ હોલમાં જાહેર જનતા માટે વિનામૂલ્યે વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની હાજરીમાં યોજાશે. જેમાં સૌરાષ્ટ્ર-ગુજરાતમાં રેડિયો, ટીવી કલાકારો સર્વ કૌશિક મહેતા-પહાડી કંઠના ગાયક અને હાસ્ય લોકસાહિત્યકાર, શૈલેષ પીઠવા, ભજન-સંતવાણી સમ્રાટ શિવદાનભાઈ બારોટ વગેરે કલાકારો તથા સાજીંદાઓની ટીમ સાથે આ જાહેર જનતા માટે વિનામૂલ્યે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં દિપ પ્રાગટ્ય એસ.જી.વી.પી. ગુરુકુળ-રીબડાના મહંત ધર્મવત્સલદાસજી સ્વામિ કરશે. આ લોકડાયરા કાર્યક્રમને સફળ બનાવવા એસ.જી.વી.પી. ગુરુકુલ-રીબડાના સંચાલક કોઠારી મહંત સ્વામી ધર્મવત્સલદાસજી સ્વામી, હરિનંદન સ્વામી, ઋષિકેશ સ્વામી વગેરે સંતો અને ગવર્નમેન્ટ માન્ય પહાડી કંઠના ગાયક કૌશિક મહેતા (ભૂદેવ) રાજકોટ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# સમસ્ત મહાજન દ્વારા વિકલાંગ ગાયોને નિઃશુલ્ક કૃત્રિમ અંગો ફીટ કરાયા

**આજકાલ કાર્યાલય**

**રાજકોટ**

સમસ્ત મહાજન દ્વારા ગૌશાળા-પાંજરાપોળોમાં વિકલાંગ અવસ્થામાં રહેલી ગાયો માટે ટાઈટેનિયમ સહિતનાં મટિરિયલનો ઉપયોગકરી ગૌવંશ માટે નિઃશુલ્ક કૃત્રિમ અંગ ફીટ કરવામાં આવી રહ્યાં છે માર્ગ અકસ્માતનો ભોગ બનવાથી અંગ કાપીનાખવાં પડ્યાં હોય તેવી ગૌવંશ માટેકૃત્રિમ અંગ પૂરાં પાડવાનો એક પ્રોજેક્ટ શરુ કરાયો છે. આ કૃત્રિમ અંગોને કારણે એવા ગૌવંશને ખાસ ફાયદો થશે, જેઓ એકસમયે ત્રણ પગે ચાલવામાં સંઘર્ષ અનુભવી રહ્યા હતાં. આટીમનુંનેતૃત્વ કરી રહેલાં પ્રોસ્થેટિસ્ટ ડો. લબ્ધી શાહના જણાવ્યાનુસાર, ગુજરાત- મહારાષ્ટ્ર રાજ્યની ગૌશાળાઓ- પાંજરાપોળોમાં જે ત્યજી દેવાયેલા પ્રાણીઓનાં વિવિધ સંગઠનો



અને સરકારની મદદથી સંભાળ રાખે છે.દરેક ગૌશાળામાં વિકલાંગઅવસ્થામાં રહેલીઘાયલ ગાયો છે. જેમાં કેટલીક ગાયોને અકસ્માત દરમ્યાન ગંભીર ઈજા થતાં ગેંગરિનથી અટકાવવાપગ કાપવા પડ્યા હોય તેવી પણ ગાયો છે. જેમાં કેટલીક ગાયોને અકસ્માત દરમ્યાન ગંભીર ઈજા થતાં ગેંગરિનથી અટકાવવાપગ કાપવા પડ્યા હોય તેવી પણ ગાયો છે. દરેક ગૌશાળામાં વિકલાંગ અવસ્થામાં રહેલી ઘાયલ ગાયો માટે સ્ટેનલેસ સ્ટીલ, એલ્યુમિનિયમ, થર્મોપ્લાસ્ટિક અને પીવીસી સહિતની સામગ્રીના મિશ્રણથી બનાવાયેલ કૃત્રિમ અંગો મુંબઈના વર્કશોપમાંબનાવવામાં આવેછે અને ગૌશાળાઓમાં લઈ જવાય છે. ભારે પ્રાણીઓના કિસ્સામાં ટાઈટેનિયમ જેવી મોંઘી સામગ્રીનો ઉપયોગ થાય છે. કૃત્રિમ અંગ ફિટ કરવાનોસરેરાશ ખર્ચ ૨૫૦૦૦રુપિયા થાય છે. જેમાં સર્જરી, કૃત્રિમ અંગ બનાવવાનોખર્ચ, સાધનોનો પરિવહન ખર્ચ અને સંપૂર્ણ સંભાળનો સમાવેશ થાયછે. આ સેવા સમસ્ત મહાજન દ્વારા સંપૂર્ણપણે ગૌવંશનેનિઃશુલ્કપણે અપાયછે. આ પ્રોજેક્ટ ભવિષ્યમાંદેશનાં અન્ય રાજ્યોમાં પણ વિસ્તારાશે. આ અંગેની વિશેષ માહિતી માટે સમસ્ત મહાજનનાં ટ્રસ્ટી તેમજ મહારાષ્ટ્ર સરકારના ગૌસેવા આયોગના સભ્ય પરેશ શાહ(મો. ૯૮૧૯૩ ૦૧૨૯૮)પર સંપર્ક કરવા સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટીતથા ભારત સરકારના એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં સભ્ય ડો. ગિરીશ શાહની યાદીમાં જણાવાયું છે.

# જૈન સમાજના ખુશાલદાસ પઢીયારનું પરિવાર દ્વારા ચક્ષુદાન કરાયું

**આજકાલ કાર્યાલય**

**રાજકોટ**

રાજકોટ નિવાસી જૈન સમાજ રાજકોટના ખુશાલદાસ વલમજીભાઈ પઢીયારનું દુઃખદ અવસાન થતા જૈન અગ્રણી તેજસ્વીભાઈ કારાવડીયાની પ્રેરણાથી સદગતના પુત્રો કિશોરભાઈ, હરેશભાઈ અને બને દીકરીઓ હસુમતીબેન, પ્રતિભાબેન તેમજ પરિવારજનોએ ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે.

સ્વ.ખુશાલદાસના ચક્ષુનું દાન વિવેકાનંદ યુથ ક્લબના માર્ગ દર્શક મુકેશભાઈ દોશી તથા ચક્ષુદાન અભિયાન સમિતિ સંયોજક અનુપમભાઈ દોશી અને ઉપેનભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું. સંસ્થાનું આ ૧૭૭મુ ચક્ષુ દાન છે.

શહેરીજનોને પોતાની આસપાસ



પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન વેળાએ ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ સહ વિનંતી છે.ચક્ષુદાન માટે કોઈ પણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી ૯૮૨૪૦ ૪૩૧૪૩નો સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

# આરએમસી દ્વારા દિલીપ ત્રિવેદીને તબલાવાદક તરીકે સન્માનિત કરાયા

**આજકાલ કાર્યાલય**

**રાજકોટ**

રાજકોટ, સૌરાષ્ટ્ર, ગુજરાતના જાણીતા તબલાવાદક દિલીપ ત્રિવેદી ૧૯૭૫થી સંગીત ક્ષેત્રે ૫૦ વર્ષથી કાર્યરત છે.

૧૦૪૦થી ૨૦૨૦ સુધીના હિન્દી ફિલ્મોના ગીતો. જેમાં સ્ટેજ પ્રોગ્રામોમાં રજુ થતા મુખ્યત્વે ફિલ્મી ગીતો, કલાસિકલ અને સેમી કલાસિકલ ગીતોમાં તબલાવાદક તરીકે સંપૂર્ણ કાબેલીયત અને રાજકોટ, સૌરાષ્ટ્ર, ગુજરાતમાં લોકચાહના મેળવેલ છે. તેઓને રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા સંગીત ક્ષેત્રે મેયર એવોર્ડ-૨૦૨૫ તબલા વાદક તરીકે સન્માનિત કરાયા હતા.



તેમણે રાજકોટ, સૌરાષ્ટ્ર, ગુજરાતના જાણીતા ઓરકેસ્ટ્રા ગ્રુપો જેમાં મુખ્યત્વે માર્સ ઓફ મ્યુઝીક, રાજેશ્રી એન્ડ પાર્ટી, સાઉન્ડ ટ્રેક, મ્યુઝીકલ ફલાવર્સ, મ્યુઝીક મેકર્સ ઉપરાંત સંગીતના કાર્યક્રમો કરતી સંસ્થા સૂર બહાર, સૂર સંસારમાં તબલાવાદક તરીકે સેવા આપેલ છે. રાજકોટની જાણીતી જૂના ફિલ્મી ગીતો રજૂ કરતી સંસ્થા મેલોડી કલર્સ, મ્યુઝીકલ મેલોઝ, સૂર મંદિર, સાઝ ઔર આવાઝ આ ઉપરાંત સરગમ કલબ, ઉત્સવ કલબ, સૂર સરિતા, આર.ડી. ગ્રુપ જેવી આજની અને ફિલ્મી ગીતોના પ્રોગ્રામો રજુ કરતી નામાંકિત સંસ્થાઓમાં તબલાવાદક તરીકે કલા પ્રસ્તુતિ કરી રહેલ છે.

# વિશ્વ એઈડ્સ દિવસે આરડીએનપી દ્વારા જનજાગૃતિ રેલી નીકળી

## ૪૦૦થી વધુ લોકોએ ભાગ લઈ એઈડ્સ વિશે જાગૃતિ ફેલાવી



**આજકાલ કાર્યાલય**

**રાજકોટ**

તા.૧ના રોજ વિશ્વ એઈડ્સ દિવસ મનાવવામાં આવે છે, જેનો ૨૦૨૫ નું સૂત્ર એઈડ્સ પ્રતિભાવમાં પરિવર્તન લાવવા, અવરોધોને દૂર કરવા આ સૂત્ર ને સાકાર કરવા આર.ડી.એન.પી. સંસ્થા દ્વારા સિગ્નેચર કેમ્પેન, જન જાગૃતિ રેલી* તેમજ રેડ રિબન કાર્યક્રમ યોજવામાં આવી હતી. સવારે ૮ વાગ્યે જીલ્લા પંચાયત ઓફીસ પર આર.ડી.એન.પી. ના ૮૦ લાભાર્થી, જીલ્લા પંચાયત સ્ટાફ, ડીએપીસીયુ સ્ટાફ, એઆરઆઈ સ્ટાફ, અરુણભાઈ દવે-એઈડ્સ પ્રિવેન્શન કલબ, લક્ષ્ય ટ્રસ્ટ, નવજીવન ટ્રસ્ટ, પ્રોજેક્ટ, સ્ટાફ, કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સીગ્નેચર કેમ્પેન યોજવામાં આવેલ. ત્યારબાદ પ્રવિણાબેન રંગાણી-પ્રમુખ-જીલ્લા પંચાયત, ડો. ફુલમાળી, સીડીએચઓ કે.પી. સીંહ દ્વારા ગ્રીન ઝંડી બતાવી જન જાગૃતિ રેલી યોજવામાં આવેલ. આ રેલીનો પ્રારંભ જીલ્લા પંચાયત ઓફીસથી ડીએપીસીયુ ઓફીસ સુધી યોજવામાં આવેલ જેમાં ટોટલ ૪૦૦ જેટલા વ્યક્તિઓ હાજર રહેલ. આ રેલી દ્વારા સામાન્ય જનતા માં એચ.આઈ.વી./એઈડ્સ અંગે અવેરનેસ લાવવા નારા લગાડવામાં આવેલ. તેમજ એચ.આઈ.વી.ગ્રસ્ત સાથે થતા ભેદભાવ ને દુર કરી તેનો સમાજ સ્વીકાર કરે તેવા નારા લગાવી આમ જનતા સુધી અવાજ પહોચાડવામાં આવ્યો હતો.

# રાજકોટના એએસઆઇ કિરીટસિંહ જાડેજાને ડીજીપી ડિસ્ક એવોર્ડથી સન્માનિત કરાયા

## કર્મનિષ્ઠ અધિકારી કિરીટસિંહ રાજકોટ નજીક રાજ્ય અનામત પોલીસ દળ જૂથ ૧૩-ઘટેશ્વર ખાતે ફરજ બજાવે છે

**આજકાલ પ્રતિનિધિ**

**રાજકોટ**

રાજકોટમાં રાજ્ય અનામી પોલીસ દળ જૂથ ૧૩-ઘટેશ્વર ખાતે ફરજ બજાવતા એએસઆઈ કિરીટસિંહ જાડેજાને તાજેતરમાં ડીજીપી ડિસ્ક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેઓ એક કર્મનિષ્ઠ અધિકારી છે. તેઓની ઉત્કૃષ્ટ કાર્ય પ્રણાલી, સૂઝબૂઝ અને ડેડીકેશન્સ જેવા ઉમદા ગુણોની વિશેષતા બદલ તેઓને આ એવોર્ડ એનાયત કરાયો છે. કિરીટસિંહ વર્ષ ૧૯૯૬માં એસઆરપી જૂથ-૧૩માં સર્વિસમાં જોડાયા બાદ તેઓએ પોતાના કામને જ પોતાનું કર્મ સમજી અને આગળ વધતા ગયા. પોતાની દસ વર્ષની સર્વિસ થયા બાદ તેઓની પસંદગી આર્મરર કોર્સ માટે



કરવામાં આવેલ, જેમાં પણ તેઓએ ઉત્તમ તાલીમ મેળવી ગુજરાત ખાતે શ્રેષ્ઠ પ્રદર્શન કરેલ અને તેઓ પ્રથમ નંબરે આવેલ, ત્યારબાદ તેઓ આર્મરર કામગીરીમાં જોડાયા સાથે સાથે ગ્રુપને જ પોતાનું ઘર સમજી પોતાની આગવી સૂઝબુજ થી ગ્રુપના અનેક ધાર્મિક કાર્યક્રમોમાં આગેવાની લઈ અને કાર્યક્રમને સફળ બનાવ્યા, ૦૭/૨૦૨૧ ના રોજ તેઓ આર્મરર હેડ તરીકે નિમણુક થયા બાદ આર્મરર હેડ તરીકે જૂથના જવાનોના વાર્ષિક ફાયરિંગ પ્રેક્ટિસ દરમિયાન સજાગ રહી કોઈ પણ પ્રકારે જાનહાનિ કે હથિયારોને નુકસાન ન થાય તેની પોતાની સૂઝબૂઝથી ઉત્કૃષ્ટ કાર્ય કરેલ.

વર્ષ ૨૦૨૨-૨૩માં નવા ભરતી થયેલ ૨૦૭ લોકરક્ષકોનું સિવિલ હોસ્પિટલમાં ટૂંકા ગાળામાં મેડિકલ ફીટ અંગેની કામગીરી પૂર્ણ કરી સાથે સાથે એસઆરપી જૂથ-૯ વડોદરાના આશરે પર જેટલા લોકરક્ષકોનું મેડિકલ ફીટ અંગેની કામગીરી પણ ટૂંકા ગાળામાં પૂર્ણ કરાવી જે બદલ તેઓને એસઆરપી જૂથ-૯ના સેનાપતિ દ્વારા પણ પ્રશંસા પત્ર પાઠવવામાં આવેલ છે.

# વિવેકાનંદ યુથ કલબની પ્રેરણાથી નાથાલાલ દલપતરાય ભટ્ટનું અવસાન થતાં પરિવાર દ્વારા ચક્ષુદાન કરાયું

**આજકાલ કાર્યાલય**

**રાજકોટ**

રાજકોટ નિવાસી બ્રહ્મ સમાજના નાથાલાલ દલપતરાય ભટ્ટનું દુઃખદ અવસાન થતા સદગતના ભાઈ જીતુભાઈ અને પરિવારજનોએ ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે.

નાથાલાલના ચક્ષુનું દાન વિવેકાનંદ યુથ કલબના માર્ગ દર્શક મુકેશભાઈ દોશી તથા ચક્ષુદાન અભિયાન સમિતિ સંયોજક અનુપમભાઈ દોશી અને ઉપેનભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું. ભટ્ટ પરિવારનો આભાર માનેલ સંસ્થાનું આ ૧૭૮ મુ ચક્ષુ દાન છે. શહેરીજનોને પોતાની આસપાસ



પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન વેળાએ ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ સહ વિનંતી છે.ચક્ષુદાન માટે કોઈ પણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી ૯૮૨૪૦ ૪૩૧૪૩નો સંપર્ક સાધવો.

# વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે મારવાડી યુનિ.ના નર્સિંગ વિભાગે જાગૃતિ રેલી યોજી

## વિવિધ સૂત્રોચ્ચાર અને રોલ પ્લે દ્વારા ચેકડેમ અંગે જાગૃત્તિ ફેલાવી

**આજકાલ કાર્યાલય**

**રાજકોટ**

વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે મારવાડી યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ નર્સિંગ દ્વારા શહેરના જંકશન પ્લોટ વિસ્તારમાં એઈડ્સ અંગે જનજાગૃતિ લાવવા વિશાળ રેલી તથા રોલ-પ્લેનું આયોજન કરવામાં આવ્યું હતું. ફેકલ્ટી ઓફ નર્સિંગ મારવાડી યુનિવર્સિટી ના વિદ્યાર્થીઓ અને શિક્ષકગણના સક્રિય અને લોકલ અરિયાના લીડર લોકોના સહભાગ સાથે યોજાયેલ આ કાર્યક્રમ લોકજાગૃતિ માટે ઉપયોગી બન્યો હતો. જાગૃતિ રેલી દરમિયાન વિદ્યાર્થીઓએ હાથમાં બેનર, પોસ્ટર અને પ્લે-કાર્ડ લઈને એઈડ્સ મુકત ભારત, એ આપણી જવાબદારી





એઈડ્સ ટેસ્ટ કરવો સુરક્ષિત રહો, એઈડ્સથી ડર નહીં - જાગૃતી જરૂરી જેવા સૂત્રોચ્ચારો દ્વારા લોકોને એઈડ્સ વિશે સાચી અને વૈજ્ઞાનિક માહિતી આપવા પ્રયત્ન કર્યો હતો. આ રેલીને વિશેષતા એ હતી કે રાજકીય આગેવાનો, પોલીસ વિભાગ અને ટ્રાફિક વિભાગ પણ રેલીમાં જોડાયા હતા અને રેલી સફળતાપૂર્વક પૂર્ણ થાય તે માટે સક્રિય સહકાર આપ્યો હતો.

રેલી બાદ વિદ્યાર્થીઓ દ્વારા રોલ-પ્લે (નુકડ નાટક) રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં એઈડ્સ શું છે, તે કેવી રીતે ફેલાતો નથી, તેના નિવારણના માર્ગો, સુરક્ષિત જીવનશૈલી અને સમયસર ટેસ્ટિંગનું મહત્વ સરળ ભાષા અને અભિનય દ્વારા સમજાવવામાં આવ્યું હતું. આ નાટકે મોટી સંખ્યામાં લોકોનું ધ્યાન ખેંચ્યું અને તેમના મનમાં રહેલા ભ્રમો દૂર કરવામાં મદદ કરી હતી. નર્સિંગ ફેકલ્ટીના શિક્ષકોએ સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું અને લોકો સાથે એઈડ્સ સંબંધિત શંકાઓ અંગે ખુલ્લી ચર્ચા કરી હતી. રેલી દરમ્યાન લોકોને માહિતગાર કરવા માહિતી-પત્રકોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. મારવાડી યુનિવર્સિટીના નર્સિંગ વિભાગ દ્વારા આયોજન કરાયેલ આ જાગૃતિ રેલી અને રોલ-પ્લે દ્વારા સમાજને એઈડ્સ અંગે જાગૃત કરવાની દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું હતું. જંક્શન પ્લોટ અને કિટ્ટી પરા ખાતે યોજાયેલી આ પ્રવૃત્તિએ વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણીને અર્થસભર બનાવી હતી

# નચિકેતાના વિદ્યાર્થીઓ દ્વારા ગીતા જયંતીની ભવ્ય ઉજવણી

## સમૂહ ગીતા પાઠ કર્યા અને રેલી દ્વારા સમાજમાં સકારાત્મક સંદેશ પહોંચાડયો



**આજકાલ કાર્યાલય**

**રાજકોટ**

શ્રીમદ્ ભગવદ્ ગીતાના જન્મ દિવસ, (ગીતા જયંતિ) નિમિત્તે સાંઈરામ દવેની નચિકેતા સ્કૂલિંગ સિસ્ટમના વિધાર્થીઓ દ્વારા શાળાના ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ શાળામાં સામૂહિક ગીતપાઠ કરી ગીતાજીનું પૂજન અને આરતી કરી. આ ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓએ જીવરાજ પાર્ક, અંબિકા ટાઉનશીપ વિસ્તારમાં ગીતા વિશે લોકોને ભારતીય સંસ્કૃતિના મૂલ્યો અને ગીતાના સનાતન સંદેશથી સમાજમાં ધર્મ અને સંસ્કૃતિના જ્ઞાનનો પ્રચાર થાય એ હેતુ થી રેલી કાઢી હતી. ગીતા જયંતિની ઉજવણી માત્ર એક તહેવાર નથી, પરંતુ તે આજના યુવાનોને જીવનમાં સાચા માર્ગદર્શન તરફ દોરવાનો એક પ્રયાસ છે. નચિકેતા સ્કૂલિંગ સિસ્ટમના વિદ્યાર્થીઓએ સમૂહ ગીતા પાઠ અને રેલી દ્વારા સમાજમાં સકારાત્મક સંદેશ પહોંચાડયો છે, જે ખૂબ જ પ્રેરણાદાયક છે. એવું નચિકેતા સ્કૂલિંગ સીસ્ટમની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે વિશ્વની પ્રથમ જલકથા: અપને અપને શ્યામ કી યોજાશે

## રેસકોર્સ સ્થિત કવિ રમેશ પારેખ રંગદર્શન ખાતે આયોજન: આયોજકો આજકાલની શુભેચ્છા મુલાકાતે

આજકાલ કાર્યાલય
રાજકોટ

રાજકોટના આંગણે સૌરાષ્ટ્રમાં જળસંચયના મહાઅભિયાનને વેગ આપવા માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ડિસેમ્બર મહિનામાં એક અદભૂત અને અપૂર્વ ‘જલકથા: અપને અપને શ્યામ કી’નું આયોજન કરવામાં આવ્યું છે. આ ભવ્ય આયોજનના મુખ્ય કાર્યાલયનું ઉદઘાટન તારીખ ૩ને બુધવારના રોજ સાંજે ૮-૦૦ વાગ્યે શહેરના રેસકોર્સ સ્થિત કવિ રમેશ પારેખ રંગદર્શન ખાતે ઉત્સાહપૂર્વક વાતાવરણ વચ્ચે યોજાશે.

કાર્યાલયનું ઉદઘાટન ભૂપેન્દ્ર રોડ સ્થિત સ્વામિનારાયણ મંદિરના રાધા રમણ સ્વામી, રામકૃષ્ણ મિશન રાજકોટના દર્પણાનંદજી સ્વામી અને હરિપ્રબોધન પરિવારના


તસવીર : દર્શન ભટ્ટી

ગુરુપ્રસાદ સ્વામીના પવિત્ર હસ્તે થશે અને તેઓ જલકથા માટે આશીર્વચન પાઠવશે. આ શુભ પ્રસંગે ગીરગંગા બેન્ડની સુરાવલિઓ પણ ગુંજી ઉઠશે.

ઉલ્લેખનીય છે કે, ગીરગંગા પરિવાર ટ્રસ્ટ છેલ્લા એક દાયકાથી ગુજરાતના ૭ જિલ્લા, ૩૫ તાલુકા અને ૫૮૨ ગામોમાં જળસંચયના કાર્યો કરીને સૌરાષ્ટ્રની પાણીની સમસ્યા હળવી કરવા માટે પ્રતિબદ્ધ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ‘જળસંચય જનભાગીદારી’ના સૂત્રને સાર્થક કરતા આ ટ્રસ્ટે અત્યાર સુધીમાં ૮,૩૫૪થી વધુ ચેકડેમ, તળાવો અને બોરવેલરિચાર્જના કામો સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે, જેનાથી ૭.૫૫ લાખથી વધુ લોકોને સીધા લાભ મળ્યો છે. ટ્રસ્ટનો સંકલ્પ જળસંચયના કુલ ૧,૧૧,૧૧૧ સ્ટ્રક્ચર્સનું નિર્માણ કરવાનો છે, જેના માટે ડો. કુમાર વિશ્વાસની ‘જલકથા: અપને અપને શ્યામ કી’નું આયોજન કરવામાં આવ્યું છે.

વિશ્વ વિખ્યાત હિન્દી કવિ, તત્ત્વચિંતક અને કથાકાર ડો. કુમાર વિશ્વાસ શિક્ષિત વર્ગ અને યુવાનોમાં અપ્રતિમ લોકપ્રિયતા ધરાવે છે. તેઓ સાહિત્ય, ધર્મ અને સંસ્કૃતિના માધ્યમથી ભારતીય મૂલ્યો અને સામાજિક વિષયો પર સ્પષ્ટપણે પોતાના વિચારો રજૂ કરવા માટે વિખ્યાત છે. તેમની કથા ‘જલકથા: અપને અપને શ્યામ કી’ વિશ્વની પ્રથમ જલકથા છે, જેમાં તેઓ ભગવાન શ્રીકૃષ્ણની કથા શ્યામ કથા સાથે જળસંચયની આવશ્યકતા અને મહત્ત્વને જોડીને સમાજને જળ સંરક્ષણનો સંદેશ આપશે. આ અનોખી કથા તારીખ ૧૫, ૧૬ અને ૧૭ ડિસેમ્બર દરમિયાન રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે દરરોજ સાંજે ૭ થી૧૨ વાગ્યા દરમિયાન યોજાશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ પ્રમુખ દિલીપભાઈ સખીયા સાથે અગ્રણીઓસર્વ જમનભાઈ ડેકોરા, શૈલેષભાઈ જાની, પ્રતાપભાઈ પટેલ, વિરાભાઈ હુંબલ, રમેશભાઈ ઠક્કર, વસંતભાઈ લીંબાસીયા, જેન્તીભાઈ સરધારા, મધ્યસ્થ કાર્યાલયના ઈન્ચાર્જભરતભાઈ દોશી, ભાવેશભાઈ સખીયા, માંનીજભાઈ કલ્યાણી, ડો.પશવંતભાઈ ગોસ્વામી,આશીષભાઈ વેકરીયા,સંજયભાઈ ટાંક, ગોપાલભાઈ બાલધા, પી.એમ સખીયા, પ્રકાશભાઈ ભાલાળા, ગીરીશભાઈ દેવડીયા અને કૌશિકભાઈ સરધારા સહિતના કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ આજકાલની મુલાકાતે આવેલા આયોજકોએ જણાવ્યું હતું.

# શુક્રવારે લાલગેબી અમરજ્યોત સતગુરૂ સાહેબના નવનિર્મિત મંદિરનું ઉદ્‌ઘાટન

## ભક્તો તથા અનુયાયીઓને જાહેર આમંત્રણ પાઠવવા આયોજકો આજકાલની મુલાકાતે

આજકાલ કાર્યાલય
રાજકોટ

રાજકોટ નવા થોરાળા સ્થિત લાલગેબી અમર જ્યોત સદગુરૂ સાહેબ દરબાર પ્રથમ મૂળ ગાદી આવેલ છે. તેનું નવનિર્માણ મંદિર ઉદઘાટન મહોત્સવ ચૈતન્ય સ્વરુપ સદગુરૂ લાલબાપા સંત મોહનબાપાની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે તા.૫ને શુક્રવારે ગુરૂમુખી વાણી, સંતવાણી તેમજ મહાપ્રસાદનું આયોજન કરેલ છે. જેમાં ભજન-ભોજન ભક્તિનો ત્રિવેણી સંગમ થનાર છે. જે અંગે ભક્તોને જાહેર આમંત્રણ પાઠવવા પ્રતિનિધિ મંડળે આજકાલ કાર્યાલયની શુભેચ્છા મુલાકાત કરી હતી. સર્વ સંતો-મહંતોની પધરામણીથી અવસર દિપી ઉઠશે પ.પૂ. સંત શ્રી લાલજી મહારાજ ગુરૂ લાલબાપા પ્રેરણાધામ લાલગેબી આશ્રમ જૂનાગઢથી સંત પધારશે. સંત


તસવીર : દર્શન ભટ્ટી

મુળદાસબાપુ ગુરૂ લાલબાપુ રામમઢી આશ્રમ (સુરત) મહાદેવ બાપુ ગુરૂ લાલબાપા અમરધામ લાલગેબી આશ્રમ હાથીજણ (અમદાવાદ) મનુબાપુ ગુરૂ લાલબાપા (ગોરાધુમા) ભરત બાપુ ગુરૂ લાલબાપા નવા થોરાળા સંતોના નામ રૂડા રામબાપા ગુરૂ લાલબાપા, પુજારામ બાપા, છગનબાપા (કોટડાપીઠા) જૂના ખજાનચી દેવજીબાપા, નટવરભગત ઈશ્વર ભગત, ચંદ્રીકાબેન ગુરૂશ્રી હસુબાપુ લાલધામ-સાવરકુંડલા-કથાકાર ચંદુબાપુ કોટવાળા ઈશ્વરભાઈ પંડિત અશોકભાઈ દેવજીભાઈ કોટડાપીઠા સમગ્ર થોરાળા લાલ પરિવાર ખૂબ જ આનંદ અનુભવી રહ્યો છે. ‘આજકાલ’ કાર્યાલયની શુભેચ્છા મુલાકાત વેળાએ લાલા પરિવારના પ્રમુખ ભરતભાઈ બારૈયા સાથે ચમનભાઈ બારૈયા, અશોકભાઈ બારૈયા, જગદીશભાઈ પરમાર, અમતુલભાઈ ઝાલા, રાજેશભાઈ વાઘેલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ગુરૂવારે પૂનમ નિમિત્તે ઓશો સત્ય પ્રકાશ ધ્યાન મંદિરે ઉજવણી

## નિ:શુલ્ક ધ્યાન શિબિર-સન્યાસ ઉત્સવ-સંતવાણીનું આયોજન

આજકાલ કાર્યાલય
રાજકોટ

આગામી તા. ૪ને ગુરુવારના રોજ પૂનમ નિમિત્તે હર પૂનમની માફક સાંજે ૪થી રાત્રીના ૮-૩૦ દરમ્યાન ઓશો ધ્યાન શિબિરનું આયોજન કરેલ છે. શિબિર દરમ્યાન ઓશોના વિવિધ ધ્યાન પ્રયોગો, ઓશો હાર્ટડાન્સ, સન્યાસ ઉત્સવ, સંધ્યા સત્સંગ, ઓશોની અમૃતવાણી શિબિર બાદ રાત્રે ૮-૩૦ વાગ્યે મહાપ્રસાદનું આયોજન કરાયું છે. ઓશો સત્યપ્રકાશ ધ્યાન મંદિર ગોંડલ રોડ ખાતે મહાપ્રસાદ બાદ રાત્રે ૯ વાગ્યે સ્વામિ આનંદતીર્થ દ્વારા સંતવાણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તેમના સાથી કલાકારો ગૌતમભાઈ મકવાણા, બળવંતસિંહ રાઠોડ, કાળુભાઈ મકવાણા, વિનોદભાઈ કલોલા, અજયભાઈ નિમાવત, શામજીભાઈ



ડોડીયા, અરવિંદભાઈ જેઠવા, રાજુભાઈ પંડ્યા, વિજયભાઈ પાઠક, જય પાઠક, મહેન્દ્રભાઈ અગ્રાવત, રાજુભાઈ અગ્રાવત, દેશળભાઈ ગઢવી, સ્વામિ જગદીશ ભારતી, ગંગદાસભાઈ ભંડેર, ઘનશ્યામભાઈ, ધીરુભાઈ મહેતા વગેરે કલાકારો દ્વારા વિવિધ સંતો-મહંતોની વાણી રજુ કરી લોકોને ભક્તિમાં તરબોળ કરશે. આ શિબિરમાં સહભાગી થવા ઓશો સન્યાસી પ્રેમીઓને સ્વામિ પ્રેમ મુસાફિરે તથા સ્વામિ સંજીવ રાઠોડે હાર્દિક અનુરોધ કરેલ છે.

# ગીતા જયંતી નિમિત્તે આત્મિય કોલેજમાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા

## જિલ્લા શિક્ષણ અધિકારી તથા રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ હીમાજય પાણીપાલ ઉપસ્થિત રહ્યા

આજકાલ કાર્યાલય
રાજકોટ

ગુજરાત રાજ્યમાં સંસ્કૃત ભાષાના વિકાસ માટે ગુજરાત સરકારના ગુજરાત રાજ્ય સંસ્કૃતિ બોર્ડ દ્વારા સંચાલિત નવીન યોજનાઓનું પ્રથમ ચરણ એટલે યોજના પંચકમ. જે અન્વયે બે યોજના સુભાષિત કંઠ પાઠ અને શ્રીમદ ભગવદ ગીતા પઠનનું આયોજન ગીતા જયંતિ નિમિત્તે તા.૧ના રોજ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી રાજકોટ દ્વારા આત્મીય કોલેજના પ્રાંગણમાં કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને અધ્યક્ષ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડગાંધીનગર, હીમાજય પાણીવાલ ઉપસ્થિત રહેલા હતા. કાર્યક્રમનો શુભારંભ જિલ્લા



શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ તેમજ શાળાના વિદ્યાર્થીઓના શંખનાદ દ્વારા કરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા, વિઠ્ઠલભાઈ વાગડિયા જેવો સંસ્કૃત ભારતીના અધ્યક્ષ છે, આત્મીય કોલેજના વાઈસ ચાન્સેલર, શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા, આત્મીય સંકુલના સ્વસ્તિક્બેન નીતાબેન તેમજ સંકુલ કન્વીનર સંજયભાઈ પંડ્યા અને સંઘના વિવિધ હોદ્દેદારો, તેમજ સ્વામી નિત્ય નિષ્ઠાનંદ સરસ્વતી ઉપસ્થિત રહેલા હતા. વાલીઓ અને વિદ્યાર્થીઓ સહિત ૪૦૦થી ૫૬૦ લોકો જોડાયા હતા.

આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનોએ પ્રસંગોચિત ઉદબોધન કરેલ હતું જેમાં ડી એચ કોલેજના પ્રાધ્યાપક શ્રી જગતભાઈ તેરૈયા એ શ્રીમદ ભગવદ ગીતા અને માનવ જીવન વિશે ઉદબોધન કરેલ હતું. ડોક્ટર હિમાંજય પાણીવાલે સંસ્કૃત ભાષાના મહત્વ વિશે તેમજ સંસ્કૃત બોર્ડના ઉદ્દેશો અને ધ્યેયો વિશે માહિતી ગાર કરેલ હતા ઉપરાંત અન્ય ઉપસ્થિત મહેમાનોએ પ્રસંગો ઉચિત વક્તવ્ય રજૂ કરેલ હતું. કાર્યક્રમના અંતમાં ભાવેશભાઈ ભટ્ટ દ્વારા આભાર દર્શન કરવામાં આવેલ હતું. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ આમંત્રિત મહેમાનોએ સંસ્કૃત પ્રદર્શનીનું નિર્દર્શન કરેલ હતું તેમજ જુદા જુદા સ્તરોમાં આયોજિત સ્પર્ધાઓ વિશે માહિતી મેળવેલ હતી. ગીતા જયંતિ નિમિત્તે આયોજિત કાર્યક્રમનું સફળ સંચાલન જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના એજ્યુકેશન ઈન્સ્પેક્ટર યોગેશભાઈ ભટ્ટે કરેલ હતું.

# બોલબાલા દ્વારા ડાયપર-પેડ-માસ્ક-કફન-નિહારના સામાન માટેની અમૂલ્ય સેવા

## બોલબાલા વૃદ્ધાશ્રમ, રેનબસેરા, હોસ્પિટલ વગેરે માટે ડાયપર પણ આપવામાં આવે છે

આજકાલ કાર્યાલય
રાજકોટ

બોલબાલા ટ્રસ્ટ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી બોલબાલા મંદિર, ૯/૧૮ લક્ષ્મીવાડી ખાતેથી નિહારનો સામાન, નિહાર સીડી, કફન, સફેદ/લાલ કપડા, બાળકોના સ્મશાન માટે મીઠું વગેરે પુરુષ/સુવાસણ વગેરે મૃતક માટે અંતિમ યાત્રા (નિહાર)નો સામાન નિ:શુલ્ક આપવામાં આવે છે.

આ સાથે બોલબાલા ટ્રસ્ટ દ્વારા મૃતકની બોડી રાખવા એટલે કે મૃતકનું મોઢું જોવા અથવા પરિવાર/સ્નેહીઓ દૂર હોય અને એમને અંતિમ દર્શન/વિધિ માટે મોઢું જોવું હોય તેવા સંજોગોમાં બોલબાલા ટ્રસ્ટ દ્વારા નજીકનાટોકન ભાડાથી ઈલે. સબપેટી પણ આપવામાં આવી રહી છે. હાલમાં ૫ નંગ શબપેટી અવેલેબલ છે. તેમજ બોલબાલા વૃદ્ધાશ્રમ, રેનબસેરા, હોસ્પીટલ વગેરે માટે ડાયપર પણ આપવામાં આવે છે. જે માટે દાતાઓનો અમૂલ્ય સહયોગ મળે છે. આ ડાઈપર સેવા પણ સમયાંતરે થતો રહે છે. ઉપરોક્ત સેવાનો લાભ લેવા બોલબાલા ટ્રસ્ટ દ્વારા અપીલ કરવામાં આવી રહી છે. (૧) નિહારનો સામાન (૨) કફન (સફેદ-લાલ કપડું-ચુંદડી) (૨) ઈલે. શબપેટી (૩) ડાયપર (૫) બાળકો સ્મશાન દફન વિધિ માટે મીઠું-કપડું. આ સેવા બોલબાલા ટ્રસ્ટ ૩૬૫ દિવસ અવિરત ચાલી રહી છે. આ સેવાના મેસેજને વધુ શેર કરવા બોલબાલા હિતેષ પોપટ, સુરેશભાઈ મારૂ, જયેશ ઉપાધ્યાય (પ્રમુખ) દ્વારા અપીલ કરવામાં આવે છે.

# યુવાધનને નશાના રવાડે ચઢતા અટકાવવા શક્તિ સુપર શિ દ્વારા અભિયાન શરૂ કરાયું

## ગુજરાતમાં ચાર વર્ષમાં ૧૬,૦૦૦ કરોડનું ડ્રગ્સ ૧૯ વખત પકડાયું

આજકાલ કાર્યાલય
રાજકોટ

સમગ્ર ગુજરાતની અંદર યુવાનોમાં ખાસ કરીને ડ્રગ્સ અને નશાનું વ્યસન વધતું જાય છે, અને આપણા દેશનું યુવા ધન બરબાદ થઈ રહ્યું છે, ત્યારે સમગ્ર ગુજરાતની અંદર યુવાનો જાગૃત થાય અને નશા વિરોધી અભિયાનમાં જોડાય એ હેતુથી ગુજરાત પ્રદેશ શક્તિ સુપર શિ દ્વારા સમગ્ર ગુજરાતમાં જાહેર સ્થળોએ જાગૃતતા લાવવા માટે અભિયાન ચલાવવામાં આવશે, એના ભાગરૂપે આજરોજ રાજકોટ શહેર શક્તિ સુપર શિ દ્વારા રાજકોટમાં લોર્ડ્સ હોટલની સામે સદ્ગુરુ મહિલા કોલેજ, અને ચૌધરી હાઈસ્કૂલની પાસે આજરોજ એન્ટી ડ્રગ્સ સ્ટીકી નોટ કેમ્પેઈન ચલાવવામાં આવ્યું છે.

આ અભિયાન દ્વારા ખાસ કરીને ગુજરાતની મહિલાઓ જાગૃત થાય, અને યુવા ધન બરબાદના થાય એ હેતુથી કેમ્પિયન ચલાવવામાં આવશે. કારણ કે સમગ્ર ગુજરાતની અંદર જે રીતે ડ્રગ્સ, દારૂ, અફીણ ચરસ વગેરે જેવી નશા યુક્ત પદાર્થોને અવારનવાર પોલીસ પકડે છે અને પ્રેસ મીડિયાના માધ્યમથી પણ અનેકવાર યુઝ પ્રકાશિત કરવામાં આવે છે તો પણ છેલ્લા ૫ વર્ષ માં ગુજરાતમાં અંદાજિત ૯૩૬૯૧ કિલો ડ્રગ્સ ૨૨૨૯ લીટર પ્રવાહી ડ્રગ્સ તથા ૭૩૧૬૩ ડ્રગ્સ પિલ્સ - ઈન્જેકશન પકડાયા હતા, વર્ષ ૨૦૨૦થી ૨૪ એમ ચાર વર્ષમાં ૧૬૦૦૦ હજાર કરોડના ડ્રગ્સ પકડાયા હોય એવા ૧૯ કિસ્સાઓ બન્યા છે. તો જે ડ્રગ્સ પકડાયું નથી એવું ગુજરાત ની અંદર કેટલું ડ્રગ્સ આવ્યું હશે??? ખાસ કરીને ડ્રગ્સ પકડાયું હોય એમાં એક પણ વ્યક્તિને સજા થઈ નથી એ ગંભીર બાબત છે. આવનારા દિવસો માં સમગ્ર ગુજરાતમાં શક્તિ સુપર શિ ના માધ્યમથી અવેરનેસ અભિયાન ચલાવવામાં આવશે જેમાં ખાસ કરીને રેલી અવેરનેસના પ્રોગ્રામો અલગ-અલગ સ્થળે જાગૃતતા અભિયાન, સહી ઝુંબેશ જેવા કાર્યક્રમો કરી યુવાનોમાં જાગૃતતા લાવવામાં આવશે અને સરકારને પણ રજૂઆત કરવામાં જ્યાં નશા નો કારોબાર જ ચાલતો હોય ત્યાં પોલીસ સખત કાર્યવાહી કરે.


આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજકોટ શહેર શક્તિ સુપર શિ ના પ્રમુખ હિરલબેન રાઠોડ, પ્રદેશ મહામંત્રી લીનાબેન સોલંકી,શક્તિ સુપર શિ ના ઉપપ્રમુખ રચનાબેન જોશિ. રાજકોટ શહેર શક્તિ સુપર શિ ના મહામંત્રી ધર્મિષ્ઠાબા જાડેજા, વિજયાબા જાડેજા, શોભનાબેન જોશિ રાજકોટ શહેર શક્તિ સુપર શિ મંત્રી સંજના ગોહેલ, શિતલબેન કાજલબેન, દીપુબેન રવિયા તેમજ શક્તિ સુપર શિના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૦૩૦ના કોમનવેલ્થ ગેમ્સમાં અમદાવાદને મળેલી યજમાનીને આવકારતા રાજુ ધ્રુવ

## વૈશ્વિક ફલક પર ગુજરાતની ગર્જના માટે વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહમંત્રીના સંકલ્પને શ્રેય આપ્યું

આજકાલ કાર્યાલય
રાજકોટ

ગુજરાતના ગૌરવવંતા ઈતિહાસમાં એક ઝળહળતું સોનેરી પૃષ્ઠ ઉમેરાયું છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ભગીરથ પ્રયાસો અને દીર્ઘદ્રષ્ટિના પરિપાક રૂપે, અમદાવાદ ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સની ભવ્ય યજમાની કરવા સજ્જ બન્યું છે. આ માત્ર એક રમતગમતની ઘટના નથી, પરંતુ ગુજરાતની ’અસ્મિતા’ અને ભારતની ઉભરતી ’વૈશ્વિક તાકાત’નો શંખનાદ છે. ભાજપના પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે આ સિદ્ધિને વધાવતા તેને ગુજરાત માટે એક યુગાંતકારી ઐતિહાસિક ક્ષણ ગણાવી છે. છેલ્લા બે દાયકામાં ભારતને બીજી વખત કોમનવેલ્થ ગેમ્સ જેવી પ્રતિષ્ઠિત વૈશ્વિક સ્પર્ધાના આયોજનનું બહુમાન મળ્યું છે. જોકે, આ વખતે ગૌરવની વાત એ છે કે યજમાન પદે બીજું કોઈ નહીં પણ ગુજરાતનું ધબકતું હૃદય અને આર્થિક પાટનગર અમદાવાદ છે.



રાજુભાઈ ધ્રુવે હર્ષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના પનોતા પુત્ર અને રાષ્ટ્રના શિલ્પી એવા નરેન્દ્ર મોદીની યશકલગીમાં આ એક અમૂલ્ય પીંછું ઉમેરાયું છે. આ ઐતિહાસિક સિદ્ધિ પાછળનું ચાલકબળ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગાંધીનગરના સાંસદ તથા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું સબળ અને દ્રષ્ટિવંત નેતૃત્વ છે. તેમના અથાક પ્રયાસોથી ગુજરાત હવે માત્ર વેપાર-વાણિજ્યનું હબ નથી રહ્યું, પરંતુ રમતગમતના ક્ષેત્રમાં પણ ’ગ્લોબલ પાવરહાઉસ’ બનીને ઉભરી રહ્યું છે. જ્યારે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે ભવિષ્યને ભાખીને ’ખેલ મહાકુંભ’ નામનું બીજ રોપ્યું હતું. તે સમયે ઘણા લોકો માટે આ એક સામાન્ય સરકારી કાર્યક્રમ માત્ર હતો, પરંતુ નરેન્દ્રભાઈની દ્રષ્ટિ ક્ષિતિજ પેલે પાર ઓલિમ્પિક અને કોમનવેલ્થ સુધી વિસ્તરેલી હતી. ખેલ મહાકુંભે ગુજરાતીઓની રમતગમત પ્રત્યેની ઉદાસીનતાને ઉખાડી ફેંકી. જે ગુજરાત માત્ર ’વેપાર અને વાણિજ્ય આર્થિક ગતિવિધિ માટે જાણીતું હતું, ત્યાંના યુવાનો હવે મેદાનમાં પરસેવો પાડીને મેડલ જીતતા થયા છે.દરેક ક્ષેત્ર માં આગળ ગુજરાત નું યુવાધન હવે કોમનવેલ્થ રમતોત્સવ પ્રાપ્ત કરી રમત ગમત ખેલ કુદ દ્વારા શારીરિક રીતે મજબૂત બની આવનારી ઓલિમ્પિકસમાંમાં ભાગ લઈ ગુજરાતનું ગૌરવ વધારશે તે ચોક્કસ વાત છે. ગુજરાતની વણથંભી વિકાસયાત્રા વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ડબલ એન્જીનવાળી સરકારના નેતૃત્વમાં ખૂબ ઝડપથી આગળ વધી રહી છે તેનો જીવંત પુરાવો આદર્શ ઉદાહરણ એટલે ગુજરાતને રમત ગમત ક્ષેત્રે આગળ વધારતી કોમનવેલ્થ ગેમ્સ-ગુજરાત મહા રમતોત્સવની મહાન ભેટ પ્રજાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપી છે.

રાજુભાઈ ધ્રુવના મતે, વડાપ્રધાને ગુજરાતમાં આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું નિર્માણ, અત્યાધુનિક સાધનો અને વર્લ્ડ ક્લાસ તાલીમની વ્યવસ્થા ઊભી કરી. તેનું જ સુખદ પરિણામ છે કે આજે ગુજરાતી ખેલાડીઓ ઓલિમ્પિક જેવા વૈશ્વિક મંચ પર ભારતનું ગૌરવ વધારી રહ્યા છે. આ ભવ્ય આયોજનની સફળતાની ઈમારત ચણવામાં રાજ્ય સરકારની ભૂમિકા અત્યંત મહત્વની રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સંવેદનશીલ આગેવાની અને ગૃહમંત્રી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની થનગનતી યુવા કાર્યશૈલીએ કેન્દ્ર સરકારના સ્વપનને ધરતી પર ઉતારવાનું ભગીરથ કાર્ય કર્યું છે. રાજ્ય સરકારે રમતગમતના માળખાકીય સુવિધાઓ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર)ને સુધારવા માટે જે તત્પરતા અને કોઠાસૂઝ દાખવી છે, તે ખરેખર પ્રશંસનીય છે.રાજ્ય સરકાર ના યુવા સાંસ્કૃતિક અને રમતગમત ખાતાના અગ્રસચિવ અશ્વિનીકુમારની કામગીરી કાબીલેદાદ રહી છે. આ ઐતિહાસિક ઘડીમાં કેન્દ્રીય રમતગમત મંત્રી અને પોરબંદરના લોકલાડીલા સાંસદ મનસુખભાઈ માંડવીયાનું યોગદાન પણ પાયાના પથ્થર સમાન રહ્યું છે. આ આયોજન ગુજરાત તેમજ સમસ્ત જનતા માટે આ આયોજન એક અમર ઈતિહાસ રચનારું બની રહેશે.

# આઈઆઈસી રિજિયોનલ મીટનું વીવીપી એન્જિનિયરિંગ કોલેજ ખાતે ઉદ્‌ઘાટન

## આવનારા પાંચ વર્ષમાં ભારત ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં ટોપ ટવેન્ટીમાં આવે તે મુખ્યલક્ષ્યાંક: ડો. ટી.જી.સીથારામ

આજકાલ કાર્યાલય
રાજકોટ

ઓલ ઈન્ડીયા કાઉન્સીલ ફોર ટેકનીકલ એજયુકેશન દવારા સંચાલિત ઈન્સ્ટીટયૂશન્સ ઈનોવેશન કાઉન્સીલ એટલે કે આઈ.આઈ.સી. ની રીજીયોનલ મીટનું વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ ખાતે ભવ્ય ઉદઘાટન થયું હતું.

આ પ્રસંગે રાજકોટનાં મ્યુનિસિપલ કમિશ્નર તુષારભાઈ સુમેરા, બાલાજી વેફર્સના ડાયરેકટર ચંદુભાઈ વિરાણી, ઈનોવેશન કાઉન્સીલના આસિસ્ટન્ટ ઈનોવેશન ડાયરેકટર દીપનભાઈ સાહૂ, આઈ.સી. એન્ડ ટેક ટ્રાન્સફરનાં મેનેજર ઈન્દુ ગોવિંદ,




વી.વી.પી.ના ટ્રસ્ટીઓ ડો. નરેન્દ્રભાઈ દવે, ડો. નવીનભાઈ શેઠ, પ્રિન્સીપાલ ડો. પિયૂષભાઈ વણઝારા, વિવિધ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર્સ, રજીસ્ટ્રાર્સ, ડાયરેકટર્સ, પ્રિન્સીપાલ, હેડ ઓફ ધ ડીપાર્ટમેન્ટ વગેરે ઉપસ્થિત રહયા હતા.

વી.વી.પી નાં ટ્રસ્ટી ડો. પ્રો. નવીનભાઈ શેઠે જણાવ્યું હતું કે, એ.આઈ.સી.ટી.ઈ. એ ખૂબ સારા પગલાઓ ઈનોવેશન માટે લીધા છે. જે અભિનંદનીય છે.

સમગ્ર ભારતનું હાલનું ફોકસીંગ પોઈન્ટ ઈનોવેશન થઈ ગયું છે. ઈનોવેશનની એકસરસાઈઝ અને ઈકોસિસ્ટમ ની શરૂઆત થઈ ગઈ છે. તે ખૂબ જ આનંદની વાત છે તે માટે આઈ.આઈ.સી. અને આટલી સરસ મીટ અને કોન્ફરન્સ માટે વી.વી.પી. કોલેજ પણ અભિનંદનીય છે.

સમગ્ર કાર્યક્રમની સફળતા માટે પ્રિન્સીપાલ ડો. પિયુષભાઈ વણઝારાના કુશળ માર્ગદર્શન હેઠળ એસએસઆઈપી કમિટીના કન્વીનર ડો. દિપેશભાઈ કામદાર, ડો. દિપેશભાઈ કુંડલીયા, પ્રો. અમિતભાઈ પાઠક, પ્રો. ભાર્ગવભાઈ ગોકાણી તથા સર્વે કમિટિ મેમ્બરર્સએ જહેમત ઉઠાવેલ. આ કાર્યક્રમની સફળતા માટે સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો.સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆરે શુભેચ્છાઓ પાઠવી છે.

# ગોંડલ-રાજકોટ ડેઈલી પેસેન્જર યુનિયનનાં પ્રમુખ તરીકે પ્રતિપાલસિંહ ની વરણી

આજકાલ કાર્યાલય
રાજકોટ

ગોંડલ રાજકોટ વચ્ચે ટ્રેન મારફત અનેક નોકરીયાતો સહિત લોકો રોજીંદા અપડાઉન કરે છે. ત્યારે અપડાઉનમાં પેસેન્જરને પડતી નાની મોટી તકલીફો અંગે રેલ્વે તંત્ર સામે આવાજ ઉઠાવનાર ગોંડલના પ્રતિપાલસિંહ ઝાલાની સર્વાનુમતે ડેઈલી પેસેન્જર



યુનિયનનાં પ્રમુખ તરીકે વરણી કરાઈ છે.તાજેતરમાં સવારે વેરાવળથી રાજકોટ જતી ટ્રેનનું ક્રોસીંગ રીબડા થઈ રહ્યું છે.પરંતુ નવી શરુ થયેલી રાજકોટ પોરબંદર ટ્રેન નુ તથા અન્ય ટ્રેનનું ક્રોસીંગ પણ રીબડા સ્ટેશન પર કરાતું હોય રાજકોટ જતી ટ્રેનને અડધો થી વધુ કલાક રીબડા થોભવુ પડતું હોય મુસાફરોની પરેશાની વચ્ચે પ્રતિપાલસિંહ ઝાલાએ રાજકોટ પોરબંદર તથા વેરાવળ રાજકોટ ટ્રેન નું ક્રોસીંગ ભકતિનગર રેલ્વેસ્ટેશન પર કરવા ગોંડલ સ્ટેશન માસ્તર તથા ભાવનગર ડિવિઝન નાં રેલ્વે બાબુઓને આક્રોશ ભેર રજુઆત કરી આંદોલન ની ચીમકી ઉચ્ચારી હતી.

# નૃત્ય સંગીત મહાવિદ્યાલયમાં નવું સત્ર શરૂ

આજકાલ કાર્યાલય
રાજકોટ

‘ગાંધર્વ’ વિમલનગર-૬, આલાપ એવન્યુ સોસાયટી પાછળ યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫ ખાતે આ વિદ્યાલયનું નવુ સત્ર તા. ૧ ડિસેમ્બરથી શરુ થયેલ હોય. ગાયન, હાર્મોનિયમ, ગીટાર, ફ્લ્યુટ, કથ્થક નૃત્ય, તબલાના વર્ગો શરુ થયેલ હોય.

રસ ધરાવતા સંગીત રસિકોએ સવારે ૮ થી રાત્રે ૮ સુધી રુબરુ અથવા મો. નં. ૯૪૨૬૭ ૮૪૯૫૯ ઉપર સંપર્ક કરવો એમ આ વિદ્યાલયના ડાયરેકટર રમણીકભાઈ માલકીયાની એક યાદી જણાવે છે.

**શુભ લગ્ન**

# જાણીતા બિલ્ડર્સ પપ્પુભાઈ મહેતાના આંગણે રૂડો અવસર

## ચિ.હર્ષ 卐 નિષિતા

રાજકોટ શહેરના નામાંકિત સિધ્ધિ ગ્રુપના પપ્પુભાઈ મહેતાના સુપુત્ર હર્ષના શુભ લગ્ન જયેશભાઈ નાકરાણીની પુત્રી નિષિતા સાથે આવતીકાલે ૩ને બુધવારના રોજ શુભ ચોઘડિયે નિરધારેલ છે. આ શુભ અવસરે ગરબા અને ડિનરનું આયોજન વિશ્વ પાર્ટી કાલાવડ રોડ ખાતે કરાયું છે. જેમાં મહેતા પરિવાર દ્વારા સગા સ્નેહીજનો તથા મિત્ર વર્તુળને આમંત્રિત કરવામાં



આવ્યા છે. ‘આજકાલ’ પરિવાર નવદંપતીને આશીર્વાદ સહ શુભેચ્છા પાઠવેલ છે.

# એલઓસી પર ૬૯ આતંકવાદી લોન્ચ પેડ સક્રિય ૧૨૦ આતંકીઓ ગમે ત્યારે ભારતમાં ઘૂસી શકે છે

## કાશ્મીર ફ્રન્ટિયરના ઈન્સ્પેક્ટર જનરલ અશોક યાદવનો ચોંકાવનારો ખુલાસોઃ કહ્યું- અમારું ઈન્ટેલિજન્સ યુનિટ તમામ ૬૯ સક્રિય લોન્ચ પેડ પર નજર રાખી રહ્યું છે

આજકાલ પ્રતિનિધિ
શ્રીનગર

કાશ્મીર ફ્રન્ટિયરના ઈન્સ્પેક્ટર જનરલ અશોક યાદવે ગઈકાલે દેશની સુરક્ષા અંગે એક ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. તેમણે કહ્યું કે આ વર્ષે નિયંત્રણ રેખા (એલઓસી) અને આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાન તરફથી ઘૂસણખોરીના પ્રયાસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, પરંતુ પાકિસ્તાને સરહદ પાર લોન્ચ પેડ અને આતંકવાદી કેમ્પ ફરીથી સક્રિય કર્યા હોવાથી ખતરો અનેકગણો વધી ગયો છે. હાલમાં એલઓસી પર ૬૯ લોન્ચ પેડ સક્રિય છે, જ્યાં આશરે ૧૦૦-૧૨૦ આતંકવાદીઓ ઘૂસણખોરી કરવાની રાહ જોઈ રહ્યા છે અને અમારું ઈન્ટેલિજન્સ યુનિટ તમામ ૬૯ સક્રિય લોન્ચ પેડ પર નજર રાખી રહ્યું છે.



જમ્મુ અને કાશ્મીરના બડગામ જિલ્લાના હુમહામા ખાતે બીએસએફના સરહદી મુખ્યાલયમાં એક પત્રકાર પરિષદ દરમિયાન આઈજીપી અશોક યાદવે જણાવ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ વિરોધી કામગીરી અને ઓપરેશન સિંદૂર ચાલુ છે. તેમણે જણાવ્યું હતું કે સરહદ સુરક્ષા દળે આગળના વિસ્તારોમાં નોંધપાત્ર સુધારો કર્યો છે અને ઓપરેશનલ જરૂરિયાતોને પહોંચી વળવા માટે નવી ટેકનોલોજી મેળવી છે, પરંતુ ઉમેર્યું હતું કે બીએસએફનું ધ્યાન ઘૂસણખોરીના પડકારને અસરકારક રીતે સંબોધવા પર રહે છે.૨૦૨૫માં બીએસએફની સફળતાનો અહેવાલ આપતા આઈજીપીએ કહ્યું કે, બીએસએફે આતંકવાદ વિરોધી કામગીરીમાં નોંધપાત્ર સફળતા મેળવી હતી, પરંતુ સેનાએ ઓપરેશન સિંદૂર દરમિયાન વ્યાવસાયિકતા દર્શાવી હતી. તેમણે કહ્યું, ઓપરેશન સિંદૂર દરમિયાન સરહદ પાર દુશ્મનના ઠેકાણાઓ, ફોરવર્ડ પોઝિશન્સ અને લોન્ચિંગ પેડ્સનો નાશ કરવામાં અમારા ચોકસાઈવાળા ફાયરિંગે મુખ્ય ભૂમિકા ભજવી હતી, જ્યારે સેના સાથે મળીને, અમે એલઓસી અને અંતરિયાળ વિસ્તારોમાં ૨૨ ઓપરેશન હાથ ધર્યા હતા, આતંકવાદીઓને બેઅસર કર્યા હતા અને વિવિધ કેલિબરના શસ્ત્રો અને દારૂગોળોનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર ઉપરાંત, બીએસએફ એ સેના સાથે મળીને, એલઓસી પર મજબૂત પકડ જાળવી રાખી હતી, જેના પરિણામે ૨૦૨૫માં ચાર ઘૂસણખોરીના પ્રયાસોમાં આઠ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા.

દળે એલઓસી પર અને અંતરિયાળ વિસ્તારોમાં ભારતીય સેના, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને સીઆરપીએફ સાથે ૨૨ સંયુક્ત ઓપરેશન પણ હાથ ધર્યા હતા, જેમાં ઉત્તર કાશ્મીરમાં ઘણા આતંકવાદીઓને બેઅસર કરવામાં આવ્યા હતા અને એકે-૪૭ રાઈફલ્સ, એમપી-૫ રાઈફલ્સ, પિસ્તોલ, હેન્ડ ગ્રેનેડ, યુબીજીએલ, યુબીજીએલ ગ્રેનેડ, ચાઈનીઝ ગ્રેનેડ, એમજીએલ અને વિવિધ કેલિબરના દારૂગોળો સહિત મોટી માત્રામાં યુદ્ધ સામગ્રી જપ્ત કરવામાં આવી હતી.

# ભારત હમાસને આતંકવાદી સંગઠન જાહેર કરેઃ ઈઝરાયેલી સેનાની માગ

## ભારતે શરૂઆતથી જ હમાસની આતંકવાદી પ્રવૃત્તિઓનો સખત વિરોધ કર્યોઃ ઈઝરાયેલી લેફ્ટનન્ટ કર્નલ

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

ઈઝરાયલી ડિફેન્સ ફોર્સ (આઈડીએફ)એ ભારત પાસેથી હમાસને આતંકવાદી સંગઠન જાહેર કરવાની માંગ કરી છે. ભારતે હજુ સુધી હમાસને આતંકવાદી સંગઠન જાહેર કર્યું નથી, જોકે બંને વચ્ચે કોઈ ઔપચારિક સંબંધો નથી. હમાસ ગાઝા પટ્ટી પર શાસન કરે છે. તે એક સશસ્ત્ર જૂથ છે જેનો ધ્યેય પેલેસ્ટિનિયન રાજ્યની સ્થાપના અને ઈઝરાયલનો નાશ કરવાનો છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે દાયકાઓ જૂની દુશ્મનાવટ છે. હમાસને ઈરાન, તુર્કી, ઈજિપ્ત અને કતાર સહિત અનેક મુસ્લિમ દેશો દ્વારા ટેકો મળે છે. ઓક્ટોબર ૨૦૨૩ના હુમલા પછી ઈઝરાયેલે હમાસ સામે યુદ્ધ શરૂ કર્યું હતું.

હમાસને આતંકવાદી સંગઠન જાહેર કરવાના પ્રશ્ન પર આઈડીએફ આંતરરાષ્ટ્રીય પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ નદવ શોશાનીએ કહ્યું, જો ભારત આવું કરે તો તે સારી વાત રહેશે. ભારત અને ઈઝરાયેલનો દુશ્મન એક જ છે. આપણે કોનો સામનો કરી રહ્યા છીએ તે અંગે સ્પષ્ટ નિવેદન આપવું સારું રહેશે તેવું એક અહેવાલમાં જણાવાયું છે.

ભારત-પેલેસ્ટાઈન સંઘર્ષના બે-રાજ્ય ઉકેલને ભારત હંમેશા ટેકો આપે છે. વધુમાં, ભારત દર વર્ષે પેલેસ્ટાઈનના લોકોને નોંધપાત્ર સહાય પૂરી પાડે છે, પરંતુ આ સહાય ક્યારેય હમાસને ટ્રાન્સફર કરવામાં આવતી નથી. ભારત આ સહાય પશ્ચિમ કાંઠે પેલેસ્ટાઈન ઓથોરિટી દ્વારા અથવા આંતરરાષ્ટ્રીય સહાય સંસ્થાઓ દ્વારા પહોંચાડે છે.

ભારતે શરૂઆતથી જ હમાસની આતંકવાદી પ્રવૃત્તિઓનો સખત વિરોધ કર્યો છે. જ્યારે ઓક્ટોબર ૨૦૨૩માં હુમલો થયો ત્યારે ભારત આ હુમલાની નિંદા કરનારા પ્રથમ દેશોમાંનો એક હતો. વધુમાં, ભારતે ઈઝરાયલ સાથે એકતા વ્યકત કરી અને આતંકવાદ સામેની લડાઈમાં પોતાનો ટેકો જાહેર કર્યો. વધુમાં, ભારતે ઈઝરાયલી નાગરિકોના મૃત્યુમાં પરિણમતા દરેક બર્બર હમાસ હુમલાની નિંદા કરી છે

## એસઆઈઆર મુદ્દે

(પહેલા પાનાનું ચાલુ)

સરકાર દ્વારા સંચાર સાથી એપને મોબાઈલમાં પ્રિ ઈન્સ્ટોલ કરાવવા અને ડીલિટ ન થવા દેવાની નવી કવાયતથી મામલો વધુ બગડ્યો હતો અને વિપક્ષે આ મુદ્દે પણ સરકારને ઘેરવાનું શરુ કરી દીધું હતું.

કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું, દેશમાં ઘણા મોટા મુદ્દાઓ છે. પ્રદૂષણ, એસઆઈઆર, અને આવા બધા મુદ્દાઓ પર ચર્ચા થવી જોઈએ. અમે શરૂઆતથી જ આ કહી રહ્યા છીએ. અમે ગયા સત્રથી ચર્ચાની માંગ કરી રહ્યા છીએ, પરંતુ સરકાર કંઈપણ ચર્ચા કરવા તૈયાર નથી. ગૃહ લોકશાહીનું મંદિર છે, અને લોકશાહીનો અર્થ એ છે કે બધા અવાજ ઉઠાવવા જોઈએ અને દરેકને સાંભળવા જોઈએ.

### આ એસઆઈઆર સામે વિરોધ નથી બિહારમાં હારનો વિલાપ છેઃ ભાજપ

**વિપક્ષને જવાબ આપતા ભાજપના સાંસદ દિનેશ શર્માએ કહ્યું, આ એસઆઈઆર સામે વિરોધ નથી. આ બિહારમાં હારનો વિલાપ છે. આ વિપક્ષનો વિલાપ છે. આ કોંગ્રેસ, આરજેડી અને ટીએમસીનો વિલાપ છે. પહેલા તેમણે બિહાર જીત્યું, અને હવે બંગાળનો વારો છે.**

## ચાંદીના બે વેપારીને

(છેલ્લા પાનાનું ચાલુ)

પણ ત્રણ દિવસ વીતી ગયા બાદ પાછો આપવા નહી આવતા વેપારી દર્શિલભાઈ તેના ઘરે ગયા હતા ત્યાં તાળું જોવા મળ્યું હતું. આ અંગે દર્શીલભાઈએ વેપારી એસોસિએશનમાં જાણ કરી હતી.

તે દરમ્યાન જાણવા મળ્યું કે બંગાળી કારીગર ૨૦મીએ અન્ય એક વેપારી જેમીનભાઈ વિનોદભાઈ સોરઠીયાની પણ ૧૧ લાખની ચાંદી પોલીસકામ માટે લઈ ગયા બાદ કારીગર રેજાઉલ દેખાયો નથી જેથી આ મામલે વેપારીની ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથધરી હતી.

## વેકરિયાને પરત લેવાના

(છેલ્લા પાનાનું ચાલુ)

કરવા જણાવેલ, પરંતુ સંદીપ વેકરીયા તરફથી કોઈ પ્રત્યુતર ના મળતા છેલ્લે બાર એસોએશનને સંદીપ વેકરીયાએ કરેલ આક્ષેપો વિરુદ્ધ તેમને સસ્પેન્ડ કરવાનો નિર્ણય બહુમતીથી કરેલ અને સસ્પેન્ડ કરેલ હતા. દરમિયાન સંદીપ વેકરીયા આખો મામલો બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ઈલેકશન કમિટીમાં લઈ ગયા બાદ સંદીપ વેકરીયાને અને બાર એસો. પ્રમુખ પરેશ મારૂને વર્ચ્યુઅલમાં સાંભળીને રાત્રિના હુકમ કરેલો અને હુકમ મુજબ સંદીપ વેકરીયાને ફરીથી મેમ્બર ગણી આગળની કાર્યવાહી કરવા જણાવેલ હતું. જે હુકમ સ્વીકાર્ય છે. પરંતુ દિલીપ પટેલના જણાવ્યા મુજબ, બાર કાઉન્સિલે નોટિસ આપેલ નથી અને પૂરતો સમય આપેલ નથી, બાર કાઉન્સિલમાં સંદીપ વેકરીયાએ કરેલ પિટિશનની નકલ બાર એસો.ને પૂરી પાડેલ નથી, આ બાબતે બાર એસો. લેખિત જવાબ માંગતું હોય પરંતુ સમય આપેલ નથી, ત્યારે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચુકાદા આદેશ સંદર્ભે રાજકોટ બાર એસોસિએશન કાનૂની સલાહ લઈ રહેલ છે અને જો હાઈકોર્ટમાં જવા સલાહ મળશે તો ચોક્કસ જશું, નહિતર બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચુકાદા અને સહ સ્વીકારી અને પોતાની પેનલ માટે ચૂંટણી માં પ્રચાર શરૂ કરી દેશું તેમ પ્રમુખ પરેશ મારૂ તથા દિલીપ પટેલે જણાવેલ છે.

## અવસાન નોંધ

### ચક્ષુદાન એજ મહાદાન

**રાજકોટઃ મેંદરડા નિવાસી હાલ રાજકોટ શરદચંદ્ર અમૃતલાલ હિરાણી (ઉ.વ.૮૩) તે સ્વ. શાંતિલાલભાઈ, સ્વ.જયસુખભાઈ, જયકાન્ભાઇ (બકુલભાઈ)ના ભાઈ, વિપુલભાઈ, કાશ્મીરાબેન, નિશાબેનના પિતા, તે જીજ્ઞાબેનના સસરા, રક્ષિત તથા શ્રુતિના દાદા, પોપટલાલ લાલચંદ વેદના જમાઈનું અવસાન થયું છે. તેમનું ઉઠમણું તા. ૨/૧૨ મંગળવારના રોજ સવારે વીતરાગ નેમીનાથ જૈન ઉપાશ્રય ગાંધીગ્રામ ખાતે સવારે ૧૦:૦૦ કલાકે અને પ્રાર્થના સભા ૧૧.૦૦ કલાકે રાખેલ છે. સદ્ગતનું ચક્ષુદાન કરેલ છે.**

**રાજકોટઃ જયંતિભાઈ ધીરૂભાઈ મકવાણા (ઉ.વ. ૬૩) તે દિલીપભાઈના મોટાભાઈ તથા આશિષભાઈના મોટા પપ્પાનું તા. ૧-૧૨ના રોજ અવસાન થયું છે. તેમનું બેસણું તા. ૪-૧૨ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ તેમના નિવાસસ્થાન પાસે કષ્ટભંજન હનુમાનજી મંદિર, ન્યુ રાજદીપ સોસાયટી, શેરી નં. ૩, ૪૦ ફુટ રોડ, ૧૫૦ ફુટ રીંગ રોડ, મવડી રાજકોટ ખાતે રાખેલ છે.**

**રાજકોટઃ હીરાલાલ ઠકરાર (ઉ.વ. ૯૪, લંડન નિવાસી) તે સ્વ. જગજીવન વિઠ્ઠલજી ઠકરાર (જૂના જનસંઘી)ના પુત્ર તે સ્વ. શારદાબેનના પતિ, ગુણવંતીબેન, રસીલાબેન માણેક, મીનાબેન ખંધેડીયા (ભાવનગર), હંસાબેન ઉનડકટ(પુના) અને કાંતિલાલ ઠકરાર (એસ.ટી.વાળા)ના મોટાભાઈ તે શૈલેષ, ઉપેન અને નિરાના પિતાશ્રી તે ઈશાની ઉનડકટ (જૂનાગઢ), શિવાની દતાણી (લંડન)ના અદાનું તા. ૨૬-૧૧ના અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તા. ૫-૧૨ના રોજ બીલનાથ મંદિર, એગ્રી. યુનિવર્સિટી સામે, જૂનાગઢ ખાતે સાંજે ૪-૩૦થી ૬-૦૦ કલાક દરમ્યાન રાખેલ છે.**

### પ્રજ્ઞાબેન પંચમિયાનું અવસાનઃ ગુરૂવારે ઉઠમણું



**રાજકોટઃ ગોંડલ નિવાસી હાલ રાજકોટ સ્વ. જયસુખલાલ વારાણશી પંચમીયાનાં પુત્રવધુ પ્રજ્ઞાબેન(ઉ.વ.૬૫) તે નિલેશભાઈના ધર્મપત્ની તેમજ રચના ભાવિનકુમાર શેઠના માતુશ્રી, તે વડાલ નિવાસી સ્વ.શાંતિલાલ વલ્લભજી સંઘવીના પુત્રી તે પરેશભાઈ તથા કેતનભાઇના ભાભી તેમજ વિનોદરાય, કમલેશભાઈ, દેવેન્દ્રભાઈના બેન, ભાવીનકુમાર રમેશચંદ્ર શેઠના સાસુનું તા.૧ને સોમવારના અવસાન થયેલ છે. સ્મશાન યાત્રા આવતીકાલે તા.૩ને બુધવારે સવારે ૯ કલાકે યોગીરાજ એપાર્ટમેન્ટ-ઈ, મહાવીરનગરની બાજુમાં, નિર્મલા કોન્વેન્ટ સ્કૂલ પાછળ, રાજકોટ ખાતે તેમના નિવાસ સ્થાનેથી નિકળશે.સદ્ગતનું ઉઠમણું તા.૪ને ગુરૂવારે સવારે ૧૦:૩૦ કલાકે તથા પ્રાર્થના સભા ૧૧ કલાકે, રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, જી.ટી.શેઠ હાઈસ્કુલની પાછળ, કેકેવી હોલ ચોક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે. સદ્ગતએ ચક્ષુદાન કર્યું છે.**

# શું રોહિંગ્યાઓ માટે રેડ કાર્પેટ બિછાવવી?: સુપ્રીમ કોર્ટ ભડકી

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

પોલીસ કસ્ટડીમાં રહેલા પાંચ રોહિંગ્યા શરણાર્થીઓ અચાનક ગુમ થઈ ગયા છે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી, જેને ફગાવી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે અરજદારને ઠપકો આપ્યો હતો અને કેન્દ્ર સરકારને નોટિસ આપવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે તમે જાણો છો કે તેઓ (રોહિંગ્યા) ઘુસણખોર છે. આપણી ઉત્તરીય સરહદ ખૂબ જ સંવેદનશીલ છે. દેશમાં શું થઈ રહ્યું છે તે તમે સારી રીતે જાણો છો. આમ છતાં, જો કોઈ ગેરકાયદેસર રીતે દેશમાં આવે છે, તો શું તમે ઈચ્છો છો કે અમે તેમના માટે લાલ જાજમ પાથરીએ?

રોહિંગ્યા શરણાર્થીઓ પર ૧૬ ડિસેમ્બરે સુનાવણી થવાની છે. દરમિયાન, સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં ૧૬ ડિસેમ્બરે ગુમ થયેલા પાંચ રોહિંગ્યા શરણાર્થીઓના કેસની સુનાવણીની માંગ કરવામાં આવી હતી. અરજદારે સુપ્રીમ કોર્ટને કેન્દ્ર સરકારને જવાબ માંગતી નોટિસ આપવા અપીલ કરી હતી, પરંતુ કોર્ટે અરજીને સીધી રીતે ફગાવી દીધી હતી.

## તમિલનાડુમાં સાયક્લોનની

(પહેલા પાનાનું ચાલુ)

કારણે ભારતે ઓપરેશન સાગર બંધુ હેઠળ શ્રીલંકામાં રાહત પુરવઠો મોકલ્યો છે. શ્રીલંકામાં અત્યાર સુધીમાં ૩૩૪ લોકોનાં મોત થયા છે.ચક્રવાત દિત્વાહને ધ્યાનમાં રાખીને ભારે વરસાદની આગાહીને પગલે, તમિલનાડુના ત્રણ જિલ્લાઓઃ ચેન્નાઈ, તિરુવલ્લુર અને કાંચીપુરમમાં શાળાઓ અને કોલેજો બંધ રાખવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારે વરસાદ અને પૂરની શક્યતા વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે.લોકોને સાવચેતી રાખવા, બિનજરૂરી મુસાફરી ટાળવા અને રાજ્ય સરકાર અને આપત્તિ વ્યવસ્થાપન એજન્સીઓ દ્વારા જારી કરાયેલી વધુ સલાહનું પાલન કરવાની વિનંતી કરવામાં આવી છે. તમિલનાડુના આપત્તિ વ્યવસ્થાપન મંત્રી કે.કે.એસ.એસ.આર. રામચંદ્રને જણાવ્યું હતું કે રાજ્યમાં અત્યાર સુધીમાં ત્રણ લોકોના મોત થયા છે.

## જાસુસીનો હોબાળો

(પહેલા પાનાનું ચાલુ)

આ નિર્દેશ ગેરબંધારણીય છે. ગોપનીયતાનો અધિકાર બંધારણના અનુચ્છેદ ૨૧ માં સમાવિષ્ટ જીવન અને સ્વતંત્રતાના મૂળભૂત અધિકારનો એક અભિન્ન ભાગ છે. એક પ્રી-લોડેડ સરકારી એપ્લિકેશન, જેને અનઈન્સ્ટોલ કરી શકાતી નથી, તે દરેક ભારતીય પર એક ભયંકર સર્વેલન્સ મશીન છે. તે દરેક નાગરિકની દરેક પ્રવૃત્તિ, વાતચીત અને નિર્ણય પર નજર રાખવાનું સાધન છે. આ ભારતીય નાગરિકોના બંધારણીય અધિકારો પરના હુમલાનો એક ભાગ છે. આ નિર્દેશ ચાલુ રહેવા દેવામાં આવશે નહીં. અમે આ નિર્દેશને નકારી કાઢીએ છીએ અને તેને તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરીએ છીએ.

## રાજકોટના મનપાના

(છેલ્લા પાનાનુ ચાલુ)

કરવામાં આવ્યું છે. જ્યારે પ્રાણીઓ માટેનું નાઈટ શેલ્ટર, જીએસઆર, એન્ટ્રન્સ પ્લાઝા સહિતનું કામ હજુ ચાલી રહ્યું છે.

વિશાળ એશિયાટિક લાયન સફારી પાર્કમાં લોકેશન ટ્રેસ કરવા માટે ઈન્ટર કનેક્ટેડ રોડ બનશે. લાયન સફારી પાર્કમાં વિશાળ પાર્કિંગ વ્યવસ્થા, રેસ્ટીંગ શેડ, બાળકો માટેનું પ્લે ગ્રાઉન્ડ, ફૂડ કોર્ટ સહિતની સુવિધા પણ ઉભી કરવામાં આવશે. હાલ સાસણ ગીરમાં જે પ્રકારે સિંહદર્શન થાય છે તે પ્રકારે રાજકોટમાં સિંહ દર્શન કરી શકાશે.

## સેક્રેટરી વેકરીયાના

(છેલ્લા પાનાનુ ચાલુ)

મેળવવા અરજી કરી હતી છતાં નકલો પૂરી પાડવામાં આવી ન હતી. એટલું જ નહીં સભ્યપદ રદ કરવાનો નિર્ણય કરતા પહેલા તેને સ્પષ્ટીકરણની કે રૂબરૂ રજૂઆતની તક પણ આપવામાં આવી ન હતી. પોતાનું નામ મતદાર યાદીમાં હોવા છતાં ઉમેદવારી કરી ન શકે તે માટે સસ્પેન્શનનો નિર્ણય લેવામાં આવ્યો હતો, તેમ જણાવ્યું હતું.

જે સામે રાજકોટ બારના પ્રમુખ પરેશ મારુ એ રજૂઆતમાં જણાવ્યું હતું કે અરજદારને ખુલાસો કરવા તેણે માગેલી નકલો તૈયાર હોવા છતાં અરજદારે નકલો મેળવી ન હતી તેમજ નોટિસ નો જવાબ આપ્યો ન હતો. સંદીપ વેકરીયાએ એસોસિયેશન સામે પાયાવિહીન આક્ષેપો કર્યા હોવાને કારણે તેમજ તેમને જવાબ આપવા હાજર થવાની તક આપવામાં આવી હોવા છતાં તેઓ હાજર રહ્યા ન હતા. આથી તારીખ ૨૯/ ૧૧ ના તેમનું સભ્યપદ રદ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.બંને પક્ષની રજૂઆતો બાદ ૧૨ કાઉન્સિલ ઓફ ગુજરાતની કમિટી દ્વારા અરજદાર સંદિપ વેકરીયાનું સભ્યપદ રદ કરવાના બાર એસોસિએશનના નિર્ણયને ઈલેકશન કમિટી ગેરકાયદે હોવાનું ગણાવી તા. ૨૪/ ૧૧ ની બાર એસો.ની પ્રકાશિત થયેલી મતદારયાદીમાં નામ સામેલ હતું તે પ્રમાણે પુનઃ સામેલ કરવાનો અને તેઓને ચૂંટણી લડવાપાત્ર ગણાશે તેવો હુકમ કર્યો હતો.

## મહાપાલિકાના ૧૦૦૦થી

(છેલ્લા પાનાનું ચાલુ)

કર્મચારીઓના મદદનીશ બીએલઓ તરીકે હુકમ થયા છે.

સૂત્રોએ ઉમેર્યું હતું કે, એસઆઈઆરની કામગીરી મુદ્દત તો આગામી સપ્તાહમાં પૂર્ણ થશે પરંતુ અનેક કર્મચારીઓના ફેબ્રુઆરી સુધી ફરજ બજાવવાના ઓર્ડર થયા હોય મુશ્કેલ સ્થિતિનું નિર્માણ થયું છે. સુપરવાઈઝર, મુકાદમ, જુનિયર કલાર્ક, સિનિયર કલાર્ક, હેડ કલાર્ક, ઈન્સ્પેકટર સહિતનો સ્ટાફ હાલ એસઆઈઆરની કામગીરીમાં જતા સૌથી વધુ મહેકમ ધરાવતી મહાપાલિકા કચેરી ખાલીખમ થઈ ગઈ છે. કમિશનર બ્રાન્ચ અને સેક્રેટરી બ્રાન્ચ સિવાય કોઈ એવી બ્રાન્ચ બાકી રહી નથી કે જેના સ્ટાફના એસઆઈઆર માટે ઓર્ડર થયા ન હોય તે વાસ્તવિકતા છે. ખાસ કરીને ડેપ્યુટી કમિશનર કે આસિસ્ટન્ટ કમિશનર કક્ષાના ઉચ્ચ અધિકારીઓ કે બ્રાન્ચ હેડ સાથે પરામર્શ કર્યા વિના જ ધડાધડ ઓર્ડર થઈ રહ્યા હોય મહાપાલિકા તંત્રની રોજિંદી કામગીરીમાં અનેક વિક્ષેપો સર્જાવા લાગ્યા છે.

# પાકિસ્તાન અને અફઘાન વચ્ચે વાટાઘાટો પડી ભાંગીઃ ગમે ત્યારે યુદ્ધ ફાટી નીકળવાના એંધાણ

## સાઉદી અરેબિયામાં તાલિબાન અને પાકિસ્તાન વચ્ચેની ચર્ચા અનિર્ણિત રહેતા પરિસ્થિતિ વણસવાની ભીતિ

આજકાલ પ્રતિનિધિ
કાબુલ

સાઉદી અરેબિયામાં તાલિબાન અને પાકિસ્તાન વચ્ચે તાજેતરની વાટાઘાટો પણ અનિર્ણિત રહી છે. અફઘાનિસ્તાન આંતરરાષ્ટ્રીય સૂત્રોના જણાવ્યા અનુસાર, તાલિબાનનું એક પ્રતિનિધિમંડળ પાકિસ્તાની અધિકારીઓ સાથે વાતચીત કરવા માટે સાઉદી અરેબિયા ગયું હતું, પરંતુ તેમાંથી કંઈ નક્કર પરિણામ આવ્યું નથી. આ ત્રીજી વખત છે જ્યારે બંને પક્ષો વચ્ચેની વાટાઘાટો બિનઅસરકારક સાબિત થઈ છે.

સાઉદી અરેબિયાએ અગાઉ તાલિબાન અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી કરવાની તૈયારી જાહેર કરી હતી.જોકે, આ બેઠક અંગે તાલિબાન તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર ટિપ્પણી કરવામાં આવી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, તાલિબાન પ્રતિનિધિમંડળમાં નાયબ ગૃહમંત્રી રહમતુલ્લાહ નજીબ, વિદેશ મંત્રાલયના પ્રવકતા અબ્દુલ કહાર બલ્ખી અને તાલિબાન વહીવટના વરિષ્ઠ સભ્ય અનસ હક્કાનીનો સમાવેશ થાય છે.

સાઉદી અરેબિયામાં આ બેઠક ઈસ્તંબુલમાં યોજાયેલી બીજા અને ત્રીજા રાઉન્ડની વાટાઘાટો પછી યોજવામાં આવી હતી. ઈસ્તંબુલમાં થયેલી વાટાઘાટો પણ કોઈ પરિણામ લાવી શકી નથી.

### સાઉદીની મધ્યસ્થી મહત્વપૂર્ણ હતી

**સાઉદી અરેબિયા દ્વારા મધ્યસ્થી કરાયેલી આ બેઠક મહત્વપૂર્ણ હતી, કારણ કે તેનાથી બંને પક્ષો વચ્ચે વાતચીત પ્રક્રિયા આગળ વધવાની આશા હતી. જો કે, વારંવાર નિષ્ફળતાઓએ બંને દેશો વચ્ચે વિશ્વાસના સ્તર પર પ્રશ્નો ઉભા કર્યા છે. નિષ્ણાતો માને છે કે પાકિસ્તાન અને તાલિબાન વચ્ચેની વાટાઘાટોની નિષ્ફળતા પ્રાદેશિક સ્થિરતા અને અફઘાનિસ્તાનમાં સુરક્ષા પરિસ્થિતિને અસર કરી શકે છે. વધુમાં, આંતરરાષ્ટ્રીય સમુદાય આ વાટાઘાટોના પરિણામ પર નજીકથી નજર રાખી રહ્યું છે.**

કતાર અને તુર્કીએ અગાઉ મધ્યસ્થી વાટાઘાટોના ત્રણ રાઉન્ડનું આયોજન કર્યું હતું. આ ત્રણ રાઉન્ડમાંથી પહેલો રાઉન્ડ દોહામાં યોજાયો હતો, જ્યાં બંને પક્ષો તાત્કાલિક યુદ્ધવિરામ માટે સંમત થયા હતા.તાલિબાન પ્રવકતા ઝબીહુલ્લાહ મુજાહિદે લખ્યું હતું કે ઈસ્તંબુલ વાટાઘાટોનું કોઈ પરિણામ આવ્યું નથી. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓ અને સૈન્યના કેટલાક વર્ગો વાટાઘાટોમાં અવરોધ ઉભો કરી રહ્યા છે અને સંબંધોમાં તણાવ લાવવાના બહાના બનાવી રહ્યા છે.


## દુઃખદ અવસાન બેસણું



દિલગીરી સાથ જણાવવાનું કે, **કંચનબેન ચુનિભાઈ કુંડારીયા** (ઉ.વ.૬૪) ચુનિભાઈ કલ્યાણજીભાઈ કુંડારીયાના ધર્મપત્ની જે સંવંત ૨૦૮૨ માગસર સુદ-૧૦ તા.૩૦-૧૧-૨૦૨૫, રવિવાર ના રોજ દેવલોક પામેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

### સ્વ. કંચનબેન ચુનિભાઈ કુંડારીયા

સ્વ.તા.૩૦/૧૧/૨૦૨૫, (ઉ.વ.૬૪) રવિવાર, મુ.નીચી માંડલ, હાલ.મોરબી

-ઃ સદ્ગતનું બેસણું ઃ-

ઃ મોરબી ઃ
**તારીખ ઃ** ૦૪/૧૨/૨૦૨૫ ગુરૂવારે
**સમય ઃ** સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ કલાકે
**સ્થળ ઃ** જય દ્વારકાધીશ હોલ-૨, કસ્તુરી ગ્રીનની બાજુમાં, એસ.પી.રોડ, મોરબી ખાતે રાખેલ છે.

ઃ નીચી માંડલ ઃ
**તારીખ ઃ** ૦૪/૧૨/૨૦૨૫ ગુરૂવારે
**સમય ઃ** સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે
**સ્થળ ઃ** ચાંમુડા માતાજીના મંદિર, નીચી માંડલ ખાતે રાખેલ છે.

નોંધ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

લી.
**સ્વ.કરમશીભાઈ કલ્યાણજીભાઈ કુંડારીયા**
**મોહનભાઈ કલ્યાણજીભાઈ કુંડારીયા** (પૂર્વ સાંસદ સભ્ય - રાજકોટ) | **ચુનિભાઈ કલ્યાણજીભાઈ કુંડારીયા**
**વાલજીભાઈ કલ્યાણજીભાઈ કુંડારીયા**
**હરજીવનભાઈ કલ્યાણજીભાઈ કુંડારીયા** | **સંકેત ચુનિભાઈ કુંડારીયા**
**અતુલ ચુનિભાઈ કુંડારીયા** | **દર્શન ચુનિભાઈ કુંડારીયા**
**તથા કુંડારીયા પરિવારના જયશ્રી કૃષ્ણ**

નોંધ... પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**સ્વ.લાલજીભાઈ મકનભાઈ ભીમાણી** | **સ્વ.બાબુભાઈ મકનભાઈ ભીમાણી**
**છગનભાઈ મકનભાઈ ભીમાણી** | **ભવાનભાઈ મકનભાઈ ભીમાણી**

# ઋષભ શેટ્ટીની મનાઈ છતાં રણવીરે કરી ભૂલ જૂતા પહેરી ‘કંતારા’નો ‘દૈવી’ અભિનય કર્યો



‘ધૂરંધર’ અભિનેતા રણવીર સિંહ આ દિવસોમાં તેની ફિલ્મ માટે ચાહકોમાં સમાચારમાં છે. તે તેનું જોરશોરથી પ્રમોશન કરી રહ્યો છે. જોકે, ફિલ્મ રિલીઝ થાય તે પહેલાં જ, રણવીર પોતાની સ્પષ્ટવક્તાને કારણે વિવાદમાં ફસાઈ ગયો છે. તાજેતરમાં, રણવીર એક ફિલ્મ કાર્યક્રમ માટે ગોવામાં હતો, જ્યાં તેણે એક શાનદાર સ્ટેજ એન્ટ્રી કરી, જેનાથી ચાહકોનો ઉત્સાહ વધ્યો. જોકે, તે જ કાર્યક્રમ દરમિયાન, અભિનેતાએ એક મોટી ભૂલ કરી. રણવીરે ફિલ્મ ‘કંતારા’ના દૈવી દ્રશ્યને સ્ટેજ પર ભજવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે નિષ્ફળ ગયો, અને તેને ભારે ટ્રોલ કરવામાં આવ્યો.

રણવીર સિંહે ‘કંતારા’ અભિનેતા ઋષભ શેટ્ટીની સામે આ બધું કર્યું, જેનાથી લોકો વધુ ગુસ્સે થયા. પરંતુ હવે, આ વિવાદે એક નવો વળાંક લીધો છે, જેમાં ખુલાસો થયો છે કે ઋષભ શેટ્ટીએ રણવીરને આવું કરવાની મનાઈ ફરમાવી હતી. રણવીર જ્યારે રજનીકાંત અને ઋષભને મળવા માટે સ્ટેજ પરથી નીચે આવ્યો ત્યારે તેણે ખરેખર દૈવી જેવું વર્તન કરવાનું શરૂ કર્યું હતું. રણવીરને આવું કરતા જોઈને, ઋષભ હસ્યો અને તેને ના કરવા કહ્યું.

## ‘ધૂરંધર’ અભિનેતા વિરુદ્ધ ફરિયાદ

‘કાંતારા’ અભિનેતા ઋષભ શેટ્ટી દ્વારા કહેવા છતાં, રણવીર પોતાની ઉચ્ચ ઉર્જામાં ડૂબી ગયો અને દ્રશ્ય ફરીથી બનાવવા માટે સ્ટેજ પર ગયો. રણવીરને આવું કરતા જોઈને લોકો ગુસ્સે થઈ ગયા અને તેને ટ્રોલ કરવાનું શરૂ કર્યું. ઘણા લોકો નારાજ થયા કે તેણે પોતાના જૂતા પણ કાઢ્યા નહીં. રણવીરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ લોકોએ તેને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું. ઘણા લોકોએ સમજાવવાનો પ્રયાસ કર્યો કે દેવી કોઈ પાત્ર નથી, પરંતુ એક માન્યતા છે જેને હળવાશથી ન લેવી જોઈએ. કેટલાક વપરાશકર્તાઓએ રણવીરને આવી પરંપરાઓ અને માન્યતાઓનો આદર કરવાનું શીખવાની સલાહ આપી. ઘણા લોકો એ પણ મૂંઝવણમાં હતા કે ઋષભના ઈનકાર છતાં રણવીરે આ કૃત્ય કેમ કર્યું. ટ્રોલ્સ પછી, ‘ધુરંધર’ અભિનેતાને હવે કાયદાનો સામનો કરવો પડશે. રણવીર સિંહના દૈવી કૃત્યથી ગુસ્સે થઈને, પ્રમોદ તુયેકર અને દિલીપ શેટ્યેએ પણજી પોલીસ સ્ટેશનના સબ-ઈન્સ્પેક્ટર સાહિન શેટ્યેને એક મેમોરેન્ડમ સુપરત કર્યું. તેમણે વિનંતી કરી કે હિન્દુ ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના આરોપમાં ભારતીય દંડ સંહિતા હેઠળ કેસ નોંધવામાં આવે.




# ‘ધૂરંધર’ વિવાદમાં, મેજર મોહિત શર્માના ભાઈ ફિલ્મથી નારાજ..!

## પરિવારજનોની દિલ્હી હાઈકોર્ટમાં ફિલ્મ પર રોક લગાવવા માટે અરજી

રણવીરસિંહ અભિનીત ફિલ્મ ધુરંધર વિવાદમાં ફસાઈ ગઈ છે. મેજર મોહિત શર્માના માતા-પિતાએ દિલ્હી હાઈકોર્ટમાં ફિલ્મ પર રોક લગાવવા માટે અરજી દાખલ કરી છે. તેમનો દાવો છે કે આ ફિલ્મ મેજર શર્માના જીવનના મહત્વપૂર્ણ ભાગોને તેમની પરવાનગી વિના દર્શાવવામાં આવી છે. દરમિયાન, દિગ્દર્શક આદિત્ય ધરે એક ડિસ્ક્લેમર જારી કરીને જણાવ્યું છે કે આ ફિલ્મ મેજર મોહિત શર્મા વિશે નથી. હવે, મોહિતના ભાઈ, મધુર શર્મા, ઈચ્છે છે કે નિર્માતાઓ તેમના પરિવાર સાથે આ બાબત સ્પષ્ટ કરે, કારણ કે સોશિયલ મીડિયા પર અફવાઓ ફેલાઈ રહી છે કે રણવીરનું પાત્ર મોહિતથી પ્રેરિત છે. આ તેના માતાપિતાને નારાજ કરી રહ્યું છે.



